અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

18 JANUARY-2026 SUNDAY | Vol. : 17 | Issue : 197 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3

પંજાબના ધુમ્મસમાં ગુજરાતનો પરિવાર હોમાયો : ડિયોદરની લેડી કોન્સ્ટેબલ સહિત 5નાં અકસ્માતમાં મોત

4

ભગવાનમાં અતૂટ,અનન્ય અને અત્યંત ઊંડી પ્રીતિ,જેમાં ભક્તની વૃત્તિ સંપૂર્ણપણે ઈશ્વરમાં જ લીન થઈ જાય તે પરાભક્તિ

6

પ્રભાસ-તૃપ્તિની 'સ્પિરિટ'ની રિલીઝ ડેટ જાહેર

7


ટોલ નાકા પર હવે રોકડા નહીં ચાલે : ફાસ્ટેગ-UPIથી ચુકવણી કરવી ફરજિયાત


## NEWS BRIEF

### ફ્લાઈટથી અડધા ભાડામાં લક્ઝરી સફર

#### PHOTOS:CCTVથી લઈ ઓટોમેટિક દરવાજા સુધીની સુવિધા, મોદીએ દેશની પહેલી સ્લીપર વંદે ભારતનું ઉદ્ઘાટન કર્યુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે શનિવારે પશ્ચિમ બંગાળના માલદા ટાઉનથી દેશની પ્રથમ વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી હતી. વંદે ભારત સ્લીપરની મહત્તમ સ્પીડ 180 kmph છે. એ પશ્ચિમ બંગાળના હાવડાથી ગુવાહાટી (કામાખ્યા) વચ્ચેનું 958 કિલોમીટરનું અંતર માત્ર 14 કલાકમાં કાપશે. ટ્રેનની કુલ મુસાફર ક્ષમતા 1128 છે. એના 16 કોચમાંથી 11 એસી-3 ટાયર કોચ, ચાર એસી-2 ટાયર કોચ અને એક ફર્સ્ટ એસી કોચ છે. સ્લીપર ટ્રેનના થર્ડ એસીનું ભાડું 2,300 નક્કી કરવામાં આવ્યું છે. સેકન્ડ એસીનું ભાડું 3,000 હશે. ફર્સ્ટ એસીનું ભાડું આશરે 3,600 છે. PMએ પ.બંગાળમાં પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી આપી:ટ્રેનના ડ્રાઈવરને મળ્યા, બાળકો સાથે વાત કરી; ટ્રેન હાવડાથી ગુવાહાટી સુધી દોડશે, ટ્રેનમાં કવચ સેફ્ટી સિસ્ટમ, મોડર્ન ટોઈલેટ, મોડર્ન પેન્ટ્રીની સાથે આરામદાયક કુશનિંગ કરવામાં આવ્યું છે. સ્લીપર કોચ સાથે વંદે ભારતની બહારની ડિઝાઈન, લાંબા અંતરની મુસાફરીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. સ્લીપર કોચ સાથે વંદે ભારતની બહારની ડિઝાઈન, લાંબા અંતરની મુસાફરીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. સેમી-પર્મેનન્ટ કપલર્સ અને એન્ટી-ક્લાઈમ્બર્સ સાથે ટ્રેનને ટક્કર દરમિયાન વધુ સુરક્ષિત બનાવવામાં આવી છે.

### યોગીએ કહ્યું-અહલ્યાબાઈની તૂટેલી મૂર્તિનો વીડિયો AI-જનરેટેડ

આદ્યશક્તિ મા અંબાનું પ્રાગટ્ય પર્વ, એટલે કે પોષી પૂનમકાશીમાં મણિકર્ણિકા ઘાટ પર રાણી અહિલ્યાબાઈની મૂર્તિ તૂટવાના વિવાદ પર સીએમ યોગીએ શનિવારે આ માટે કોંગ્રેસને દોષી ઠેરવી. તેમણે કહ્યું- રાણીની મૂર્તિ સુરક્ષિત રાખવામાં આવી છે. કોંગ્રેસે AIથી મૂર્તિ તૂટવાનો વીડિયો બનાવ્યો. આ કાશીને બદનામ કરવાનું ષડયંત્ર છે, તેથી મારે પોતે અહીં આવવું પડ્યું. ષડયંત્રનો પર્દાફાશ થવો જોઈએ. સીએમએ કહ્યું- મંદિર તોડવામાં આવ્યા છે, આનાથી મોટું જૂઠું હોઈ શકે નહીં. અહિલ્યાબાઈ હોલ્કરની પ્રતિમાને સંરક્ષિત કરવામાં આવી છે. જ્યારે જીર્ણોદ્ધારનું કામ પૂરું થઈ જશે, ત્યારે પ્રતિમા નવી રીતે દેખાશે. કોંગ્રેસ મંદિર તોડવાના AI વીડિયોથી જનતાને ગેરમાર્ગે દોરી રહી છે, આ ગુનો છે. સીએમએ કહ્યું- અહિલ્યાબાઈનું કોંગ્રેસે સન્માન કર્યું નથી. તેમના નેતાઓની ટિપ્પણી પર હસવું અને દયા આવે છે. આ એવું જ છે, જેમ કે 100 ઉંદર ખાઈને બિલાડી હજ કરવા ચાલી. હું AIથી તસવીર બનાવનારાઓને ચેતવણી આપું છું, આને સ્વીકારવામાં આવશે નહીં. ખરેખર, 10 જાન્યુઆરીના રોજ ઈન્દોરના હોલ્કર ટ્રસ્ટે દાવો કર્યો હતો કે મણિકર્ણિકા ઘાટ પર દેવી અહિલ્યાબાઈ હોલ્કરની મૂર્તિ તોડી પાડવામાં આવી હતી. ઘણા ધાર્મિક પ્રતીકોને પણ નુકસાન થયું હતું. કેટલીક મૂર્તિઓ તૂટીને કાટમાળમાં દબાઈ ગઈ હતી. આ પછી કેટલીક તસવીરો પણ સામે આવી હતી. ત્યારે, વારાણસીના DMએ આને AI જનરેટેડ ગણાવી હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી, અખિલેશ યાદવે પણ આ માટે ભાજપને જવાબદાર ઠેરવી હતી. હાલમાં, મણિકર્ણિકા ઘાટ પર નવા નિર્માણનું કામ હાલ પૂરતું અટકાવવામાં આવ્યું છે. કોંગ્રેસ AI વીડિયોનો ઉપયોગ કરીને મંદિર તોડી પાડવાનો પ્રચાર કરી રહી છે અહલ્યાબાઈ હોલકરની પ્રતિમા સાચવવામાં આવી છે. જ્યારે તે પૂર્ણ થશે, ત્યારે તે નવી દેખાશે. કોંગ્રેસ AIનો ઉપયોગ પ્રચાર ફેલાવવા માટે કરી રહી છે, જે એક ગુનો છે. મંદિર તોડી પાડવાનો પ્રચાર ફેલાવવા માટે AIનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પરંતુ આ લોકો આ પ્રોજેક્ટને બદનામ કરવા માટે સતત પ્રચાર ફેલાવી રહ્યા છે. કોંગ્રેસ અને તેના સાથીઓ, જેઓ આપણા દેશના વારસાને બદનામ કરી રહ્યા છે.

## તેમને વસાવીને ગરીબોના અધિકારો છીનવી રહી છે; ભાજપ તેમને દેશમાંથી કાઢી મુકશે

# મોદીએ કહ્યું-TMC ઘુસણખોરોને મતદાર બનાવી રહી છે

**પશ્ચિમ બંગાળ, તા.17**

પશ્ચિમ બંગાળના માલદામાં શનિવારે પીએમ મોદીએ કહ્યું કે બંગાળ સામે ઘૂસણખોરીનો એક મોટો પડકાર છે. બંગાળના ઘણા વિસ્તારોમાં વસ્તીનું બેલેન્સ બગડી રહ્યું છે. ટીએમસી ઘૂસણખોરોને મતદાર બનાવી રહી છે. ગરીબોનો હક છીનવાઈ રહ્યો છે. ભાજપ સરકાર બનતા જ ઘૂસણખોરો સામે કાર્યવાહી કરવામાં આવશે. આયુષ્માન ભારત યોજના પર વાત કરતા પીએમએ કહ્યું કે, ટીએમસીના લોકોને તમારી તકલીફની કોઈ ચિંતા નથી. અહીં આયુષ્માન યોજના લાગુ થવા દેવામાં આવી નથી. આવી પથ્થર દિલ સરકારની બંગાળમાંથી વિદાય જરૂરી છે. શનિવારે, વડાપ્રધાન મોદીએ પશ્ચિમ બંગાળના માલદામાં ભારતની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનનું ઉદ્ઘાટન કર્યું. તેમણે ટ્રેનને લીલી ઝંડી આપીને રવાના કરી હતી. પૂર્વી ભારતના લોકોનો વિશ્વાસ ભાજપના નામે: આપણો દેશ 2047 સુધીમાં વિકસિત થવા પર કામ કરી રહ્યો છે. તેથી પૂર્વી ભારતનો વિકાસ થવો જરૂરી છે. પૂર્વી ભારતને દાયકાઓ સુધી નફરત કરનારાઓએ જકડી રાખ્યું હતું. ભાજપે નફરતની રાજનીતિ કરનારાઓથી પૂર્વી ભારતને મુક્ત કર્યું છે. પૂર્વી ભારતના લોકોનો વિશ્વાસ ભાજપના નામે છે. તેમનો વિશ્વાસ ભાજપની સાથે છે. પથ્થરદિલ સરકારની બંગાળથી વિદાય જરૂરી: ટીએમસીવાળાઓને તમારી તકલીફની કોઈ ચિંતા નથી. તેઓ પોતાની તિજોરી ભરવામાં વ્યસ્ત છે.



### પથ્થરદિલ સરકારની બંગાળથી વિદાય જરૂરી

ટીએમસીવાળાઓને તમારી તકલીફની કોઈ ચિંતા નથી. તેઓ પોતાની તિજોરી ભરવામાં વ્યસ્ત છે. હું ઈચ્છું છું કે દેશની જેમ બંગાળના ગરીબોને 5 લાખની મફત સારવાર મળે, અહીં આયુષ્માન ભારત યોજના લાગુ થાય. બંગાળ દેશનું એકમાત્ર એવું રાજ્ય છે. અહીં આ યોજના લાગુ થવા દેવામાં આવી નથી. આવી પથ્થરદિલ સરકાર, આવી નિર્મમ સરકારની બંગાળથી વિદાય જરૂરી છે.

## મહારાષ્ટ્ર ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો : 25 કોર્પોરેશન પર મહાયુતિનો કબજો

### BJP+ એ 118 સીટ જીતીને ઉદ્ધવ પાસેથી BMC છીનવી

**મહારાષ્ટ્ર, તા.17**

મહારાષ્ટ્રની નગરપાલિકા ચૂંટણીમાં ભાજપ અને તેના ગઠબંધન પક્ષોએ એકતરફી જીત મેળવી છે. રાજ્ય ચૂંટણી કમિશનરના જણાવ્યા અનુસાર, 29 નગરપાલિકાઓની તમામ 2,869 બેઠકોના પરિણામો આવી ગયા છે. આ ચૂંટણીમાં ભાજપે 1425 બેઠકો જીતી છે. એકનાથ શિંદેની શિવસેનાને 399 અને અજિત પવારની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (NCP)ને 167 બેઠકો પર જીત મળી. મુંબઈની બૃહન્મુંબઈ નગરપાલિકા (BMC)માં 227 વોર્ડના પરિણામો પણ શુક્રવારે મોડી રાત્રે જાહેર કરવામાં આવ્યા. જેમાં ભાજપે 89,



શિવસેનાએ 29, કોંગ્રેસે 24, શિવસેના (UBT)એ 65 અને MNSએ 6 બેઠકો જીતી છે. AIMIMને 8, NCPને 3, સમાજવાદી પાર્ટીને 2 અને NCP (SP)ને માત્ર એક બેઠક મળી. આ ઉપરાંત નાગપુર, પુણે, થાણે, નવી મુંબઈ, પિંપરી ચિંચવડ અને નાસિકમાં પણ ભાજપ ગઠબંધનને જ જીત મળી છે. મુંબઈમાં પહેલી વખત ભાજપના મેયર બની શકે, મુંબઈના ઈતિહાસમાં પહેલી વાર ભાજપના મેયર હોઈ શકે છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ચૂંટણી પરિણામોમાં, ભાજપ ગઠબંધને 227 બેઠકોમાંથી 118 બેઠકો જીતી હતી. તેમાંથી, ભાજપે 89 બેઠકો જીતી હતી, જ્યારે શિવસેના (શિંદે) એ 29 બેઠકો જીતી હતી. મુંબઈને આખરે ચાર વર્ષ પછી મેયર મળવાનો છે. મુંબઈના મેયર પદ સંભાળનાર છેલ્લી વ્યક્તિ શિવસેનાના કિશોરી પેડણેકર હતા, જેમણે 22 નવેમ્બર, 2019 થી 8 માર્ચ, 2022 સુધી આ પદ સંભાળ્યું હતું.

## ઈરાનમાં ચાલી રહેલી હિંસા વચ્ચે ભારતીય નાગરિકો દિલ્હી પરત ફર્યા

### ભારત સરકારનો આભાર માન્યો; ઈરાનમાં મોંઘવારીના વિરોધમાં 28 ડિસેમ્બરથી પ્રદર્શનો ચાલુ

**ઈરાન, તા.17**

ઈરાનમાં ઝડપથી બદલાતી પરિસ્થિતિઓ વચ્ચે ત્યાં ફસાયેલા ઘણા ભારતીય નાગરિકો સુરક્ષિત ભારત પાછા ફર્યા છે. શુક્રવારે મોડી રાત્રે ઈરાનથી દિલ્હી પહોંચેલા આ નાગરિકોમાં મોટાભાગના વિદ્યાર્થીઓ છે. ઈરાનમાં હાલમાં લગભગ 10 હજાર ભારતીય નાગરિકો હાજર છે, જેમાં વિદ્યાર્થીઓ, વેપારીઓ અને વ્યાવસાયિકોનો સમાવેશ થાય છે. તેમાંથી 2500-3000 વિદ્યાર્થીઓ છે, જેઓ મેડિકલનો અભ્યાસ કરવા ત્યાં ગયા હતા. ઈરાનથી પાછા ફરેલા એક ભારતીય નાગરિકે કહ્યું - ત્યાં પરિસ્થિતિ ખરાબ છે. ભારત સરકાર ખૂબ સહયોગ કરી રહી છે, અને દૂતાવાસે અમને શક્ય તેટલી વહેલી તકે ઈરાન છોડવાની જાણકારી આપી છે. મોદી છે તો બધું જ શક્ય છે. મેડિકલ વિદ્યાર્થી અર્શ દહરાએ જણાવ્યું કે ભારતીય દૂતાવાસે તેમનો સંપર્ક કર્યો હતો પરંતુ તેઓ દિલ્હી ખાનગી ફ્લાઈટથી પોતાની વ્યવસ્થાથી આવ્યા છે. આ પહેલા કેન્દ્ર સરકારે કહ્યું હતું કે ઈરાનમાં ફસાયેલા ભારતીયોને એરલિફ્ટ કરવામાં આવશે. ખરેખરમાં, ઈરાની ચલણ રિયાલના ઐતિહાસિક ઘટાડા અને મોંઘવારીના વિરોધમાં 28 ડિસેમ્બર 2025ના રોજ ઈરાનમાં પ્રદર્શનો શરૂ થયા હતા. ત્યારથી તે દેશના તમામ 31 પ્રાંતોમાં ફેલાઈ ગયા છે. વેબસાઈટ ઈરાન ઈન્ટરનેશનલે દાવો કર્યો છે કે દેશભરમાં ઓછામાં ઓછા 12 હજાર લોકોના મોત થયા છે. મોટાભાગના લોકો ગોળી વાગવાથી માર્યા ગયા છે.



## વિદ્યાર્થીઓને ન્યૂઝીલેન્ડમાં અઠવાડિયામાં 25 કલાક કામની મંજૂરી

**અમેરિકા, તા.17**

અમેરિકા, કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયા આ માત્ર દેશના જ નામો નથી, પરંતુ ગુજરાતીઓના 'હોટ ફેવરિટ' દેશ છે, જ્યાં ભણીને સ્થાયી થવું એ ઘણા લોકોનું સપનું હોય છે. એ માટે ક્યારેક લોકો જીવનમૂડી ખર્ચીને, લોન લઈને કે પછી જીવ જોખમમાં મૂકીને પણ જવા માટે તત્પર હોય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી અમેરિકા, કેનેડા અને બ્રિટન સહિત મોટા ભાગના દેશોમાં વિઝાના નિયમો કડક કરવામાં આવ્યા છે. ત્યારે વિદેશમાં સેટલ થવા માગતા ભારતીયો અને એમાં પણ ગુજરાતીઓ માટે ન્યૂઝીલેન્ડ બેસ્ટ ઓપ્શન બની શકે છે. આ પાછળનું મુખ્ય કારણ થોડા દિવસ અગાઉ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે થયેલો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અને એના પછી નિયમોમાં થનારો ફેરફાર છે. ન્યૂઝીલેન્ડમાં અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓ માટેના નિયમોમાં કેવા ફેરફાર થયા છે? આ નવા ફેરફાર ક્યારથી લાગુ થશે? નવા નિયમો



આવવાથી ભારતીય અને ગુજરાતી વિદ્યાર્થીઓને કેવા પ્રકારનો ફાયદો થશે? શું નવા નિયમો આવવાથી ડિપેન્ડન્ટને પણ કોઈ ફાયદો થશે કે કેમ? ન્યૂઝીલેન્ડમાં કેવા કોર્સ કરવાથી નોકરીની તકોમાં વધારો થશે? આવા અનેક પ્રશ્નોને લઈને એસ્પાયર સ્ક્વેર પ્રા.લિ.ના ડાયરેક્ટર અને WELTT સ્ટુડન્ટ વિઝા એસોસિયેશનના ટ્રસ્ટી મૌલિક રાવલ સાથે વાતચીત કરી હતી.

**રાહુલ ગાંધીની X પર પોસ્ટ**

## પાણીમાં ઝેર... હવામાં ઝેર... દવામાં ઝેર... જમીનમાં ઝેર : જવાબ માગશો તો બુલડોઝર ચાલશે



**દિલ્હી, તા.17**

ભાજપની ડબલ એન્જિન સરકારનું નવું સ્માર્ટ સિટી મોડલ પાણીમાં ઝેર, હવામાં ઝેર, દવામાં ઝેર, જમીનમાં ઝેર અને જવાબ માગો તો બુલડોઝર ચાલશે! આ રીતે આ મોડલમાં ગરીબોનાં મૃત્યુ માટે કોઈ જવાબદાર નથી હોતું. સરકાર અત્યારે તેમની બેદરકારીથી થયેલી ઈન્દોરની દુર્ઘટનાની જવાબદારી લે - દોષિતોને સજા અને પીડિતોને સારો ઈલાજ અને વળતર જલદીથી અપાવે. લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી શનિવારે ઈન્દોર પહોંચ્યા. દૂષિત પાણી પીવાથી બીમાર થયેલા દર્દીઓ અને મૃતકોનાં પરિવારજનો સાથે મુલાકાત કરી. રાહુલ સૌથી પહેલા બોમ્બે હોસ્પિટલ ગયા, જ્યાં તેમણે દૂષિત પાણીથી પીડિત દર્દીઓ અને પરિવારજનો સાથે મુલાકાત કરી. મૃતકોનાં પરિવારજનોને મળ્યા પછી રાહુલે કહ્યું કે આ નવા મોડલનું સ્માર્ટ સિટી છે. પીવાનું પાણી નથી. પરિવાર પાણી પીધા પછી બીમાર પડ્યા, એટલે કે ઈન્દોરમાં સ્વચ્છ પાણી મળી શકતું નથી. આ છે અર્બન મોડલ. સરકાર પોતાની જવાબદારી નિભાવતી નથી. રાહુલ ગાંધીએ સ્પષ્ટ કહ્યું હતું કે કોઈને આ રાજનીતિ લાગે તો ભલે લાગે, પરંતુ લોકોને સ્વચ્છ પાણી મળવું જોઈએ. રાહુલે પ્રશાસન અને સરકારની કાર્યપ્રણાલી પર સીધો પ્રહાર કર્યો. આ પહેલાં રાહુલ ભાગીરથપુરા પહોંચ્યા અને દૂષિત પાણીથી જીવ ગુમાવનારાં ગીતાબાઈ અને જીવનલાલના પરિવારને મળ્યા. તેમણે બંને પરિવારોને ચેક આપ્યા.




ન્યૂઝ ટ્રેક

## રાજકોટ-ગાંધીનગર STની પ્રથમ એસી સીટર બસ શરૂ, ભાડું 452

રાજકોટ, તા.17

રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા ગાંધીનગર માટે પ્રથમ એ.સી. સીટર બસ શરૂ કરવાનું એલાન કર્યુ છે. જે 20મી જાન્યુઆરીથી દૈનિક સર્વિસ સ્વરૂપે શરૂ થશે. જેનો રાજકોટથી ઉપડવાનો સમય સાંજે 4 વાગ્યે અને ગાંધીનગરથી ઉપડવાનો સમય સવારે 7.30 વાગ્યાનો છે. હાલ પ્રીમિયમ સર્વિસમાં રાજકોટથી ગાંધીનગર જવા માટે માત્ર વહેલી સવારની 2 વોલ્વો બસ જ હતી. જેના લીધે ગાંધીનગર વડી કચેરીઓએ પોતાના કામ અર્થે જવા માંગતા મુસાફરોને તકલીફ પડતી હતી. જોકે, હવે રાજકોટથી ગાંધીનગરની સાંજની ડેઈલી સર્વિસ શરૂ થતા મુસાફરોને ફાયદો થશે. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ હેઠળના રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા રાજકોટ-ગાંધીનગરની નવી AC સીટર બસ શરૂ કરવામાં આવનાર છે. જેનું ફ્લેગઓફ રાજકોટ એસ.ટી. બસપોર્ટ ખાતેથી 20 જાન્યુઆરીના મંગળવારના બપોરે 4 વાગ્યે ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ દ્વારા કરવામાં આવશે. રાજકોટ એસટીના વોલ્વો વિભાગના ડેપો મેનેજર એન.વી.ઠુમ્મરે દિવ્ય ભાસ્કર ડિજિટલને જણાવ્યું હતું કે, હાલ રાજકોટ-ગાંધીનગર વચ્ચે સવારે 5 અને 5.30 વાગ્યે વોલ્વો દોડે છે. જોકે રાજકોટ-ગાંધીનગર પ્રથમ એસ.ટી. સીટર બસ શરૂ થવા જઈ રહી છે. જે દરરોજ સાંજે 4 વાગ્યે રાજકોટથી ઉપડશે અને ચોટીલા હાઈ-વે, સાયલા, લીંબડી, બગોદરા, ઈસ્કોન, નેહરુનગર, રાણીપ થઈ ગાંધીનગર બસ સ્ટેશન પહોંચશે. જેનું ભાડું રૂ.452 રાખવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા 10 વોલ્વો સીટર સર્વિસનું સંચાલન થાય છે. જેમાં અમદાવાદ, બરોડા, ભુજ અને નાથદ્વારા રૂટ છે. જ્યારે 20 એ.સી. સીટર બસ ભાવનગર, દીવ, ઉના, સુરેન્દ્રનગર, અમરેલી, મોરબી, જામનગર-જુનાગઢ, મુન્દ્રા, મહુવા, દ્વારકા તથા અંબાજી રૂટ પર દોડે છે. આ ઉપરાંત 23 ઈલેક્ટ્રીક એસી બસ દોડે છે. જેમાં જામનગર, જુનાગઢ, મોરબી, રાજકોટ (હીરાસર) ઈન્ટરનેશનલ એરપોર્ટ તેમજ જુનાગઢ-સોમનાથ રૂટનો સમાવેશ થાય છે.

## ‘ઈટાલિયા પર જૂતું ફેંકવા ત્રણ લોકોએ દારૂ પીવડાવી પૈસા આપ્યાં’, હુમલાખોર છરી સાથે લાવ્યો હતો



જૂનાગઢ, તા.17

જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીનાના ગડુ ખાતે 16 જાન્યુઆરીની રાતે આયોજિત ખેડૂત સન્માન સભામાં અચાનક માહોલ ગરમાયો હતો. આ સભામાં આમ આદમી પાર્ટીના નેતા અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સંબોધન કરી રહ્યા હતા, ત્યારે એક અજાણ્યા શખસ દ્વારા તેમના પર જૂતું ફેંકવાનો પ્રયાસ કરાયો હતો. જોકે આ ઘટના બનતાંની સાથે જ ત્યાં હાજર રહેલા જાગ્રત કાર્યકર્તાઓ અને પોલીસ સ્ટાફે તાત્કાલિક હરકતમાં આવી જૂતું કઢનારી વ્યક્તિને દબોચી લીધી હતી. તો બીજી કરફ જૂતું ફેંકનારે આ કામ ત્રણ લોકોના કહેવાથી કર્યું હોવાનું કહી વટાણા વેરી દીધા હતાં. સાથે એ પણ ઉમેર્યું કે, તેને દારૂ પીવડાવી તેને જૂતું મારવા મોકલાયો હતો. ઉલ્લેખનીય છે કે ગોપાલ ઈટાલિયા સાથે આ પ્રકા રની ઘટના પહેલીવાર બની નથી. આ અગાઉ જામનગર ખાતે પણ એક કાર્યક્રમ દરમિયાન તેમના પર જૂતું ફેંકવાની ઘટના બની હતી. જામનગરની એ ઘટના બાદ ફરી એકવાર માળિયા હાટીનામાં એનું પુનરાવર્તન થતાં સુરક્ષા-વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થયા છે. આમ આદમી પાર્ટીના સ્થાનિક નેતાઓએ આ ઘટનાને લોકશાહી પર હુમલો ગણાવી સખત શબ્દોમાં વખોડી કાઢી છે. શબ્બીર મહંમદ હુસેન પરમારે જણાવ્યું કે, આ લોકોએ મને લાલચ આપી હતી કે, તમારે એક કામ કરવાનું છે અને તેના બદલામાં તમને પૈસા મળશે. મને કહેવામાં આવ્યું હતું કે, તમારે ગોપાલ ઈટાલિયાને જૂતું મારવાનું છે. તેઓ રૂ. 50,000 આપવાની વાત કરતા હતાં અને કહેતા હતા કે, તેમાંથી અડધા અત્યારે કરાવી આપીશ. આ રીતે મને ઓફર આપીને તેઓએ તૈયાર કર્યો હતો. આમાં ભંડુરી રામજીભાઈનો છોકરો મીત સામેલ હતો. આ ઉપરાંત બાબુભાઈ અને રાજુભાઈ નામના વ્યક્તિ હતા, જેઓ પોતાની ગાડી લઈને આવ્યા હતા. તેમની સાથે એક ડ્રાઈવર પણ હતો જે પોતાને પોલીસમાં હોવાનું કહેતો હતો. તેણે મને આશ્વાસન આપ્યું હતું કે, તમે આ કામ કરજો, તમારો વાળ પણ વાંકો નહીં થવા દઉં.

આરોપીએ ક્રૂર રીતે માસૂમ બાળકીના ગુપ્તાંગમાં સળિયો નાખી ગંભીર ઈજા કરી'તી, રાજકોટની સ્પે.કોર્ટનો ચુકાદો

# આટકોટની 7 વર્ષની નિર્ભયાના આરોપીને 43મા દિવસે ફાંસીની સજા

■ દરેક વખતે આરોપીને બાળકીએ ઓળખી બતાવ્યોઃ વિજયસિંહ



રાજકોટ, તા.17

રાજકોટ જિલ્લાના આટકોટ નજીક કાનપર ગામની સીમમાં 4 ડિસેમ્બર, 2025ના દિલ્હીના નિર્ભયાકાંડ જેવી જ અત્યંત ક્રૂર અને જઘન્ય ઘટના સામે આવી હતી. ખેતમજૂરની વાડીમાં રમતી 7 વર્ષની માસૂમ બાળકીને નજીકની ઝાડીમાં ખેંચી જઈ ત્રણ સંતાનના પિતા રેમસિંહ ડુડવાએ ગુપ્તાંગમાં સળિયો નાખી તેને લોહીલુહાણ કરી દીધી હતી. બાળકી દર્દથી કણસી રહી હોવા છતાં આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો. પોલીસે 8 ડિસેમ્બરે આરોપીને ઝડપી 11 દિવસમાં જ ચાર્જશીટ ફાઈલ કરી હતી. 12 જાન્યુઆરી એટલે કે 35 દિવસમાં કોર્ટે ચુકાદો આપી આરોપીને દોષિત ઠેરવ્યો હતો. એ બાદ રાજકોટની સ્પેશિયલ કોર્ટે 15 જાન્યુઆરીએ સજાનું એલાન કરવાનું હતું, પરંતુ 17 જાન્યુઆરીની તારીખ પડી હતી. આજે આરોપી રેમસિંહ તેરસિંહ ડુડવા (ઉં.વ.30) સામેનો આખરી ચુકાદો સ્પેશિયલ કોર્ટના જજ વી.એ. રાણા સાહેબ દ્વારા આપવામાં આવ્યો. આરોપીને ઘટનાના 43મા દિવસે ફાંસીની સજા સંભળાવવામાં આવી છે. આ મામલે રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરએ જણાવ્યું હતું કે, મેડિકલ તેમજ ટેક્નિકલ અને સાંયોગિક મળી તમામ પુરાવાઓ ઉપરાંત કોર્ટ સમક્ષ બાળકીએ જ્યારે આરોપીને ઓળખી બતાવ્યો ત્યારે ASP સિમરન ભારદ્વાજ અને અન્ય અધિકારીઓએ આરોપી ઉપરાંત અન્ય લોકોને હાથમાં જુદા-જુદા રમકડાં આપ્યા હતાં. દરેક વખત અલગ-અલગ રમકડાં અલગ વ્યક્તિને અપાયા, પરંતુ દરેક વખતે આરોપીને કોર્ટ સામે બાળકીએ ઓળખી બતાવ્યો હતો. રાજકોટ જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ જણાવ્યું હતું કે, આરોપી એટલી હદે જઘન્ય કૃત્ય કર્યું છે કે જ્યારે બાળકીના ગુપ્ત ભાગે લોખંડનો સળીયો ઘૂસાડ્યો ત્યારે બાળકી એટલી બૂમો પડતી હતી અને આરોપીના વાળ ખેંચીને તોડી નાખ્યા, એ સાબિતી આપે છે કે બાળકીને કેટલી પીડા થઈ હશે.

### બાળકીને પહેલા જસદણ બાદ રાજકોટ સિવિલમાં ખસેડાઈ હતી

બાળકીની ગંભીર હાલત અને સખત રક્તસ્ત્રાત જોતાં મામીએ બાળકીના પિતા અને પોતાના પતિને તાત્કાલિક બોલાવી કાનપર ગામના સાર્વજનિક દવાખાને એમ્બ્યુલન્સમાં લઈ ગયા હતા. બાળકીની હાલત અતિશય ગંભીર હોવાથી યોગ્ય સારવાર માટે જસદણ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

### બાળકીના પિતાએ કોર્ટમાં વિસ્તૃત પત્ર લખી કેસ ચલાવવા કહ્યું હતું

તપાસ દરમિયાન આરોપીનો મોબાઈલ ફોન જપ્ત કરી સી.ડી.આર. મેળવતાં આરોપીની હાજરી કાનપર ગામના વિસ્તારમાં મળી હતી. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ તપાસનીશ અધિકારીએ ફક્ત 11 જ દિવસમાં સમગ્ર પોલીસ તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજૂ કરી દીધું હતું. આ સમય દરમિયાન બાળકીના પિતાએ કોર્ટમાં એક વિસ્તૃત પત્ર લખી તેની બાળકીની આ હાલત કરનાર આરોપી સામે તાત્કાલિક કેસ ચલાવી સખત સજા આપવા રજૂઆત કરી હતી.

## ગાંધીગ્રામ પોલીસ મથક પર સોડા-બોટલોનો ઘા

### વહેલી સવારે ચાર બુકાનીધારીએ ઘા કર્યા, પોલીસને ખુલ્લેઆમ પડકાર

રાજકોટ, તા.17

રાજકોટમાં ગુનેગારો બેફામ બન્યા હોય તેમ શહેરની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઉભા થયા છે. આજે 17 જાન્યુઆરી વહેલી સવારે ગાંધીગ્રામ પોલીસ મથક પર 4 અજાણ્યા બુકાનીધારી શખ્સો દ્વારા સોડા બોટલોના ઘા કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સેજલબેન મેઘાણી આજે સવારે જ કોર્ટ મુદતે ગયા અને પાછળથી પોલીસ સ્ટેશન પર સોડા બોટલના ઘા થયા હતાં. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસનું કામ લોકોની સુરક્ષાનું અને કાયદો વ્યવસ્થા જાળવવાનું હોય છે પરંતુ રાજકોટમાં પોલીસ સુરક્ષિત ન હોય તેવી ઘટના બની છે. ગાંધીગ્રામ પોલીસ મથક પર સોડા બોટલના ઘા થતા પોલીસની ધાક સામે સવાલો ઉભા થયા છે. પોલીસ પર પડકારરૂપ આ ઘટના બાદ ગાંધીગ્રામ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર તો હજુ પોલીસ સ્ટેશન પહોંચ્યા નથી, પરંતુ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ અહીં પહોંચી ગયો હતો. આ બાબતે પોલીસ ઈન્સ્પેક્ટર સેજલબેન મેઘાણીનો ટેલીફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો ન હતો. આ બાબતે ઈન્ચાર્જ પીઆઇ એચ. એન. પટેલે ડિજિટલને જણાવ્યું હતું કે, સોડા બોટલના ઘા કરનાર 4 શખ્સો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. જોકે સીસીટીવીના આધારે તપાસ ચાલી રહી છે તપાસ બાદ ખ્યાલ આવશે કે કોના દ્વારા પોલીસ મથક પર સોડા બોટલના ઘા કરવામાં આવ્યા.

### સોડા બોટલના ઘા કરનાર 4 શખ્સો - ઇન્ચાર્જ પીઆઇ

આ બાબતે ઈન્ચાર્જ પીઆઈ એચ. એન. પટેલે ડિજિટલને જણાવ્યું હતું કે, સોડા બોટલના ઘા કરનાર 4 શખ્સો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. જોકે સીસીટીવીના આધારે તપાસ ચાલી રહી છે તપાસ બાદ ખ્યાલ આવશે કે કોના દ્વારા પોલીસ મથક પર સોડા બોટલના ઘા કરવામાં

## દસાડા ઉર્ષમાં રબારી સમાજનું પહેલું નિશાન ચઢે છે:650 વર્ષથી હિન્દુ-મુસ્લિમ એકતાની પરંપરા આજે પણ અકબંધ

સુરેન્દ્રનગર, તા.17

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા ખાતે સોહરવરદી દાદા નશરૂદ્દીન રહમત ઉલકા રજબનો ઉર્ષ દબદબાભેર મનાવવામાં આવ્યો હતો. આ ઉર્ષમાં 650 વર્ષ જૂની હિન્દુ-મુસ્લિમ કોમી એકતાની અનોખી પરંપરા આજે પણ અકબંધ જળવાઈ રહી છે. આ પરંપરા અનુસાર, ઉર્ષમાં પહેલું નિશાન રબારી સમાજના આગેવાનો દ્વારા ચઢાવવામાં આવે છે. ત્યારબાદ બીજું નિશાન દસાડાના ગાદિપતી વંશ તિલોટ રાજવી પરિવાર તરફથી દસાડા દરબાર તિલોટ મુનફરખાનજી દ્વારા ચઢાવવામાં આવે છે. દસાડાના મુસ્લિમ આગેવાન બસિરખાનજી મલિકે જણાવ્યું કે, દસાડા ઉર્ષમાં આજે પણ પહેલું નિશાન રબારી સમાજનું ચઢે છે, કારણ કે મલિક બંખનનો ઉછેર રૂડીમાં રબારીના ઘેર થયો હતો. આ ઉર્ષ મુસ્લિમ ચાંદના 26 રજબ મહિનામાં આવે છે. દાદા નસીરૂદ્દીન ર.હ.ના દરગાહ ઉપર લીલા રંગનું પહેલું નિશાન રબારી સમાજના સંગ્રામભાઈ ગુગાભાઈ રબારી ઉર્ફ બાબાભાઈ રબારી પરિવાર દ્વારા ચઢાવવામાં આવે છે. ત્યારબાદ સફેદ રંગનું બીજું નિશાન દાદા નસીરૂદ્દીન ર.હ.ના મલિક પરિવારના હાલના 23મી પેઢીના મુખ્ય ગાદી વંશ પરિવારના તિલોટ જાગીરદાર મુઝફ્ફરખાનજી મલિક પરિવારનું ચડે છે. આ પછી રબારી સમાજ અને મલિક સમાજ દ્વારા દાદાની કબર ઉપર ચાદર ચઢાવવામાં આવે છે. દસાડાની સ્થાપના ઈ.સ. 1446માં થઈ હતી. આજે પણ દસાડા ગામમાં સમગ્ર ગ્રામજનો હિન્દુ-મુસ્લિમ એકતા અને અખંડિતતા સાથે ઉર્ષ શરીફ મનાવે છે. દાદાની દરગાહ પર મીઠા ચોખાનો જરદો (પ્રસાદ) તમામ સમાજના લોકો બહોળી સંખ્યામાં ગ્રહણ કરી ધન્યતા અનુભવે છે.

## કચ્છમાં છેલ્લા ચાર દિવસમાં ભૂકંપના 4 આંચકા

ગોધરા, તા.17

કચ્છમાં વિનાશક ભૂકંપની 25મી વર્ષગાંઠ નજીક આવી રહી છે, એવા સમયે જિલ્લામાં ફરી એકવાર ભૂકંપના હળવા કંપનોનો દોર યથાવત્ રહેતાં લોકોમાં ચિંતાનું મોજું ફેલાઈ ગયું છે. ગત 13 જાન્યુઆરીના ધોળાવીરા નજીક 2.7ની તીવ્રતાનો આંચકો નોંધાયા બાદ શુક્રવારે વાગડ પંથકમાં એક જ દિવસે બે હળવા કંપનો અનુભવાયા હતા. એ બાદ આજે ફરીથી ખાવડા નજીક 4.1ની તીવ્રતાનો જોરદાર આંચકો અનુભવાયો છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ ગાંધીનગરના જણાવ્યા અનુસાર, શનિવારે મોડી રાત્રે 1:22 કલાકે 4.1ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ કચ્છના ખાવડાથી 55 કિલોમીટર ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં જમીનથી 11.6 કિલોમીટરની ઊંડાઈએ હતું. ભૂકંપની તીવ્રતા વધુ હોવાના કારણે ખાવડા તેમજ આસપાસના મોટા વિસ્તારમાં એના જોરદાર કંપન અનુભવાયા હતા, જોકે સદનસીબે કોઈ જાનહાનિ કે મોટું નુકસાન થયું નથી. આ પહેલાં શુક્રવારે પરોઢે 05:47 વાગ્યે રાપરથી અંદાજે 19 કિલોમીટર દૂર પશ્ચિમ અને ઉત્તરપશ્ચિમ દિશામાં નારાણપર-ખેંગારપર રોડ પર આવેલા મોમાઈ માતાજીના મંદિર નજીક ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું.

## ‘સૂર્યોદય કોલેજમાં પૈસા ફેંકો અને પાસ થાઓ મોડલ

### HNGU પર વિદ્યાર્થી નેતા યુવરાજસિંહનો ગંભીર આક્ષેપ, વાલી-કોલેજ સંચાલકની ઓડિયો ક્લિપ જાહેર

સુરત, તા.17

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (HNGU) અને તેની સંલગ્ન કોલેજોમાં શિક્ષણ પ્રણાલીની વિશ્વસનીયતા સામે સવાલો ઉભા થયા છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ યુનિવર્સિટી પર પૈસા લઈને ડિગ્રી આપવાના ગંભીર આરોપો લગાવ્યા છે. ખાસ કરીને બનાસકાંઠાના ધાનેરામાં આવેલી સૂર્યોદય DHSI કોલેજને લઈને તેમણે ચોંકાવનારા ખુલાસા કર્યા છે. યુવરાજસિંહના જણાવ્યા મુજબ, સૂર્યોદય કોલેજમાં “પૈસા ફેંકો, પાસ થાઓ” મોડલ ચાલી રહ્યું છે. રૂપિયા 1થી 2 હજારની ‘ડિજિટલ દક્ષિણા’ આપી વિદ્યાર્થીઓને પાસ કરી દેવામાં આવે છે. અનેક વિદ્યાર્થીઓ પરીક્ષા આપ્યા વગર જ પાસ થઈ જાય છે, તો કેટલાક વિદ્યાર્થીઓ કોરા પેપર મૂકીને આવે છે અને ઉત્તરવહીઓ કોઈ બીજાએ લખી આપેલી હોય છે. આરોપોને મજબૂત બનાવતા યુવરાજસિંહે એક પરીક્ષાર્થીના વાલી અને કોલેજના સંચાલક વચ્ચેની ઓડિયો ક્લિપ જાહેર કરી છે, જેમાં પાસ કરાવવા માટે પૈસાની વાતચીત થતી હોવાનું તેઓ કહે છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે એક જ દિવસે તમામ વિષયોની ઉત્તરવહીઓમાં સહી કરવામાં આવે છે, જે ગંભીર ગેરરીતિ દર્શાવે છે. યુવરાજસિંહે વધુમાં કહ્યું કે, ખાનગી યુનિવર્સિટીઓ બાદ હવે સરકારી યુનિવર્સિટીમાં પણ આ પ્રકારની ગેરરીતિઓ ચાલી રહી છે. યુનિવર્સિટી અને કોલેજના સત્તાધીશો પૈસા લઈને પેપર લખાવી દે છે. HNGU સંલગ્ન અનેક બોગસ કોલેજો તેમજ કોમ્પ્લેક્ષમાં ચાલતી નર્સિંગ કોલેજો પર પણ તેમણે સવાલ ઉઠાવ્યા છે. સાથે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની ભૂમિકાને લઈને પણ તેમણે ગંભીર ટિપ્પણી કરી છે. VCની નિષ્ક્રિયતા તેમની ભાગીદારી તરફ ઈશારો કરે છે, એવી શંકા વ્યક્ત કરતા યુવરાજસિંહે “ગાંધારીનીતિ”નો આરોપ લગાવ્યો છે. આ સમગ્ર મામલે હવે શિક્ષણ વિભાગ અને રાજ્ય સરકાર શું પગલાં લે છે તેની તરફ સૌની નજર છે.

## ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર અકસ્માત, એકનું મોત

■ પેસેન્જર લેવા ઉભેલી રિક્ષાને ટ્રેલરે ટક્કર મારી, 4 ઘાયલ

ધ્રાંગધ્રા, તા.17

ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર રિક્ષા અને ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે ચાર પેસેન્જરો ઘાયલ થયા છે. પ્રાથમિક વિગતો અનુસાર, રામદેવપુર ગામ તરફથી આવતી એક રિક્ષા હાઈવે પર પેસેન્જર ભરવા માટે ઉભી હતી. તે દરમિયાન માલવણ તરફથી આવતા RJ 36 GA 7174 નંબરના ટ્રેલરના ચાલકે ઉભેલી રિક્ષાને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટ્રેલરની ટક્કરથી રિક્ષા હવામાં ફંગોળાઈ ગઈ હતી. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર બે મહિલા સહિત ચાર પેસેન્જરોને ઈજા પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યાં ડોકટરોએ રાજગઢના રહેવાસી 55 વર્ષીય પુંજાભાઈ ચાવડાને મૃત જાહેર કર્યા હતા. ગંભીર રીતે ઘાયલ સોની તલાવડીના 65 વર્ષીય ગૌરીબેન વિરાણી અને હળવદ રોડના 65 વર્ષીય ગીતાબેન રુદાતલાને વધુ સારવાર માટે સુરેન્દ્રનગર રિફર કરવામાં આવ્યા છે. રામદેવપુરના 60 વર્ષીય શામજીભાઈ પરમારને સામાન્ય ઈજા થતા પ્રાથમિક સારવાર આપવામાં આવી છે. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક પોલીસ તાત્કાલિક હોસ્પિટલ પહોંચી હતી અને મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે અકસ્માત સર્જનાર ટ્રેલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ધ્રાંગધ્રામાં મળેલ મૃતદેહની ઓળખ કરવા તપાસ તેજ : પોલીસે મૃતક યુવાનના પરિચિતોને સંપર્ક કરવા અપીલ કરી

ધ્રાંગધ્રા, તા.17

ધ્રાંગધ્રા શહેરના હરીપર રોડ પર આવેલા નાગાબાવાની વાવ આશ્રમ પાછળના અવાવરું સ્થળેથી શુક્રવારે આશરે ૩૦ વર્ષીય યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. સ્થાનિકો દ્વારા જાણ કરાતા, પીઆઈ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહને પાણીમાંથી બહાર કાઢ્યો હતો. પ્રાથમિક તપાસમાં યુવાન નગ્ન અવસ્થામાં હતો. તેના હાથ બાંધેલા હતા અને શરીર પર તીક્ષ્ણ હથિયારના તેમજ માથાના ભાગે બોથડ પદાર્થના મારના નિશાન જોવા મળ્યા હતા. આ સંજોગો જોતાં યુવાનની હત્યા થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ફોરેન્સિક લેબ ખાતે મોકલી આપ્યો છે. ઘટનાસ્થળેથી એક આછા ગુલાબી રંગનું ‘કોટન કેન્ડી‘ લખેલું ટી-શર્ટ મળી આવ્યું હતું. મૃતક યુવાનના હાથ પર ‘રવિ‘ લખેલું હોવાથી, પોલીસે આસપાસના વિસ્તારોમાં તેની ઓળખ કરવાની કામગીરી હાથ ધરી છે. ધ્રાંગધ્રા સિટી પોલીસે મૃતક યુવાનના પરિચિતોને પોલીસ મથકનો સંપર્ક કરવા અપીલ કરી છે, જેથી તેની ઓળખ થઈ શકે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાય.

## મૂળ પંજાબનો અને રાજકોટમાં રહી વેલ્ડિંગ કામની મજૂરી કરતો 27 વર્ષનો યુવક જમીને ઉભો થતાં જ ઢળી પડ્યો હતો

વડોદરા, તા.17

પ્રદ્યુમન પાર્ક ગુની બાજુમાં આવેલ આરએમસી ટ્રાન્સપોર્ટનગરમાં રહેતો અમનકુમાર જંગબહાદુર પંજાબી (ઉ.વ.27) ગઈકાલે રાત્રે 12 વાગ્યા આસપાસ બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે તેને તપાસી મૃત જાહેર કર્યો હતો. અમનકુમાર મૂળ પંજાબનો વતની હતો 3 ભાઈમાં મોટો અને અપરણિત હતો. રાજકોટમાં તે વેલ્ડિંગ કામ કરતો હતો ગઈકાલે રાત્રે કામ પૂરું કરી તે સાથે કામ કરતા લોકો સાથે જમવા બેઠો હતો. જમીને તે ઉભો થયો અને પોતાની ડીશ મુકવા જતો હતો ત્યાં જ અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો અને તેનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે પોલીસને જાણ થતા પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. પ્રાથમિક તપાસમાં હાર્ટ એટેકથી મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. સહકારી સોસાયટીમાં રહેતા રેનીસ જેન્તીભાઈ કોરાટ (ઉ.વ.34) નામના યુવાને પોતાના ઘરે ગઈકાલે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે જાણ થતા પોલીસે તપાસ શરૂ કરી હતી જેમાં જાણવા મળ્યું હતું કે, મૃતક યુવાન પોતે છેલ્લા ઘણા સમયથી કાંઈ કામ કરતો ન હતો અને તેમને સંતાનમાં એક દીકરી છે. ગઈકાલે પરિવારજનો બહાર ગયા હતા ત્યારે રેનીસ ઘરે એકલો હોવાથી ગળેફાંસો ખાઈ લીધો હતો. રેનિસભાઈ પાસેથી એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે તે ઓનલાઈન ગેમિંગમાં પૈસા હારી ગયો હતો ત્યારે તેનું દેણું પરિવારજનોએ ભર્યું હતું અને પોતે કાંઈ કરી ન શકતો હોવાથી કંટાળી આપઘાત કરું છું. દીકરી અને પત્નીનું ધ્યાન રાખજો પોલીસ કોઈને હેરાન ન કરતા. હાલ પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે કરી મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. પાટણવાવ પાસે આવેલ જેટકો જી.ઈ.બી. 66 કે.વી. સબ સ્ટેશનમાંથી ગત તા.5 જાન્યુઆરીના રોજ 11 કે.વી. કેપીસેટર બેંકના ત્રણ રીએક્ટર રૂ. 1.17 લાખની કિંમતના ચોરી થવાના ગુનાનો ભેદ ઉકેલી આરોપી કાટીયો ઉર્ફ કટી ઉર્ફ અશોક નરશી વિરમગામીયા (ઉ.વ.35), આકાશ સુરેશ વિકાણી (ઉ.વ.24), ઘનશ્યામ રાજુ હળવદીયા (ઉ.વ.26), શંભુ કરશન ખાવડીયા (ઉ.વ.38) અને વિજય ઉર્ફે કાળીયો વિનોદ સોલંકી (ઉ.વ.28) તેમજ એક સગીર સહિત 6 આરોપીઓને મોટીમારડ ગામે ચીખલીયા રોડ પરથી ઈકો કાર, મોબાઈલ ફોન-3, સ્ટીલના પાના, લોખંડનું કટર અને રોકડ મળી કુલ રૂ.3,14,050ના મુદામાલ સાથે પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

### જેટકો સબ સ્ટેશનમાંથી રિએક્ટરની ચોરી કરતી ગેંગ ઝડપાઈ

પાટણવાવ પાસે આવેલ જેટકો જી.ઈ.બી. 66 કે.વી. સબ સ્ટેશનમાંથી ગત તા.5 જાન્યુઆરીના રોજ 11 કે.વી. કેપીસેટર બેંકના ત્રણ રીએક્ટર રૂ. 1.17 લાખની કિંમતના ચોરી થવાના ગુનાનો ભેદ ઉકેલી આરોપી કાટીયો ઉર્ફ કટી ઉર્ફ અશોક નરશી વિરમગામીયા (ઉ.વ.35), આકાશ સુરેશ વિકાણી (ઉ.વ.24), ઘનશ્યામ રાજુ હળવદીયા (ઉ.વ.26), શંભુ કરશન ખાવડીયા (ઉ.વ.38) અને વિજય ઉર્ફે કાળીયો વિનોદ સોલંકી (ઉ.વ.28) તેમજ એક સગીર સહિત 6 આરોપીઓને મોટીમારડ ગામે ચીખલીયા રોડ પરથી ઈકો કાર, મોબાઈલ ફોન-3, સ્ટીલના પાના, લોખંડનું કટર અને રોકડ મળી કુલ રૂ.3,14,050ના મુદામાલ સાથે પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## પંજાબના ધુમ્મસમાં ગુજરાતનો પરિવાર હોમાયો :

# દિયોદરની લેડી કોન્સ્ટેબલ સહિત 5નાં અકસ્માતમાં મોત

■ **થીજી ગયેલા તળાવ પર ચાલવાની મજા માણતા કેરળના બે યુવકો ડૂબ્યા**



**પંજાબ, તા.17**

પંજાબમાં ગાઢ ધુમ્મસનો કહેર યથાવત્ છે. શનિવારે સવારે બઠિંડામાં નેશનલ હાઈવે પર ડિવાઈડર સાથે ફોર્ચ્યુનર કાર અથડાતાં ગુજરાતના વાવ-થરાદ જિલ્લાની મહિલા કોન્સ્ટેબલ સહિત 5 લોકોનાં મોત થયાં છે. આ અકસ્માત બઠિંડા જિલ્લાના ગુડતડી ગામ પાસે થયો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે ફોર્ચ્યુનર કાર આખેઆખી પડીકું વળી ગઈ હતી. માહિતી મળતાં ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે કોઈક રીતે કારમાંથી મૃતદેહોને બહાર કાઢ્યા હતા. અકસ્માતમાં મોતને ભેટેલા તમામ લોકો વાવ-થરાદ જિલ્લાના છે. જેમની ઓળખ અમિતાબહેન કરશનભાઈ રાજપૂત (રહે. રાટીલા, દિયોદર), અરજણભાઈ સુબાભાઈ રાજપૂત (રહે. રાટીલા, દિયોદર), ભરતભાઈ અજાભાઈ રાજપૂત (રહે. અછવાડીયા, લાખણી) જનકભાઈ રાજપૂત (રહે. જેતડા, થરાદ) અને સતીષ તરીકે થઈ છે. તમામની ઉંમર 25થી 30 વર્ષની વચ્ચે છે. યિોદર તાલુકાના રાટીલા ગામના અમિતાબહેન પોલીસ કોન્સ્ટેબલ હોવાનું જણાવાયું છે. એસપી નરીન્દર સિંહે જણાવ્યું હતું કે આ તમામ ફોર્ચ્યુનર કારમાં શિમલા ગયાં હતાં. પરત ફરતી વખતે પંજાબના બઠિંડામાં ગાઢ ધુમ્મસને કારણે ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો અને કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. અરુણાચલ પ્રદેશના તવાંગ જિલ્લામાં આવેલા સેલા તળાવમાં શુક્રવારે કેરળના બે પ્રવાસી ડૂબી ગયા. પોલીસના જણાવ્યા અનુસાર, એક પ્રવાસીનો મૃતદેહ મળ્યો છે, જ્યારે બીજાની શોધખોળ ચાલુ છે. પોલીસ અધીક્ષક (એસપી) ડી.ડબ્લ્યુ. થોંગોને જણાવ્યું હતું કે મૃતકની ઓળખ દિનુ (26) તરીકે થઈ છે, જ્યારે મહાદેવ (24) હજુ પણ ગુમ છે. બંને સાત સભ્યોના પ્રવાસી ટીમમાં સામેલ હતા, જે ગુવાહાટીના રસ્તે તવાંગ પહોંચ્યા હતા. પંજાબમાં ગાઢ ધુમ્મસનો કહેર યથાવત્ છે. શનિવારે સવારે બઠિંડામાં નેશનલ હાઈવે પર ડિવાઈડર સાથે ફોર્ચ્યુનર કાર અથડાતાં ગુજરાતના વાવ-થરાદ જિલ્લાની મહિલા કોન્સ્ટેબલ સહિત 5 લોકોનાં મોત થયાં છે. આ અકસ્માત બઠિંડા જિલ્લાના ગુડતડી ગામ પાસે થયો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે ફોર્ચ્યુનર કાર આખેઆખી પડીકું વળી ગઈ હતી. માહિતી મળતાં ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે કોઈક રીતે કારમાંથી મૃતદેહોને બહાર કાઢ્યા હતા. અકસ્માતમાં મોતને ભેટેલા તમામ લોકો વાવ-થરાદ જિલ્લાના છે. જેમની ઓળખ અમિતાબહેન કરશનભાઈ રાજપૂત (રહે. રાટીલા, દિયોદર), અરજણભાઈ સુબાભાઈ રાજપૂત (રહે. રાટીલા, દિયોદર), ભરતભાઈ અજાભાઈ રાજપૂત (રહે. અછવાડીયા, લાખણી) જનકભાઈ રાજપૂત (રહે. જેતડા, થરાદ) અને સતીષ તરીકે થઈ છે. તમામની ઉંમર 25થી 30 વર્ષની વચ્ચે છે. દિયોદર તાલુકાના રાટીલા ગામના અમિતાબહેન પોલીસ કોન્સ્ટેબલ હોવાનું જણાવાયું છે. એસપી નરીન્દર સિંહે જણાવ્યું હતું કે આ તમામ ફોર્ચ્યુનર કારમાં શિમલા ગયાં હતાં. પરત ફરતી વખતે પંજાબના બઠિંડામાં ગાઢ ધુમ્મસને કારણે ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો અને કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. અરુણાચલ પ્રદેશના તવાંગ જિલ્લામાં આવેલા સેલા તળાવમાં શુક્રવારે કેરળના બે પ્રવાસી ડૂબી ગયા. પોલીસના જણાવ્યા અનુસાર, એક પ્રવાસીનો મૃતદેહ મળ્યો છે, જ્યારે બીજાની શોધખોળ ચાલુ છે. પોલીસ અધીક્ષક (એસપી) ડી.ડબ્લ્યુ. થોંગોને જણાવ્યું હતું કે મૃતકની ઓળખ દિનુ (26) તરીકે થઈ છે, જ્યારે મહાદેવ (24) હજુ પણ ગુમ છે. બંને સાત સભ્યોના પ્રવાસી ટીમમાં સામેલ હતા, જે ગુવાહાટીના રસ્તે તવાંગ પહોંચ્યા હતા. દિયોદર તાલુકાના રાટીલા ગામના અમિતાબહેન પોલીસ કોન્સ્ટેબલ હોવાનું જણાવાયું છે. એસપી નરીન્દર સિંહે જણાવ્યું હતું કે આ તમામ ફોર્ચ્યુનર કારમાં શિમલા ગયાં હતાં. પરત ફરતી વખતે પંજાબના બઠિંડામાં ગાઢ ધુમ્મસને કારણે ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો અને કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. અરુણાચલ પ્રદેશના તવાંગ જિલ્લામાં આવેલા સેલા તળાવમાં શુક્રવારે કેરળના બે પ્રવાસી ડૂબી ગયા. પોલીસના જણાવ્યા અનુસાર, એક પ્રવાસીનો મૃતદેહ મળ્યો છે, જ્યારે બીજાની શોધખોળ ચાલુ છે. પોલીસ અધીક્ષક (એસપી) ડી.ડબ્લ્યુ. થોંગોને જણાવ્યું હતું કે મૃતકની ઓળખ દિનુ (26) તરીકે થઈ છે, જ્યારે મહાદેવ (24) હજુ પણ ગુમ છે. બંને સાત સભ્યોના પ્રવાસી ટીમમાં સામેલ હતા, જે ગુવાહાટીના રસ્તે તવાંગ પહોંચ્યા હતા.

# અમેરિકાને કોઈપણ કિંમતે જોઈએ છે ગ્રીનલેન્ડ!

### ટ્રમ્પની ખુલ્લી ચેતવણી- 'સાથ આપો અથવા તોતિંગ ટેક્સ ભરવા તૈયાર રહો', ભારત માટે ખતરાની ઘંટડી?



**અમેરિકા, તા.17**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડને અમેરિકામાં સામેલ કરવાને મામલે ખુલ્લી ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું હતું કે જો કોઈ દેશો ગ્રીનલેન્ડ પર કબજાવાળા પ્લાનમાં તેમને સાથ ન આપ્યો, તો તેઓ એ દેશો પર ટેરિફ લગાવશે. ટ્રમ્પે શુક્રવારે વ્હાઈટ હાઉસમાં એક બેઠક દરમિયાન આ નિવેદન આપ્યું, જોકે ટ્રમ્પે સ્પષ્ટ નથી કર્યું કે કયા દેશો પર ટેરિફ લગાવવામાં આવશે અને એના માટે તેઓ કયા કાનૂની અધિકારનો ઉપયોગ કરશે. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકા ગ્રીનલેન્ડને લઈને NATO સાથે પણ વાતચીત કરી રહ્યું છે. ટ્રમ્પ પહેલાં પણ કહી ચૂક્યા છે કે NATOએ અમેરિકાનો સાથ આપવો જોઈએ. જો અમેરિકાએ ગ્રીનલેન્ડ પર કંટ્રોલ ન કર્યો તો રશિયા કે ચીન ત્યાં પોતાનો પ્રભાવ વધારી શકે છે, જે કોઈપણ હાલતમાં સ્વીકાર્ય નહીં હોય. ટ્રમ્પે ગ્રીનલેન્ડને ગોલ્ડન ડોમ નામના મોટા સંરક્ષણ પ્રોજેક્ટ માટે પણ મહત્ત્વપૂર્ણ ગણાવ્યું છે. ગોલ્ડન ડોમ અમેરિકાનો મિસાઈલ સંરક્ષણ પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ ઈઝરાયલના આયર્ન ડોમથી પ્રેરિત છે. ગોલ્ડન ડોમનો હેતુ ચીન, રશિયા જેવા દેશોમાંથી આવતાં જોખમથી અમેરિકાને બચાવવાનો છે. આ પ્રોજેક્ટ હેઠળ અમેરિકા પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં મોટી સંખ્યામાં ઈન્ટરસેપ્ટર સેટેલાઈટ તહેનાત કરશે. જ્યારે પણ અમેરિકા તરફ મિસાઈલ છોડવામાં આવશે ત્યારે આ સેટેલાઈટ તેમની ભ્રમણકક્ષા છોડીને મિસાઈલો સાથે અથડાઈ જશે. આ એક બહુ-સ્તરીય સિસ્ટમ હશે. જો ઈન્ટરસેપ્ટર સેટેલાઈટ મિસાઈલને અટકાવવામાં નિષ્ફળ જાય તો અન્ય વિકલ્પોનો ઉપયોગ કરવામાં આવશે. ટ્રમ્પના નિવેદન સમયે અમેરિકન સંસદનું એક દ્વિપક્ષીય પ્રતિનિધિમંડળ ગ્રીનલેન્ડના પ્રવાસે હતું. આ 11 સભ્યની ટીમનું નેતૃત્વ ડેમોક્રેટ સેનેટર ક્રિસ કૂન્સ કરી રહ્યા છે. એમાં રિપબ્લિકન સેનેટર થૉમ ટિલિસ અને લિસા મર્કોવ્સ્કી પણ સામેલ છે. પ્રતિનિધિમંડળે ગ્રીનલેન્ડના સાંસદો ઉપરાંત ડેનમાર્કનાં વડાંપ્રધાન મેટે ફ્રેડરિક્સન અને ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ-ફ્રેડરિક નિલસન સાથે મુલાકાત કરી. ટીમનો હેતુ સ્થાનિક લોકોની વાત સાંભળવાનો અને વોશિંગ્ટનમાં તણાવ ઓછો કરવાનો છે. સેનેટર કૂન્સે કહ્યું, 'અમે ગ્રીનલેન્ડના લોકોની વાત સાંભળી રહ્યા છીએ અને તેમનો અભિપ્રાય લઈને પાછા જઈશું, જેથી સ્થિતિ શાંત થાય.' ગ્રીનલેન્ડના સાંસદ આજા ચેમનિત્ઝે કહ્યું, 'અમને મિત્રો અને સહયોગીઓની જરૂર છે. અમેરિકા 2019થી દબાણ બનાવી રહ્યું છે. આ એક લાંબી દોડ છે, જે હજુ પૂરી થઈ નથી. જેટલો વધુ ટેકો મળે એટલું સારું.' તેમણે આશા વ્યક્ત કરી કે આ મુલાકાત ફાયદાકારક સાબિત થશે.



ઇન્દોરમાં દેવી અહલ્યાબાઈ હોલકર આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર પહોંચ્યા પછી, લોકસભામાં વિરોધી પક્ષ અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી (ડાબે), મધ્ય પ્રદેશ વિધાનસભામાં વિરોધી પક્ષ ઉમંગ સિંઘર (જમણે) અને પ્રદેશ પક્ષ પ્રમુખ જીતુ પટવારી સાથે મુલાકાત કરે છે.

# અમેરિકાની ચેતવણી: મેક્સિકો ઉપરથી ઉડાન ભરતી સમયે સાવધાન રહો

### 60 દિવસનો પ્રતિબંધ લાદ્યો; ગયા અઠવાડિયે ડ્રગ કાર્ટેલને લઈને હુમલાની ધમકી આપી હતી

**અમેરિકી, તા.17**

અમેરિકી ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) એ શુક્રવારે તેની એરલાઈન્સ માટે ચેતવણી જારી કરી. તેમાં કહેવામાં આવ્યું છે કે તેઓ મેક્સિકો, મધ્ય અમેરિકા અને દક્ષિણ અમેરિકાના કેટલાક ભાગો ઉપર ઉડાન ભરતી વખતે સાવચેત રહે. આ ચેતવણી સંભવિત લશ્કરી ગતિવિધિઓ અને GPS સિગ્નલમાં અવરોધના જોખમને કારણે આપવામાં આવી છે. FAA એ મેક્સિકો, મધ્ય અમેરિકી દેશો, ઈક્વાડોર, કોલંબિયા અને પૂર્વીય પ્રશાંત મહાસાગરના કેટલાક હવાઈ ક્ષેત્રો માટે નોટિસ ટુ એરમેન (NOTAM) જારી કર્યા છે. આ ચેતવણીઓ 16 જાન્યુઆરી 2026 થી શરૂ થઈને 60 દિવસ સુધી, એટલે કે



માર્ચ 2027 સુધી, પ્રભાવી રહેશે. મેક્સિકો સરકારે FAAની આ ચેતવણી પર પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે આ ફક્ત એક સાવચેતી છે. આનાથી મેક્સિકોની હવાઈ સીમા કે ત્યાંની એરલાઈન્સ પર કોઈ પાબંદી લાગી નથી. આ નોટિસ ફક્ત અમેરિકી ઓપરેટરો (એરલાઈન્સ) પર લાગુ પડે છે અને મેક્સિકોમાં ઉડાન સામાન્ય રીતે ચાલુ રહેશે. ટ્રમ્પે 8 ડિસેમ્બરે કહ્યું હતું કે મેક્સિકોમાં ડ્રગ કાર્ટેલ દેશ ચલાવી રહ્યા છે અને અમેરિકા તેમની વિરુદ્ધ જમીન પર હુમલા કરી શકે છે. વેનેઝુએલા પર કાર્યવાહી કર્યા બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 8 ડિસેમ્બરે કહ્યું હતું કે તેમનું પ્રશાસન ટૂંક સમયમાં જમીન પરના ડ્રગ કાર્ટેલને નિશાન બનાવવા માટે કાર્યવાહી શરૂ કરશે. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે મેક્સિકો પર ડ્રગ કાર્ટેલનું રાજ છે. આ અમેરિકામાં દર વર્ષે 2.5 લાખથી 3 લાખ લોકોના મોતનું કારણ બની રહ્યા છે. તેમણે કહ્યું કે સમુદ્રના રસ્તેથી ડ્રગ્સની તસ્કરીને 97% સુધી રોકી દેવામાં આવી છે, તેથી હવે જમીન પર કાર્યવાહી કરવામાં આવશે. જોકે તેમણે યોજનાઓ વિશે વધુ કોઈ માહિતી આપી ન હતી. મેક્સિકોના રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શીનબૉમે ટ્રમ્પના નિવેદનોનો સખત જવાબ આપ્યો છે. તેમણે માદુરોની ધરપકડ પછી કહ્યું કે અમેરિકા કોઈ પણ ક્ષેત્રનો માલિક નથી. ટ્રમ્પ બોલ્યા- મેક્સિકોમાં ડ્રગ કાર્ટેલ્સ ખતમ કરવાની ઓફર કરી, રાષ્ટ્રપતિ ન માન્યા, મેક્સિકોના રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શીનબૉમે સ્પષ્ટ કર્યું કે મેક્સિકો બીજા દેશોના આંતરિક મામલાઓમાં હસ્તક્ષેપને સંપૂર્ણપણે નકારે છે.

# ઘેડનો 1,800 કરોડનો વિકાસ માત્ર કાગળ પર?

### વર્ષ થવાં આવ્યું છતાં જમીન પર કામગીરી શૂન્ય, ખેડૂતોમાં ભારે રોષ, ચોમાસા પહેલા મંજૂરી નહીં મળે તો કરોડોના ભ્રષ્ટાચારની ભીતિ



**જુનાગઢ, તા.17**

ગુજરાતના નીચાણવાળા 'ઘેડ' વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલું 1800 કરોડનું પેકેજ માત્ર જાહેરાત બનીને રહી ગયું હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. ફેબ્રુઆરી, 2025ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાતને એક વર્ષ વીતવા છતાં હજુ સુધી પ્રોજેક્ટને માત્ર 'સૈદ્ધાંતિક મંજૂરી' મળી છે. જ્યારે વાસ્તવિક કામ માટે જરૂરી 'વહીવટી મંજૂરી' ફાઈલોમાં અટવાયેલી છે. ખેડૂત આગેવાનોનો આક્ષેપ છે કે, ડિસેમ્બરથી મે મહિના સુધીનો સમય કામગીરી માટે શ્રેષ્ઠ છે, પરંતુ જો સરકાર જૂન મહિનામાં મંજૂરી આપશે તો વરસાદમાં કામ ધોવાઈ જશે અને માત્ર બિલો બનાવી ભ્રષ્ટાચાર આચરવામાં આવશે. ખેડૂતોના મતે, દર વર્ષે નદી સફાઈના નામે લાખો રૂપિયા વેડફાય છે, છતાં પાણી ભરાવાની અને જમીન ધોવાણની કાયમી સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી, જેના કારણે ખેડૂતો આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા છે. ઘેડ વિસ્તારના વિકાસ માટે બજેટમાં 1500 કરોડ અને બાદમાં વધારાના 300 કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને રાજ્યના મંત્રીઓએ મોટા દાવા કર્યા હતા કે આ યોજનાથી દરિયાકાંઠાના વિસ્તારોમાં પાણી ભરાવાની અને ખારાશની સમસ્યા દૂર થશે. જોકે, વાસ્તવિકતા એ છે કે વહીવટી મંજૂરીના અભાવે ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ થઈ શકી નથી.

# 'ગોવિંદા સુધરી જા, મેં ખુકરી કાઢી તો ખેર નથી':સુનિતાએ પતિને ખખડાવ્યો

### 'દીકરીના લગ્ન કરાવ, દીકરાનું કરિયર સેટ કર, 63 વર્ષે છોકરીઓની પાછળ જવું શોભે છે?'





**છૂટાછેડાના સમાચાર કેવી રીતે શરૂ થયા હતા?**

ગોવિંદા-સુનિતાના છૂટાછેડાના સમાચાર 22 ઓગસ્ટ 2025થી હેડલાઈન્સમાં હતા. 'હોટરફ્લાય' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ના અહેવાલમાં જણાવાયું હતું કે સુનિતાએ ગોવિંદા પર લગ્નેતર સંબંધ અને ક્રૂરતાનો આરોપ લગાવીને છૂટાછેડા માટે અરજી કરી હતી. જોકે ગોવિંદાના નજીકનાં સૂત્રોનો સંપર્ક કર્યો અને આ સમાચારને પાયાવિહોણા ગણાવ્યા. રિપોર્ટ અનુસાર, સુનિતાએ હિન્દુ લગ્ન અધિનિયમ, 1955ની કલમ 13 (1) (i), (ia), (ib) હેઠળ છૂટાછેડા માટે અરજી કરી છે.

**મહારાષ્ટ્ર, તા.17**

બોલિવૂડનો 'હીરો નં.1' ગોવિંદા તેની પત્ની સુનિતા સાથેના સંબંધને લઈને છેલ્લા ઘણા સમયથી ચર્ચામાં છે. થોડા સમય પહેલાં તેમના છૂટાછેડા સમાચાર પણ ખૂબ ચર્ચામાં રહ્યા હતા. એવામાં સુનિતા આહુજાએ ફરી જાહેરમાં કબૂલ્યું છે કે ગોવિંદા ન તો સારો પતિ છે અને ન તો સારો પિતા. તેણે પતિને જાહેરમાં ખખડાવ્યો છે અને તેના અફેરની ચર્ચા વિશે ધમકી પણ આપી છે.

**ગોવિંદા 'પતિ નં.1' નથી**

વાસ્તવમાં સુનિતા આહુજાએ 'મિસ માલિની'ના પોડકાસ્ટ પર ગોવિંદાના અફેર વિશે ખૂલીને વાત કરી છે. સુનિતાએ એ પણ દાવો કર્યો છે કે દીકરા યશની કારકિર્દી પર ગોવિંદાએ રતીભાર પણ મદદ કરી નથી. સુનિતાએ ગોવિંદાને બેજવાબદાર પિતા ગણાવ્યો છે. હાલમાં પોડકાસ્ટનો માત્ર પ્રોમો જ સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે.

**'હું ખુકરી કાઢી લઈશ ને હાલત બગડી જશે'**

પોડકાસ્ટના પ્રોમોની શરૂઆતમાં સુનિતા કહે છે, 'હું ગોવિંદાને ક્યારેય માફ નહીં કરું. હું નેપાળની છું. ખુકરી (નેપાળનું પરંપરાગત શસ્ત્ર- વળાંકવાળી છરી કે નાની તલવાર) કાઢી લઈશ ને તો બધાની હાલત બગડી જશે. એટલે જ કહું છું કે સતર્ક થઈ જા બેટા, હજુ પણ સમય છે.'

**'તું થોડો બુદ્ધિ વગરનો છે. તું 63 વર્ષનો થઈ ગયો છે'**

બાદમાં ગોવિંદાના અફેરની હિન્ટ આપતાં સુનિતાએ કહ્યું, 'એવી ઘણી છોકરીઓ આવી, પણ તું થોડો બુદ્ધિ વગરનો છે. તું 63 વર્ષનો થઈ ગયો છે.' બાદમાં સુનિતા કોઈ છોકરીનું નામ લે છે, પરંતુ પ્રોમોમાં એને મ્યૂટ કરી દેવામાં આવ્યું છે. તે કહે છે, 'મને આ નામથી નફરત છે. આ નામ હટાવી દો.'

**'હું દુર્ગાનું રૂપ ધારણ કરી લઈશ'**

પછી તે તેના હાથમાં રહેલી માળા દેખાડતાં કહે છે, 'આ મારા કૃષ્ણ ભગવાનની છે, વૈજયંતીમાળા. મને રાધા-કૃષ્ણ પર ખૂબ શ્રદ્ધા છે. પતિ ગોવિંદા છે ને એટલે. એટલે જ ઘણી ગોપીઓ છે. એ જ ખોટું છે ને. તેને ખબર નથી, પછી હું દુર્ગાનું રૂપ ધારણ કરી લઈશ.

**'તું બાપ છો કે શું છો?'**

સુનિતાએ એ પણ દાવો કર્યો કે ગોવિંદા સારો પિતા બનવામાં પણ નિષ્ફળ સાબિત થયો છે. તેણે કહ્યું, 'તારે ટીના (દીકરી)ના લગ્ન કરાવવા જોઈએ. યશ (દીકરા)નું કરિયર સેટ કરવાનું છે. ગોવિંદાનો દીકરો હોવાના નાતે યશ ક્યારેય તેના પિતાને કહી નથી શકતો કે મારી મદદ કરી દો કે ક્યાંય ફોન લગાવી દો. ગોવિંદાએ પણ ક્યારેય તેની કોઈ મદદ કરી નથી. હું તો તેના મોઢા પર કહું છું કે 'તું બાપ છો કે શું છો?'

**છૂટાછેડાના સમાચાર કેવી રીતે શરૂ થયા હતા?**

ગોવિંદા-સુનિતાના છૂટાછેડાના સમાચાર 22 ઓગસ્ટ 2025થી હેડલાઈન્સમાં હતા. 'હોટરફ્લાય' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ના અહેવાલમાં જણાવાયું હતું કે સુનિતાએ ગોવિંદા પર લગ્નેતર સંબંધ અને ક્રૂરતાનો આરોપ લગાવીને છૂટાછેડા માટે અરજી કરી હતી. જોકે ગોવિંદાના નજીકનાં સૂત્રોનો સંપર્ક કર્યો અને આ સમાચારને પાયાવિહોણા ગણાવ્યા. રિપોર્ટ અનુસાર, સુનિતાએ હિન્દુ લગ્ન અધિનિયમ, 1955ની કલમ 13 (1) (i), (ia), (ib) હેઠળ છૂટાછેડા માટે અરજી કરી છે. આનો અર્થ એ છે કે છૂટાછેડા માટેનાં કારણો લગ્નેતર સંબંધો (અન્ય સ્ત્રીઓ સાથે શારીરિક સંબંધો રાખવા), ક્રૂરતા અને ત્યાગ (કારણ વગર જીવનસાથીને છોડી દેવા) છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કોર્ટે ગોવિંદાને હાજર થવા માટે નોટિસ મોકલી હતી, પરંતુ મે 2025માં કારણ બતાવો નોટિસ જારી ન થાય ત્યાં સુધી તે રૂબરૂ હાજર થયો ન હતો. જૂન 2025થી બંને કોર્ટ દ્વારા ફરજિયાત કાઉન્સેલિંગ સત્રોમાં આ મામલાને ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

2024માં પણ છૂટાછેડાના સમાચારે જોર પકડ્યું હતું

2024ના ડિસેમ્બરમાં પણ ગોવિંદા-સુનિતાના છૂટાછેડાના સમાચારોએ જોર પકડ્યું હતું. 5 ડિસેમ્બરે સુનિતાએ બાંદ્રા ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી હતી, જોકે થોડા સમય પછી તેણે પોતે મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'મને અને ગોવિંદાને કોઈ અલગ કરી શકે નહીં.'

# લંકા ભોગવિલાસનું કેન્દ્ર હોવા છતાં, હનુમાનજી માટે શું કામ બાધક બની નહીં!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. લંકાના દ્વારે લંકાની રક્ષા કરતી લંકીનિ ને તો હનુમાનજી એ એક મુષ્ઠીકાના પ્રહારથી બેવડી વાળી દીધી, અને એ પણ તરત જ દૈવીય શક્તિ ને ઓળખી ગઈ. આમ હનુમાનજી સીતા શોધના અભિયાનમાં શબરી જેવી ધૈર્યવાન શ્રદ્ધા, સ્વયં પ્રભા જેવી સાત્વિક બુદ્ધિ, સંપાત્તિ જેવી દીર્ઘ દ્રષ્ટિ, વિભિષણ જેવી સહાયક શક્તિ, અને મૈનાક, સુરસા, તેમજ લંકીનિ નામની અવરોધતી શક્તિનો મુકાબલો કરી, સીતા શોધનું રામ કાર્ય કરવા લંકામાં પ્રવેશ કર્યો, અને હવે ખુદ લંકા એની માટે એક જટિલ કોયડો બની છે, તો આજે આપણે ચિંતનમાં લંકા વિશે વાત કરીશું.

લંકા એટલે એક નગરી, અને લંકા નગરી એટલે સ્ત્રી શક્તિ વાચક સંજ્ઞા છે, હનુમાનજી માટે આ લંકા નામક શક્તિ દ્વારા પરમ શક્તિ સીતા સુધી કેમ પહોંચવું? હાલાકી હનુમાનજીએ સીતા દર્શન કર્યા નથી. લંકામાં પ્રવેશ મળી જતા હનુમાનજીના ઉત્સાહમાં બે ગણો વધારો થઈ ગયો, તેને એમ થયું કે હવે અભિયાન પુરુ થવાની કગારે છે, હમણાં માતા સીતા મને મળી જશે!! અને તે લગભગ લંકાના પ્રત્યેક મહેલમાં ડોકિયું કરી આવ્યાં હતાં, એટલે કે તપાસ કરી લીધી. પરંતુ તેમને સીતા માતા ક્યાંય દેખાયા નહીં! હાલાકી હનુમાનજી પોતે માતા સીતાને ક્યારે જોયા નહોતા, અને છતાં તેમને થયું કે ના આ તો સીતા નથી જ,અને એના કારણો પણ હતા. કારણકે રાક્ષસો સાથે અહીં સ્ત્રીઓ પણ મદિરા પાન કરી રહી હતી, અને સૌ કોઈ વ્યાભિચાર યુક્ત વર્તન કરી રહ્યા હતાં, એ પરથી હનુમાનજી અનુમાન બાંધે છે કે, આમાંથી કોઈ માતા સીતા હોય નહીં. પ્રભુ શ્રીરામની અર્ધાંગીની છે, તો એના જેટલું તેજ તો માતા સીતામાં હોવું જ જોઈએ, અને તે આ રીતે ક્યાંય રહે નહીં, તેમજ વર્તન પણ કરે નહીં. ઉપરાંત પ્રભુ શ્રીરામ વનમાં વસવાટ કરી રહ્યા છે, તો માતા-સીતા પણ મહેલમાં ન જ હોય! પતિ આજ્ઞા શીરોધરી તેણે 14 વર્ષ વનવાસ પસંદ કર્યો છે, એ સ્ત્રીની પતિવ્રતા શક્તિ પણ પ્રખર હોય, માટે આવું કોઈ સ્ત્રી પાત્ર સીતા હોવાને લાયક નથી. આમ આવડી મોટી લંકાનો ખૂણેખૂણો તપાસી લીધું છતાંએ, સીતાનો ક્યાંય પતો નથી, ત્યારે હનુમાનજી થોડા નિરાશ થયા છે, અસફળ થયા હોય તેવી લાગણી થઈ છે, અને તેને થયું કે આટલો મોટો સમુદ્ર પાર કર્યો, એટલા બધા વિઘ્નો વખતે પણ હિંમતથી અને બુદ્ધિથી દરેકનો મુકાબલો કરી લંકા સુધી પહોંચ્યો. પરંતુ શું મારે સીતાની શોધ કર્યા વગર જ પાછું જવું પડશે? અને આ રીતે તે પ્રભુ શ્રીરામ સાથે જ આંતરિક સંવાદ કરે છે, અને કહે છે કે હે પ્રભુ! હવે તો તમે જ કોઈ માર્ગ બતાવો, અને હનુમાનજી એક મહેલમાંથી બહાર નીકળે છે, ત્યાં તેને ભોગ અને વ્યાભિચારના કેન્દ્ર સમી લંકામાં એક હરિ ભક્તનું મંદિર દ્રશ્યમાન થાય છે.



લંકા એ ભોગવિલાસનું કેન્દ્ર હતી, અને હનુમાનજી તેમાં અટવાયા નહીં, તે બહુ મહત્વની વાત હતી. રામકાર્ય કરનારના માર્ગમાં આવા તો પ્રલભનોના કેટલાય અવરોધો આવે છે, પરંતુ ત્યાં રોકાવાનું હોતું નથી, એમાંથી ભક્તિરૂપી સીતા માતાની શોધ કરી, અને આગળ નીકળી જવાનું હોય છે. જે દરેકથી થતું નથી, અને એટલે જ રામકાર્ય સંપન્ન થતું નથી.

આ ઉપરાંત બીજી એક વાત હનુમાનજી એ કે સમુદ્રને તરીને પાર કેમ ન્હોતો કર્યો, એને લાંઘવાનું શું કામ પસંદ કર્યું. સમુદ્રને ભાવસાગર તરીકે જોઈએ તો, સંસાર સાગરમાં ડુબકી મારીએ પછી, બહાર નીકળી શકાતું નથી, અને એના દલદલમાં વધુને વધુ ફસાતાં જઈએ છીએ. જ્યારે રામ કાર્ય કરવાનો સંકલ્પ કરીએ, ત્યારે આપણે આ ભવ સાગરને નજર અંદાજ કરવો પડે છે. એટલે કે તેની ઉપરથી છલાંગ લગાવી પડે છે, પોતીકા રોંદણા કે પોતીકા સુખને માણવા માટેનો એ સમય નથી, એમ નક્કી કરી અને રામ કાર્ય માટે આગળ ધપવુ, એને લાંઘવું કહેવામાં આવે છે. હનુમાનજી સાગર પાર કરી શક્યાં, એનો મતલબ એ કે તેને સંસારની કોઈ આંટીઘૂંટીમાં ફસાયા નથી, અને સંસારને યાદ પણ કર્યો નથી. તેમજ માર્ગમાં આવતા વિઘ્નોને, ક્યારેક શક્તિથી તો ક્યારેક બુદ્ધિથી માત આપી છે, કોઈ સાથે વધુ સંઘર્ષ કે વધુ વિવાદમાં ઉતર્યા નથી.

આજનો યુગ તો મેનેજમેન્ટનો યુગ છે, અને કોઈપણ કાર્યની સફળતા માટે દરેક વસ્તુનું મેનેજમેન્ટ બરાબર હોય, એ બહુ જરૂરી છે, અને એની માટે કેટલાય પ્રેઝન્ટેશન બનાવવામાં આવે છે. પરંતુ હનુમાનજી પાસે એટલો સમય નહોતો, છતાં પણ તેને મેનેજમેન્ટના ગુરુ કહેવા પડે, એટલું સૂક્ષ્મ દર્શન કરી બધી વાતોનું તેણે સુંદર નિરુપણ કરી આ કાર્ય પાર પાડ્યું હતું. આપણે બધા જ રામરાજ્ય ઈચ્છીએ છીએ, પ્રભુ શ્રીરામના સેવક કહેવડાવવાને પણ તૈયાર છીએ, પરંતુ હનુમાનજી જેવું દાસત્વ સ્વીકારવાની આપણી તૈયારી હોય તો જ આપણે રામકાર્ય કરી શકીશું. એની માટે આપણે ઘણું ત્યાગવું પડે, અને સૌથી વધુ તો પદ પ્રતિષ્ઠાનો ત્યાગ કરી, અને શરણાગતિ સ્વીકારવી પડે, ત્યારે જ આપણે કંઈક પરિણામદાયક કાર્ય કરી શકીએ. પરંતુ આજના સમયના માનવીની દ્વિધા એ છે કે તે જે નથી કરતો એના તે ગાણા ગાય છે, અને જે કરે છે તે સંતાડતો ફરે છે. વસ્તુ પદાર્થ અને વ્યક્તિ એને એટલાં બધા વ્હાલા થઈ ગયાં છે, કે મારી સંસ્કૃતિ! મારો દેશ! મારા ઈષ્ટ ! મારા સદગુરુ ભગવાન! એની લાગણી હવે એટલી તીવ્ર રહી નથી, અને એને કારણે શરણાગતિનો ભાવ પણ એટલો તીવ્ર રહેતો નથી. જેને પરિણામે જ્ઞાન માત્ર જાણકારી બનીને રહી જાય છે, તેને અનુભવનું લેબલ લાગી શકતું નથી, અને એને કારણે સહજ બની શકતો નથી. ક્વોલેટી ન હોય એવી વસ્તુઓ કે જેનાં દામ કોડીના પણ ન્હોય એને હજારોમાં વહેંચીને આપણી બુદ્ધિની સફળતા પર ખુશ થતાં હોઈએ છીએ. પરંતુ, જે ખરેખર મૂલ્યવાન છે, અને એ આપણી સંસ્કૃતિ છે, છતાં એના પ્રચાર માટે આપણે કાચા પડીએ છીએ, જે હકીકત છે, અને એને કારણે આજે સમાજમાં આપણે મૂળ પૂર્વની સંસ્કૃતિ ઉજાગર કરતા ભારતીય છીએ, એવું કહેવડાવવાનું પણ ઘણા સાહસ કરતા નથી, એને લાગે છે કે આ લેબલ લાગવાથી તેને આગળ પર કોઈ દંડ મળી શકે, કે પછી સજા થઈ શકે,અને એથી જ આપણે સગવડિયો ધર્મ બજાવતા થઈ ગયા છીએ, સ્વાર્થને સાધતા થઈ ગયા છીએ. હકીકતમાં ધર્મ તો પરમાર્થ શીખવે! સહન કરતા શીખવે! શિકાયત કરતા શીખવે તેને ધર્મ કેમ કહેવો? આ આષાઢની ગુપ્ત નવરાત્રિ દરમિયાન પ્રભુ શ્રી રામની સીતા શોધ, એટલે પરાઅંબા આદ્યશક્તિની શોધ માટે સહાયક અને અવરોધક શક્તિ સાથે હનુમાનજી કંઈ રીતે મુકાબલો કરીને માતા સીતા સુધી પહોંચે છે,એ વિશે જોઈ રહ્યા છીએ. તો લંકાના પડાવ પર હનુમાનજી ક્ષણિક નિરાશ થઈ ગયા હતાં,પણ પછી પ્રભુ શ્રી રામ સાથે આંતરીક સંવાદ કરી ઉત્સાહ પ્રાપ્ત કર્યો, એટલે શીખ લેવાની કે જીવનમાં વિપરીત પરિણામ આવે ત્યારે હિંમત હાર્યા વગર જીવનને પોઝિટિવ એટલે કે હકારાત્મક અભિગમથી જીવવું, જેના કારણે આગળની દિશાના માર્ગ ખુલતા હોય છે, અજવાળા પથરાતા હોય છે, અને આપણી શ્રદ્ધા આપણને આપણા નિશ્ચિત મુકામ સુધી પહોંચાડી દે છે, જેમ હનુમાનજી પણ અશોક વાટિકામાં સીતા માતા સુધી પહોંચી શક્યા. આપણે સૌ પણ આપણા જીવનનાં ધ્યેય એટલે કે રામરાજ્ય સુધી પહોંચી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

## તંત્રી લેખ

### મહારાષ્ટ્રમાં શિવસેના-NCPના વોટ હવે ભાજપના : ઠાકરે મુંબઇ સુધી સમેટાઇ

મુંબઈ, નવી મુંબઈ, પુણે, નાગપુર, ઠાણે, પિંપરી ચિંચવડ અને નાસિક, મહારાષ્ટ્રની મોટા ભાગની મોટી મહાનગરપાલિકાઓ હવે BJPની છે. મહાનગરપાલિકાની ચૂંટણીમાં BJP એકતરફી જીતી, પરંતુ આ પરિણામોના અન્ય અર્થ પણ છે. મરાઠી માણસની રાજનીતિ કરનારા ઉદ્ધવ અને રાજ ઠાકરે મુંબઈ સુધી સીમિત રહી ગયા. એકનાથ શિંદે માત્ર થાણે જીતી શક્યા. BJPનો સાથ છોડી કાકા શરદ પવાર સાથે ચૂંટણી લડેલા અજિત પવાર સૌથી મોટા લૂઝર (હારનાર) બની ગયા. કોંગ્રેસ લાતૂર અને ચંદ્રપુર સિવાય દરેક જગ્યાએ હારી ગઈ. હવે માત્ર BJP જ આખા મહારાષ્ટ્રની પાર્ટી છે. પરિણામ દર્શાવે છે કે શિવસેના અને NCPમાં ભંગાણ બાદ વહેંચાયેલા મતો હવે BJP તરફ શિફ્ટ થઈ ચૂક્યા છે. આવું કેવી રીતે થયું, મહાનગરપાલિકા ચૂંટણીનાં પરિણામોના અર્થ શું છે, એ સમજવા માટે અમે BJP નેતાઓ ઉપરાંત મહારાષ્ટ્રની રાજનીતિને સમજતા નિષ્ણાતો સાથે વાત કરી.

પહેલો સવાલ: BJPને આટલી મોટી જીત કેવી રીતે મળી?

આનો જવાબ મહારાષ્ટ્ર BJPના એક સિનિયર લીડર આપે છે. તેઓ કહે છે: 'આ જીત ભલે આજે મળી છે, પરંતુ એની તૈયારી 6 વર્ષ પહેલાં શરૂ થઈ ગઈ હતી. 24 ઓક્ટોબર 2019ના રોજ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીનાં પરિણામો આવ્યાં હતાં. BJP 105 બેઠક જીતીને સૌથી મોટી પાર્ટી બની. સહયોગી શિવસેનાને 56 બેઠક મળી.'

'BJP દેવેન્દ્ર ફડણવીસને મુખ્યમંત્રી બનાવવા માગતી હતી, ત્યારે જ શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અડી ગયા. તેમણે મુખ્યમંત્રી બનવા માટે ગઠબંધન તોડી નાખ્યું. પહેલીવાર કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યું અને 28 નવેમ્બરે મુખ્યમંત્રી બની ગયા. ત્યારે જ નક્કી થઈ ગયું હતું કે શિવસેનાને તોડવાની છે. મહારાષ્ટ્રમાં BJPને પોતાના દમ પર ઊભી થયેલી પાર્ટી બનાવવાની છે. આજે જે પરિણામો આવ્યાં છે એ આ જ પ્લાનનો હિસ્સો હતો.' આ બાબતે અમે BJPમાં અમારા સોર્સ સાથે વાત કરી. તેઓ જણાવે છે કે અમારો પહેલો ટાર્ગેટ હતો- એકનાથ શિંદે દ્વારા શિવસેનાને તોડીને નબળી કરવી. આ પછી શિંદેને પણ મજબૂત ન થવા દેવા. બીજો ટાર્ગેટ હતો- અજિત પવાર દ્વારા શરદ પવારની NCPને તોડવી અને પછી તૂટેલી પાર્ટીને આમને-સામનેની લડાઈમાં હરાવી દેવી. 6 વર્ષ સુધી પ્લાન પર કામ ચાલતું રહ્યું અને BJPએ પહેલા વિધાનસભા અને હવે મહાનગરપાલિકા ચૂંટણીમાં પોતાની છેલ્લી ચાલ ચાલી દીધી. મહારાષ્ટ્રની બે મોટી પાર્ટી શિવસેના અને NCP એક મર્યાદામાં સીમિત રહી ગઈ. મહારાષ્ટ્રની 29 મહાનગરપાલિકામાંથી 23 BJPએ જીતી લીધી. આ પ્રથમ વખત છે જ્યારે મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પાર્ટીને આટલી મોટી જીત મળી છે.બાળઠાકરેની શિવસેનાના ગઢ મુંબઈ-થાણે, શરદ પવારવાળી NCPના ગઢ પશ્ચિમ મહારાષ્ટ્રના પુણે, સોલાપુર, કોલ્હાપુર અને કોંગ્રેસના દબદબાવાળું વિદર્ભ, BJPએ ત્રણેય પાર્ટીને ચૂંટણીમાં પસ્ત કરી દીધી. હવે પાર્ટી એવી સ્થિતિમાં છે કે તેને સહયોગીઓની જરૂર ન પડે.

### 18 જાન્યુઆરીએ અમદાવાદ સ્ટેશન પર ટ્રાફિક બ્લોકના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે



**અમદાવાદ, તા. 17**

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ સ્ટેશન પર પુનર્વિકાસનું કાર્ય ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. પુનર્વિકાસ કાર્યના અંતર્ગત અમદાવાદ સ્ટેશન પર રેલવે લાઈન સંખ્યા 06, 07, 08, 09 અને 10 ઉપર નવા દક્ષિણ ફૂટ ઓવર બ્રિજ (FOB)ના સ્પાન-03 માટે કમ્પોઝિટ સ્ટીલ ગર્ડરોનું લોન્ચિંગ કાર્ય એઆરટી ક્રેન તથા હાઈડ્રા ની મદદથી કરવામાં આવશે. આ કાર્ય માટે 18 જાન્યુઆરી 2026 ના રોજ ટ્રાફિક બ્લોક લેવામાં આવ્યો છે. આ બ્લોકના કારણે કેટલીક ટ્રેનો આંશિક રદ તથા કેટલીક ટ્રેનોને સંપૂર્ણ રીતે રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે:

18 જાન્યુઆરીના રોજ શોર્ટ ટર્મિનેટ થનારી ટ્રેનો

1. ગાડી સંખ્યા 19033 વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન એક્સપ્રેસ વટવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા વટવા અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
2. ગાડી સંખ્યા 22953 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ વટવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા વટવા અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

18 જાન્યુઆરીના રોજ સંપૂર્ણ રીતે રદ થનારી ટ્રેનો

1. ગાડી સંખ્યા 20959/20960 વલસાડ-વડનગર-વલસાડ ઈન્ટરસિટી સુપરફાસ્ટ એક્સપ્રેસ સંપૂર્ણ રીતે રદ રહેશે.
2. ગાડી સંખ્યા 19036/19035 મણિનગર-વડોદરા-વટવા ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણ રીતે રદ રહેશે.
3. ગાડી સંખ્યા 69101/69102 વડોદરા-વટવા-વડોદરા મેમુ સંપૂર્ણ રીતે રદ રહેશે.
4. ગાડી સંખ્યા 69115/69130 વડોદરા-વટવા-આણંદ મેમુ સંપૂર્ણ રીતે રદ રહેશે.
5. ગાડી સંખ્યા 59549/59550 વડોદરા-વટવા-વડોદરા સંકલ્પ ફાસ્ટ પેસેન્જર સંપૂર્ણ રીતે રદ રહેશે.

યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી આયોજન કરે. ટ્રેનો અંગેની વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને મુલાકાત લઈ શકે છે.

# ભગવાનમાં અતૂટ, અનન્ય અને અત્યંત ઊંડી પ્રીતિ, જેમાં ભક્તની વૃત્તિ સંપૂર્ણપણે ઈશ્વરમાં જ લીન થઈ જાય તે પરાભક્તિ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

એક વાચક મિત્રને પરાભક્તિ વિશે જાણવાની તાલાવેલી થઇ ત્યારે હું પણ તેને જાણવા પ્રયત્ન કર્યો જે તમે પણ જાણો પરા ભક્તિ એટલે ભગવાનમાં અતૂટ, અનન્ય અને અત્યંત ઊંડી પ્રીતિ, જેમાં ભક્તની વૃત્તિ સંપૂર્ણપણે ઈશ્વર માં જ લીન થઈ જાય છે આ એક ઉચ્ચતમ સ્તરની ભક્તિ છે,જે પરબ્રહ્મ સાથે એકાકાર થવાની ભાવના કેળવે છે,અને સનાતન ભારતીય ભક્તિ પરંપરા માં ગુણાતીતપુરુષો દ્વારા પ્રદર્શિત થતો ભક્તિનો શ્રેષ્ઠ આદર્શ છે. પરાભક્તિનીમુખ્યલાક્ષણિકતાઓ અતૂટ પ્રીતિ:ભગવાન પ્રત્યે અખૂટ પ્રેમ અને લગાવ.તદાકાર વૃત્તિ: મન અને વૃત્તિનું સંપૂર્ણપણે ઈશ્વર સાથે એકરૂપ થવું,બીજી કોઈ બાબતમાં ધ્યાન ન રહેવું.પરાબ્રહ્મ સાથે એકાકાર: પરબ્રહ્મ સાથે બ્રહ્મસ્વરૂપે અપાર પ્રીતિ અનુભવવી.

ગુણાતીત અવસ્થા: આ ભક્તિ ગુણાતીત પુરુષોની ઓળખ હોય છે, જેઓ સંસારના ગુણોથી પર હોય છે.

શ્રેષ્ઠ ભક્તિનો આદર્શ:ભક્તિના વિવિધ પ્રકારોમાં આ સર્વોચ્ચ સ્તરની ભક્તિ ગણાય છે.ટૂંકમાં, પરાભક્તિએ ઈશ્વર પ્રત્યેની એવી પરમ ભક્તિ છે, જ્યાં ભક્ત અને ભગવાન વચ્ચે કોઈ ભેદ રહેતો નથી અને ભક્તનું જીવન સંપૂર્ણ પણે ભગવન્મય બની જાય છે.

એકવાર, એક ખેડૂત લાકડાં લેવા જંગલમાં ગયો અને એક અદ્ભુત દૃશ્ય જોયું.એક શિયાળને બે પગ નહોતા,છતાં તે ખુશીથી પોતાનું જીવન જીવી રહયું હતું. જ્યારે તે શિકાર પણ પકડી શકતું ન હતું. ત્યારે તે કેવી રીતે બચી શકે? ખેડૂતને આ વાતથી આશ્ચર્ય થયું. તે જ સમયે,તેણે એક સિંહને દાંતમાં શિકાર પકડીને તેની પાસે આવતો જોયો.સિંહને જોઈને બધા પ્રાણીઓ ભાગી ગયા,ખેડૂત પણ એક ઝાડ પર ચઢી ગયો.તેણે સિંહને શિયાળ પાસે આવતા જોયો તેને જોયું તો સિંહે શિયાળ પર હુમલો કરવાને બદલે,તે જે શિકાર કરીને જતો હતો તે શિકારનો એક ભાગ પ્રેમથી અપંગ શિયાળ પાસે છોડી દીધો.

બીજા દિવસે પણ તેણે સિંહને શિયાળને પ્રેમથી ખવડાવતો અને ચાલ્યો જતો જોયો. ખેડૂતે આ અદ્ભુત કાર્ય માટે ભગવાનને નમન કર્યું.તેને સમજાયું કે ભગવાન જેનું સર્જન કરે છે તેમના માટે આજીવિકા પણ પૂરી પાડે છે.આ જાણીને,તે પણ એક નિર્જન જગ્યાએ ગયો અને ત્યાં શાંતિથી બેસી રહ્યો,ખોરાકની રાહ જોતો. ઘણા દિવસો વીતી ગયા,પણ કોઈ આવ્યું નહીં.તે મરતા મરતા પાછા ફરવા લાગ્યો. બસ,તે એક વિદ્વાન મહાત્માને મળ્યો.તેણે તેને ખોરાક અને પાણી આપ્યું. ખેડૂત તેના પગે પડ્યો અને તેને શિયાળ વિશે કહ્યું,'મહારાજ,ભગવાને તે લંગડા શિયાળ પર દયા કરી,પણ હું મૃત્યુથી માંડ માંડ બચી ગયો. ભગવાન મારા પર આટલો ક્રૂર કેમ બન્યો?'

મહાત્માએ ખેડૂતના માથા પર હાથ ફેરવ્યો અને સ્મિત સાથે કહ્યું, 'તમે એટલા મૂર્ખ હતા કે તમે ભગવાનનો સંકેત સમજી શક્યા નહીં,જેના કારણે તમારે આવી દુર્ઘટના સહન કરવી પડી. તમે કેમ ન સમજી શક્યા કે ભગવાન ઈચ્છે છે કે તમે તે સિંહ જેવા મદદગાર વ્યક્તિ બનો, લાચાર શિયાળ જેવા નહીં.'

ઈશ્વર કોઈને મારતા નથી. મનુષ્ય ને તેનું પાપ મારે છે. બેવસ્તુની બીક હંમેશાં રાખજો:પાપની અને ઈશ્વરની. નારદજી કંસ પાસે આવ્યા નારદજીએ કંસને કહ્યું, કંસ, તું ભોળો છે. તેં વસુદેવના બાળકને



છોડી દીધો તે ઠીક કર્યું નથી.ગમે તે આઠમો થઈ શકે છે.આઠમાને પહેલો ગણો તો આ આઠમો થશે. કંસ પૂછે છે,તો બધાં બાળકને મારી નાખું?નારદજીએ વિચાર્યું,બાપરે.. જો હું સંમતિ આપીશ તો મને પણ થોડું બ્રહ્મ હત્યાનું પાપ લાગશે. બીજાને પાપ માં પ્રેરણા કરે એ પણ પાપ છે. નારદજીએ કહ્યું,હું તો તને સાવધાન કરવા આવ્યો છું તને યોગ્ય લાગે તેમ કરજે. નારાયણ નારાયણ!નારદ આ પ્રમાણે કંસને ઉશ્કેરીને વિદાય થઈ ગયા.કંસ તે પછીવસુદેવ-દેવકીને કેદમાં રાખેછે વિના અપરાધે વસુદેવ-દેવકીને બેડી પડી છતાં તેમને મનમાં સમાધાન છે કે, પ્રભુને ઠીક લાગ્યું તેમ કર્યું. ભાગવત સ્મરણ કરવા માટે એકાંત મળ્યું. અતિ દુ:ખમાં પણ પ્રભુકૃપા જ સમજવી.

કંસ એ અભિમાન છે. અભિમાન સર્વને-જીવમાત્રને કેદમાં રાખે છે. સઘળા જીવો આસંસારરૂપી કારા ગૃહમાં પૂરાયેલા છે.આપણે બધા પણ કેદમાં છીએ. જીવ કામને આધીન છે ત્યાં સુધી તે સ્વતંત્ર નથી.સંસારએ કારાગૃહ છે બધાને બંધન છે.વસુદેવ-દેવકી કારાગૃહ માં પણ જાગે છે.આપણે બધાં સૂતાં છીએ જે જાગે છે તેને મળે છે.જે ઊંઘે છે તે ખોવે છે. ભગવાન માટે જાગે તેને ભગવાન મળે! કબીરજી કહે છે કે, દુનિયા કેવી સુખથી ખાય છેઅને ઊંઘેછે. દુ:ખી માત્ર હું છું, જાગું છું અને રોઉં છું.પણ રુદન મને વહાલું છે. ભક્તો કબીરની પેઠે જાગે છે અને રુવે છે અને તેમાં આનંદ માણે છે.આવી રીતે કંસે દેવકીનાં છ બાળકોનો નાશ કર્યો છે.માયા નો આશ્રય કર્યા વગર ભગવાન અવતાર ધારણ કરી શકતા નથી શુદ્ધ બ્રહ્મનો અવતાર થઈ શકતો નથી.ઈશ્વર શુદ્ધ સ્વરૂપે આવે તો જેને જેને તેનાં દર્શન થાય તેને મુક્તિ મળી જાય. નિવારણ બ્રહ્મ સાક્ષાત્કાર થાય તેને મુક્તિ મળે છે. માયાવરણ યુક્ત બ્રહ્મનાં દર્શન થાય તેને મુક્તિ મળતી નથી. યોગમાયા આવ્યાં.યોગમાયા દેવકીના સાત મા ગર્ભને રોહિણીના ઊદરમાં સ્થપાવે છે. રોહિણી સગર્ભા થયાં અને દાઉદજી મહારાજ પ્રગટ થયા. ભાદરવા સુદ બીજના રોજ. બળદેવ એ શબ્દબ્રહ્મનું સ્વરૂપ છે.શબ્દબ્રહ્મ પહેલાં આવે તે પછી પરબ્રહ્મ શ્રીકૃષ્ણ આવે. કંસ એ અભિમાન છે. અભિમાન સર્વને-જીવમાત્રને કેદમાં રાખે છે. સઘળા જીવો આસંસારરૂપી કારા ગૃહમાં પૂરાયેલા છે.આપણે બધા પણ કેદમાં છીએ. જીવ કામને આધીન છે ત્યાં સુધી તે સ્વતંત્ર નથી.સંસારએ કારાગૃહ છે બધાને બંધન છે.વસુદેવ-દેવકી કારાગૃહ માં પણ જાગે છે.આપણે બધાં સૂતાં છીએ જે જાગે છે તેને મળે છે.જે ઊંઘે છે તે ખોવે છે. ભગવાન માટે જાગે તેને ભગવાન મળે! કબીરજી કહે છે કે, દુનિયા કેવી સુખથી ખાય છેઅને ઊંઘેછે. દુ:ખી માત્ર હું છું, જાગું છું અને રોઉં છું.પણ રુદન મને વહાલું છે. ભક્તો કબીરની પેઠે જાગે છે અને રુવે છે અને તેમાં આનંદ માણે છે.આવી રીતે કંસે દેવકીનાં છ બાળકોનો નાશ કર્યો છે.માયા નો આશ્રય કર્યા વગર ભગવાન અવતાર ધારણ કરી શકતા નથી શુદ્ધ બ્રહ્મનો અવતાર થઈ શકતો નથી.ઈશ્વર શુદ્ધ સ્વરૂપે આવે તો જેને જેને તેનાં દર્શન થાય તેને મુક્તિ મળી જાય. નિવારણ બ્રહ્મ સાક્ષાત્કાર થાય તેને મુક્તિ મળે છે. માયાવરણ યુક્ત બ્રહ્મનાં દર્શન થાય તેને મુક્તિ મળતી નથી. યોગમાયા આવ્યાં.યોગમાયા દેવકીના સાત મા ગર્ભને રોહિણીના ઊદરમાં સ્થપાવે છે. રોહિણી સગર્ભા થયાં અને દાઉદજી મહારાજ પ્રગટ થયા. ભાદરવા સુદ બીજના રોજ. બળદેવ એ શબ્દબ્રહ્મનું સ્વરૂપ છે.શબ્દબ્રહ્મ પહેલાં આવે તે પછી પરબ્રહ્મ શ્રીકૃષ્ણ આવે.

જે બીજાને યશ આપે,પોતે લે નહીં તે યશોદા.યશોદા સર્વનેરાજી કરતાં હતાં.સર્વને યશઆપો અને અપયશ તમારા માથે રાખો તો ઠાકોરજી પ્રસન્ન થશે,પણ જીવ એવો દુષ્ટ છે કે,પોતાના માથે યશ રાખે અને અપયશ બીજાને માથે રાખે છે.

સર્વને આનંદ આપે તે નંદ. વાણી, વિચાર,વર્તન-સદાચારથી જે સર્વ ને આનંદ આપે તેને ત્યાં ભગવાન આવે છે.નંદબાબાએ સર્વનેઆનંદ આપ્યો છે,જે સર્વને આપે છે,તેને ત્યાં પરમાનંદ આવે છે.

બધા ગોવાળો શાંડિલ્યઋષિ પાસે આવી કહે,મહારાજ, કાંઈક કરો કે જેથી નંદજીના ઘરે છોકરાથાય શાંડિલ્ય ઋષિના કહેવાથી બધા એકાદશીનું વ્રત કરે છે. એકાદશી મહાન વ્રત છે. એકાદશીના દિવસે પાન-સોપારી ખવાય નહીં, દિવસે સૂવાય નહીં. ફળાહાર પણ થોડો જ કરવાનો. બારસે શું જમવાનું કરશું તેનો વિચાર એકાદશીએ કરો તો એકાદશીનો ભંગ થશે. એકાદશીને દિવસે ખૂબ ભાગવત સ્મરણ કરો ભાદ્ર સુદ ૧૧થી ગોકુળના બધા માણસો નિર્જળા એકાદશી વગેરે વ્રતો કરી તપશ્ચર્યા કરે છે,તેથી તે પછી ભગવાન ગોકુળમાં આવે છે આખું ગામ વ્રત કરે છે.બાળકો પણ કરે છે.પ્રત્યેકને એવું લાગે છે કે,હું નંદબાબા માટે તપ કરું છું. આ બાજુ દેવકીને આઠમોગર્ભ રહ્યો.કંસે સેવકોને કહ્યું, સાવધાન રહેજો, મારો કાળ હવે આવશે. સેવકોએ કહ્યું, અમે ઊંઘતા નથી ખડા પગે પહેરો ભરીએ છીએ બાળક થશે એટલે ખબર આપીશું.

વાચક ચાહક મિત્રો,આપણા જીવનમાં ઘણીવાર એવું બને છે કે આપણે વસ્તુઓને જે રીતે સમજવી જોઈએ તેના કરતાં અલગ રીતે સમજીએ છીએ. ભગવાને આપણને દરેકને કંઈક એવી શક્તિ આપી છે જે આપણ ને મહાન બનાવી શકે છે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# સેવા, સમર્પણ અને વિશ્વાસનો પર્યાય: અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વર્ષ 2025માં 11.60 લાખથી વધુ દર્દીઓએ લીધી ઓપીડી સેવા

**અમદાવાદ, તા. 17**

અમદાવાદ સિવિલ હોસ્પિટલ આજે માત્ર એક સરકારી આરોગ્ય સંસ્થા નહીં, પરંતુ લાખો નાગરિકોના વિશ્વાસ અને તેમના આરોગ્યની આશાનું કેન્દ્ર બની છે. રાજ્યની સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સૌથી મોટી અને વિશ્વસનીય સંસ્થા તરીકે કાર્યરત સિવિલ હોસ્પિટલ, અમદાવાદની કાર્યક્ષમતા અને પ્રતિબદ્ધતાના આંકડા તેની સેવાની સાક્ષી પૂરી રહ્યા છે. સિવિલ સુપ્રીટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોષીએ વર્ષ 2025 દરમિયાન સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને મળેલી વિવિધ સારવાર સુવિધાઓના આંકડા આપતા જણાવ્યું હતું કે, વર્ષ 2025માં કુલ 11,63,740 દર્દીઓએ ઓપીડી (OPD) સેવાઓનો લાભ લીધો છે, જ્યારે 1,04,840 દર્દીઓએ ઈન્ડોર (IPD) દર્દી તરીકે દાખલ થઈને સારવાર મેળવી છે. આ સિદ્ધિ અંગે ગૌરવ વ્યક્ત કરતા સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ વધુમાં જણાવ્યું હતું કે, ‘સિવિલ હોસ્પિટલ માત્ર આંકડાઓથી નહીં, પણ લાખો દર્દીઓના સ્મિત અને સંતોષથી ઓળખાય છે. અમારો ઉદ્દેશ્ય છે કે છેવાડાના માનવીને પણ અદ્યતન ટેકનોલોજી અને માનવતાભર્યા અભિગમ સાથે શ્રેષ્ઠ સારવાર મળે. વર્ષ 2025ના આ આંકડા અમારા તબીબો અને સ્ટાફની રાત-દિવસની મહેનત અને લોકોના અતૂટ વિશ્વાસનું પરિણામ છે.‘

નિદાન અને શસ્ત્રક્રિયામાં સિવિલનો સર્વોચ્ચ દેખાવ

- ગત વર્ષે રેકોર્ડબ્રેક 34,10,526 લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા છે, જે નિદાન ક્ષેત્રે હોસ્પિટલની સજ્જતા દર્શાવે છે.

- રેડિયોલોજી વિભાગ દ્વારા 3,98,710 એક્સ-રે, 24,292 સીટી સ્કેન અને 11,910 એમઆરઆઈ તપાસ કરવામાં આવી છે.

- સારવારની સફળતાની વાત કરીએ તો, વર્ષ દરમિયાન 54,868 સફળ ઓપરેશનો દ્વારા અનેક દર્દીઓને નવી જિંદગી મળી છે, જ્યારે 7,800 થી વધુ ડિલિવરી સુરક્ષિત રીતે કરવામાં આવી છે.

વિભાગવાર સારવારના આંકડા (વર્ષ 2025):

વર્ષ 2025 દરમિયાન સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગોમાં લાખો દર્દીઓએ સારવાર મેળવી છે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે:

મેડીસીન વિભાગ: હોસ્પિટલના સૌથી વ્યસ્ત ગણાતા આ વિભાગમાં 1,52,454 દર્દીઓએ ઓપીડી સેવા લીધી હતી અને 28,865 દર્દીઓને દાખલ કરીને સારવાર આપવામાં આવી હતી.

ઓર્થોપેડીક વિભાગ: હાડકાના રોગોની સારવાર માટે 1,09,837 દર્દીઓ ઓપીડીમાં આવ્યા હતા, જ્યારે 8,656 દર્દીઓને ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. ડર્મેટોલોજી (સ્કીન) વિભાગ: ચામડીના રોગોની સારવાર માટે વર્ષ દરમિયાન કુલ 1,08,667 દર્દીઓએ ઓપીડી સેવાનો લાભ લીધો હતો. પીડીયાટ્રીક વિભાગ: બાળકોના આરોગ્ય માટે આ વિભાગમાં 84,772 ઓપીડી અને 18,328 જેટલા બાળકોને દાખલ કરી સારવાર અપાઈ હતી. સ્ત્રીરોગ અને પ્રસુતા વિભાગ: આ વિભાગમાં 82,231 દર્દીઓએ ઓપીડીમાં નિદાન કરાવ્યું હતું અને 14,120 મહિલા દર્દીઓને ઈન્ડોર સુવિધા હેઠળ સારવાર મળી હતી. સર્જરી વિભાગ: શસ્ત્રક્રિયા માટે 55,707 દર્દીઓએ ઓપીડીનો સંપર્ક કર્યો હતો અને 18,329 દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા.

સુપર સ્પેશિયાલિટી વિભાગોની કામગીરી:

- પીડીયાટ્રીક સર્જરી, પ્લાસ્ટિક સર્જરી, યુરોલોજી, ન્યુરોસર્જરી તેમજ ન્યુરો મેડિસિન જેવા વિશિષ્ટ વિભાગોમાં પણ સેવાનું ઉમદા કાર્ય થયું છે. - આ વર્ષ દરમિયાન આ તમામ સુપર સ્પેશિયાલિટી વિભાગોમાં કુલ 1,58,847 દર્દીઓએ ઓપીડીમાં બતાવ્યું હતું અને 10,858 ગંભીર દર્દીઓને દાખલ કરીને વિશેષ સારવાર પૂરી પાડવામાં આવી હતી.

અદ્યતન સુવિધાઓ, અનુભવી તબીબો અને સમર્પિત પેરામેડિકલ સ્ટાફ સાથે ટેકનોલોજીનો સમન્વય કરી સિવિલ હોસ્પિટલ આજે ’સેવા પરમો ધર્મ’ના સૂત્રને ખરા અર્થમાં સાકાર કરી રહી છે. સારવારના આ આંકડા સિવિલ હોસ્પિટલની વિશાળ ક્ષમતા અને દર્દીઓ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ પ્રતિબિંબ પાડે છે.

## અમદાવાદ જિલ્લાના બાગાયતદાર ખેડૂતોએ સહાય મેળવવા માટે ખરીદીના બિલો 31 જાન્યુઆરી સુધીમાં આઈ-ખેડૂત પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે

**અમદાવાદ, તા. 17**

અમદાવાદ જિલ્લામાં બાગાયત ખાતાની વિવિધ સહાય લક્ષી યોજનાઓ હેઠળ પૂર્વ મંજૂરી મળેલ ખેડૂતોએ ખરીદી અંગેના બિલો 31 જાન્યુઆરી 2026 સુધી આઇ-ખેડૂત પોર્ટલ પર અપલોડ કરવા બાગાયત ખાતા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે બાગાયત ખાતા દ્વારા અમલી વિવિધ સહાયલક્ષી યોજનાઓ અંતર્ગત જે ખેડૂતોએ પેકિંગ મટીરીયલ્સ, હાઈબ્રીડ શાકભાજી બિયારણ, છુટ્ટા ફૂલો તેમજ જામફળ, આંબા અને લીંબુ જેવા વિવિધ ફળ પાકોના વાવેતર માટે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી હતી અને તેમને પૂર્વ-મંજૂરી મળી ગઈ છે, તેઓએ નિયત સમયમર્યાદામાં પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. આ ઉપરાંત ટ્રેલીઝ મંડપ (કાચા, અર્ધપાકા અને પાકા), કૃષિ યાંત્રીકરણ પ્રોત્સાહન, પ્લાસ્ટીક આવરણ (મલ્ચિંગ), પ્લાસ્ટીક કેરેટ, વજનકાંટા, શાકભાજી પાકો માટે ક્રોપ કવર તેમજ વેલાવાળા શાકભાજી માટે ટીસ્યું કલ્ચરથી ઉત્પન્ન થયેલ પ્લાન્ટીંગ મટીરીયલ જેવા ઘટકોમાં પૂર્વ-મંજૂરી મેળવનાર ખેડૂતોએ પણ આ સૂચનાનું પાલન કરવાનું રહેશે એમ નાયબ બાગાયત નિયામક શ્રી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. સહાયની રકમ મેળવવા માટે પાત્રતા ધરાવતા ખેડૂતોએ વાવેતર અથવા ખરીદીના અસલ બિલો અને તમામ જરૂરી સાધનિક કાગળો સાથે આઈ-ખેડૂત પોર્ટલ પર તા. ૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં ઓનલાઈન “ક્લેમ સબમિટ” (claim submit) કરવાના રહેશે. નિર્ધારિત સમયમર્યાદા બાદ અપલોડ થયેલ કાગળો કે બિલોને વહીવટી પ્રક્રિયામાં ધ્યાને લેવામાં આવશે નહીં. આ બાબતે વધુ માહિતી કે માર્ગદર્શન માટે ખેડૂતોએ નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પહેલો માળ, સી-બ્લોક, બહુમાળી ભવન-૧, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે રૂબરૂ અથવા ફોન નંબર ૦૭૯-૨૬૫૭૭૩૧૬ તેમજ ઈમેઈલ ddh.ahmedabad@gmail.com દ્વારા સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## અમદાવાદ SPIPA ખાતે ‘સ્પેશિયલ ફાઉન્ડેશન કોર્સ-૨૦૨૫’નો સમાપન સમારોહ સંપન્ન

**અમદાવાદ, તા. 17**

ગુજરાત સરકારની સર્વોચ્ચ તાલીમી સંસ્થા, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) ખાતે તા. ૧૦ નવેમ્બર ૨૦૨૫થી શરૂ થયેલા ‘સ્પેશિયલ ફાઉન્ડેશન કોર્સ-૨૦૨૫’નો સમાપન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય પ્રશાસન અકાદમી (LBSNAA), મસૂરીના ડેપ્યુટી ડાયરેક્ટર (Sr.) સુશ્રી દીપ કોન્ટ્રાક્ટર, IFS વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.સુશ્રી કોન્ટ્રાક્ટરે સ્પીપાના સુચારુ આયોજનની પ્રશંસા કરતા જણાવ્યું કે આ તાલીમ ભાવિ અધિકારીઓને સંવેદનશીલ અને નૈતિક જાહેર સેવક બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. તેમણે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરી તાલીમાર્થીઓને સત્યનિષ્ઠા, નિષ્પક્ષતા અને નિર્ણાયકતાના ગુણો કેળવવા અનુરોધ કર્યો હતો.તેમણે ઉમેર્યું કે વર્ષ ૨૦૨૨ની આ બેચ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, AI અને ડેટા ગવર્નન્સની પ્રથમ પેઢી છે. ’વિકસિત ભારત’ એ આપણો ધ્યેય છે અને છેવાડાના માનવી પ્રત્યે સમાનુભૂતિ રાખવી એ પ્રશાસનની પ્રાથમિકતા હોવી જોઈએ તેમ તેમણે ઉમેર્યું હતું.

સ્પીપાના સંયુક્ત નિયામકશ્રી એ.એ. ડોડિયાએ સ્ટાફની કામગીરીને બિરદાવી તમામ તાલીમાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે આસિસ્ટન્ટ કોર્સ કો-ઓર્ડિનેટર દ્વારા તાલીમનો સંક્ષિપ્ત અહેવાલ રજૂ કરાયો હતો, જેમાં ૮૧ અધિકારી-તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આયોજિત શૈક્ષણિક અને બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓની વિગતો આપવામાં આવી હતી. સમારોહમાં તાલીમાર્થીઓની ૧૦ સપ્તાહની સફર દર્શાવતી એક ભાવવાહી ટૂંકી ફિલ્મનું પ્રદર્શન અને તાલીમની ઝલક દર્શાવતી બુકલેટનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. વધુમાં, તાલીમ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર અધિકારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં રમતગમત, ફોટોગ્રાફી, ઈન્ડિયા ડે અને વિલેજ વિઝિટ જેવી પ્રવૃત્તિઓ તેમજ 'Esprit de Corps', ડાયરેક્ટર જનરલ્સ એસેસમેન્ટ હેઠળ શ્રેષ્ઠ તાલીમાર્થી અને ’ઓર્ડર ઓફ મેરિટ’ જેવા પ્રતિષ્ઠિત પુરસ્કારો એનાયત કરાયા હતા. આ પ્રસંગે સ્પીપાના નાયબ મહાનિદેશકશ્રી ચંદ્રેશ કોટક (IAS), નાયબ નિયામક શ્રી હાર્દિક પ્રજાપતિ, મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ સુશ્રી ધરતી શાહ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યું હતું.

## કુમારખાણ ગામે ટાટા મોટર્સ અને ધરતી ટ્રસ્ટના સહયોગથી ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઇ

**અમદાવાદ, તા. 17**

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના કુમારખાણ ગામમાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ અને ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક ખેતીની તાલીમ તથા ખેતીમાં સિંચાઈના વિકટ પ્રશ્નોના નિરાકરણ અંગે એક વિશેષ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકની શરૂઆતમાં ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાંતિભાઈ મકવાણાએ ટ્રસ્ટ દ્વારા ગ્રામીણ ઉત્થાન માટે ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ વિશે ગ્રામજનોને વિગતવાર માહિતી આપી હતી.વધુમાં, ટાટા મોટર્સના સી.એસ.આર. હેડ શ્રી સંપાદાસ ઘોષે ગ્રામીણ વિકાસમાં લોકભાગીદારી પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, કંપનીના સી.એસ.આર. ફંડ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓમાં જો ગામની સક્રિય સહભાગિતા વધે તો વધુ સારા પરિણામો મેળવી શકાય છે. ખેતી અને પાયાની સુવિધાઓના વિકાસ માટે કંપની હંમેશા ગ્રામીણ સમુદાયની પડખે હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, ખેતીમાં ગાય, વૃક્ષો અને મધમાખીનું યોગદાન અત્યંત જરૂરી છે. ખેડૂતોની આવક બમણી કરવા અને નાગરિકોને સ્વાસ્થ્યપ્રદ આહાર પૂરો પાડવા માટે હવે પ્રાકૃતિક ખેતી તરફ વળવું અનિવાર્ય બન્યું છે. શ્રી કાશીરામભાઈએ વધુમાં ઉમેર્યું હતું કે, સંસ્થા દ્વારા ખરીદવામાં આવેલા મિલેટ્સ પ્રોસેસિંગ યુનિટથી નળસરોવર કાંઠાના 15 જેટલા ગામોના ખેડૂતોને મોટો ફાયદો થશે. જે ખેડૂતો બંટી અને મોરૈયા જેવા પાકોનું મૂલ્યવર્ધન કરીને વેચાણ કરશે.

### 'ઝૂંપડું ત્યાં ઘર' યોજનાથી અમદાવાદ બનશે સ્લમ ફ્રી સિટી: મંત્રી દર્શનાબહેન વાઘેલા

## અમદાવાદમાં હાથીજણ ખાતે શહેરી ગૃહ નિર્માણ મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાના હસ્તે 40 આવાસોનો ડ્રો સંપન્ન

**અમદાવાદ, તા. 17**

અમદાવાદમાં હાથીજણ ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા નિર્મિત 40 આવાસોનો ડ્રો રાજ્યકક્ષાના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાના વરદ્હસ્તે યોજાયો હતો. આવાસોના લોકાર્પણ પ્રસંગે મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકાર દરેક નાગરિકનું પોતાના ઘરનું સ્વપ્ન સાકાર કરવા કટિબદ્ધ છે. ખાસ કરીને મહિલાઓ, દીકરીઓ અને બાળકોને સુવિધાજનક તેમજ સુરક્ષિત વાતાવરણ મળી રહે તે હેતુથી ગુણવત્તાયુક્ત આવાસનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ મકાનોમાં મેન્ટેનન્સના ખર્ચને ઘટાડવા માટે સોલર પેનલ લગાવવા પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, સરકાર માત્ર 5 લાખ રૂપિયાના રાહત દરે આધુનિક સુવિધાઓ ધરાવતા મકાનો પૂરા પાડી રહી છે. સુરતની જેમ અમદાવાદને પણ ખૂબ જ ટૂંક સમયમાં ’ઝૂંપડપટ્ટી મુક્ત શહેર’ બનાવવાનું લક્ષ્ય છે, જેના માટે ’ઝૂંપડું ત્યાં ઘર’ જેવી યોજનાઓ પર ઝડપથી કાર્ય થઈ રહ્યું છે. તેમણે આવાસ મેળવનાર લાભાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને અન્ય જરૂરિયાતમંદોને પણ આગામી સમયમાં ઘર મળી રહેશે તેવી ખાતરી આપી હતી. ’ડેમોન્સ્ટ્રેશન હાઉસિંગ પ્રોજેક્ટ’ હેઠળ 3400 ચોરસ મીટર વિસ્તારમાં EWS-II પ્રકારના 40 આવાસો તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં દરેક આવાસ એક બેડરૂમ, હોલ અને કિચન જેવી આધુનિક સુવિધાઓ ધરાવે છે. આ પ્રોજેક્ટમાં માત્ર રહેઠાણ જ નહીં, પરંતુ માળખાગત સુવિધાઓ જેવી કે સીસી રોડ, સોલર સ્ટ્રીટ લાઈટ, બાઉન્ડ્રી વોલ અને ગટર વ્યવસ્થાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. માત્ર 05 લાખ રૂપિયાના રાહત દરે પૂરા પાડવામાં આવતા આ મકાનો માટે 167 અરજીઓ મળી હતી, જેનો ડ્રો NIC ના સોફ્ટવેર દ્વારા સંપૂર્ણ પારદર્શી રીતે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી બાબુસિંહ જાદવ, શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ, ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાહત દરે આધુનિક સુવિધાઓ ધરાવતા મકાનો પૂરા પાડી રહી છે. સુરતની જેમ અમદાવાદને પણ ખૂબ જ ટૂંક સમયમાં ’ઝૂંપડપટ્ટી મુક્ત શહેર’ બનાવવાનું લક્ષ્ય છે, જેના માટે ’ઝૂંપડું ત્યાં ઘર’ જેવી યોજનાઓ પર ઝડપથી કાર્ય થઈ રહ્યું છે. તેમણે આવાસ મેળવનાર લાભાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને અન્ય જરૂરિયાતમંદોને પણ આગામી સમયમાં ઘર મળી રહેશે તેવી ખાતરી આપી હતી. ’ડેમોન્સ્ટ્રેશન હાઉસિંગ પ્રોજેક્ટ’ હેઠળ 3400 ચોરસ મીટર વિસ્તારમાં EWS-II પ્રકારના 40 આવાસો તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં દરેક આવાસ એક બેડરૂમ, હોલ અને કિચન જેવી આધુનિક સુવિધાઓ ધરાવે છે. આ પ્રોજેક્ટમાં માત્ર રહેઠાણ જ નહીં, પરંતુ માળખાગત સુવિધાઓ જેવી કે સીસી રોડ, સોલર સ્ટ્રીટ લાઈટ, બાઉન્ડ્રી વોલ અને ગટર વ્યવસ્થાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. માત્ર 05 લાખ રૂપિયાના રાહત દરે પૂરા પાડવામાં આવતા આ મકાનો માટે 167 અરજીઓ મળી હતી, જેનો ડ્રો NIC ના સોફ્ટવેર દ્વારા સંપૂર્ણ પારદર્શી રીતે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી બાબુસિંહ જાદવ, શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ, ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મેડિકલ ટૂરિઝમનું કેન્દ્ર બની રહી છે સિવિલ મેડિસિટી - 23 જાન્યુઆરી સુધી યોજાશે 18મો આંતરરાષ્ટ્રીય બ્લેડર એક્સટ્રોફી વર્કશોપ

# 14 દેશોના નિષ્ણાતો બ્લેડર એક્સટ્રોફીના જટિલ ઓપરેશન શીખવા પધારશે, 15 રાજ્યો અને નેપાળના મળીને કુલ 125 દર્દીઓને મળશે સારવારનો લાભ

### સિવિલ હોસ્પિટલના 'સેન્ટર ઓફ એક્સેલન્સ'માં ૧૮ વર્ષથી અમે બાળકોને નવજીવન આપવા સાથે વિશ્વના ડોક્ટરોને જટિલ સર્જરીની શ્રેષ્ઠ તાલીમ આપી રહ્યા છીએ – ડૉ. રાકેશ જોશી, પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા, સિવિલ હોસ્પિટલ

**અમદાવાદ, તા. 17**

એશિયાની સૌથી મોટી હોસ્પિટલ એવી અમદાવાદ સિવિલ મેડિસિટી ફરી એકવાર તબીબી ક્ષેત્રે ઈતિહાસ રચવા જઈ રહી છે. સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગ દ્વારા 17 થી 23 જાન્યુઆરી દરમિયાન 18મા આંતરરાષ્ટ્રીય બ્લેડર એક્સટ્રોફી વર્કશોપનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ માત્ર ગુજરાત કે ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના પીડિયાટ્રિક યુરોલોજી ક્ષેત્ર માટે મહત્વનું પ્લેટફોર્મ બની રહેશે.આ વર્કશોપની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં અમેરિકાની પ્રતિષ્ઠિત સીએટલ ચિલ્ડ્રન હોસ્પિટલ, ફિલાડેલ્ફિયા ચિલ્ડ્રન હોસ્પિટલ અને કેનેડાની સીક ચિલ્ડ્રન હોસ્પિટલ (ટોરોન્ટો)ના નામાંકિત તબીબો પોતાની સેવાઓ આપશે. આ તમામ નિષ્ણાતો કોઈપણ ચાર્જ લીધા વિના માત્ર સેવાની ભાવનાથી આ વર્કશોપમાં જોડાશે. વર્કશોપ દરમિયાન ભારતનાં 15 રાજ્યો (જેમાં હરિયાણા, પંજાબ, તેલંગાણા, અસમ, મણિપુર જેવા દૂરના રાજ્યો સામેલ છે) અને પડોશી દેશ નેપાળથી મળી કુલ 125 દર્દીઓ સારવાર માટે નોંધાયા છે. સિવિલ હોસ્પિટલ, અમદાવાદના પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડો. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલનો પીડિયાટ્રિક સર્જરી વિભાગ છેલ્લા 18 વર્ષથી આ પરંપરા જાળવી રહ્યો છે. અમારો ઉદ્દેશ્ય માત્ર સારવાર આપવાનો જ નહીં, પણ આ વિષયમાં વૈશ્વિક કક્ષાનું સંશોધન અને તાલીમ પૂરી પાડવાનો છે. 2020થી અમને મળેલું ’સેન્ટર ઓફ એક્સેલન્સ’નું બિરુદ એ અમારી શ્રેષ્ઠ સુવિધાઓ અને સચોટ પરિણામોનું પ્રમાણ છે.

તેમણે વર્કશોપ વિશે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે 17 અને 18 જાન્યુઆરીએ ફેકલ્ટી દ્વારા એકેડેમિક ડિસ્કશન કરવામાં આવશે, જેના આધારે ભવિષ્યમાં આ પ્રકારના બાળ દર્દીઓમાં વધુ સારી સારવાર અને સંભાળ કઈ રીતે થઈ શકે તેના ઉપર કામ કરવામાં આવશે. ત્યારબાદ 19 થી 23 જાન્યુઆરી દરમિયાન દરરોજ 8 થી 10 કલાક સુધી ચાલતી જટિલ સર્જરીઓ પરફોર્મ આવશે. અંદાજે 15 થી 20 જેટલા ગંભીર કેસોમાં ઓપરેશન કરીને બાળકોને સામાન્ય જીવન તરફ લઈ જવાનો પ્રયાસ કરવામાં આવશે. આ વર્કશોપમાં માત્ર ભારતીય જ નહીં, પરંતુ યુએસએ, કેનેડા, બ્રાઝિલ, પોલેન્ડ, કુવૈત, કતાર, કઝાકિસ્તાન, કોલંબિયા, કોરિયા, સ્પેન, ઈરાન, બેલ્જિયમ, એસ્ટોનિયા અને સ્વિટ્ઝર્લૅન્ડ જેવા 14 દેશોના રેસિડેન્ટ અને કન્સલ્ટન્ટ ડોક્ટરો તાલીમ મેળવવા આવશે. આંતરરાષ્ટ્રીય સ્તરે આટલી




મોટી સંખ્યામાં વિદેશી ડોક્ટરોનું અમદાવાદ આવવું એ સિવિલ હોસ્પિટલની કાબેલિયત દર્શાવે છે. વર્ષ 2020 માં સિવિલના પીડિયાટ્રિક સર્જરી વિભાગને બ્લેડર એક્સટ્રોફીની સારવાર માટે ’સેન્ટર ઓફ એક્સેલન્સ’ ની માન્યતા મળી છે. આ આધુનિક સુવિધાઓ અને નિષ્ણાત તબીબોની ટીમના કારણે જ આજે દેશ-વિદેશના દર્દીઓ માટે આ હોસ્પિટલ આશાનું કિરણ બની છે.

એશિયાની સૌથી મોટી હોસ્પિટલ એવી અમદાવાદ સિવિલ મેડિસિટી ફરી એકવાર તબીબી ક્ષેત્રે ઈતિહાસ રચવા જઈ રહી છે. સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગ દ્વારા 17 થી 23 જાન્યુઆરી દરમિયાન 18મા આંતરરાષ્ટ્રીય બ્લેડર એક્સટ્રોફી વર્કશોપનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ માત્ર ગુજરાત કે ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના પીડિયાટ્રિક યુરોલોજી ક્ષેત્ર માટે મહત્વનું પ્લેટફોર્મ બની રહેશે.આ વર્કશોપની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં અમેરિકાની પ્રતિષ્ઠિત સીએટલ ચિલ્ડ્રન હોસ્પિટલ, ફિલાડેલ્ફિયા ચિલ્ડ્રન હોસ્પિટલ અને કેનેડાની સીક ચિલ્ડ્રન હોસ્પિટલ (ટોરોન્ટો)ના નામાંકિત તબીબો પોતાની સેવાઓ આપશે. આ તમામ નિષ્ણાતો કોઈપણ ચાર્જ લીધા વિના માત્ર સેવાની ભાવનાથી આ વર્કશોપમાં જોડાશે. વર્કશોપ દરમિયાન ભારતનાં 15 રાજ્યો (જેમાં હરિયાણા, પંજાબ, તેલંગાણા, અસમ, મણિપુર જેવા દૂરના રાજ્યો સામેલ છે) અને પડોશી દેશ નેપાળથી મળી કુલ 125 દર્દીઓ સારવાર માટે નોંધાયા છે. સિવિલ હોસ્પિટલ, અમદાવાદના પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડો. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલનો પીડિયાટ્રિક સર્જરી વિભાગ છેલ્લા 18 વર્ષથી આ પરંપરા જાળવી રહ્યો છે. અમારો ઉદ્દેશ્ય માત્ર સારવાર આપવાનો જ નહીં, પણ આ વિષયમાં વૈશ્વિક કક્ષાનું સંશોધન અને તાલીમ પૂરી પાડવાનો છે. 2020થી અમને મળેલું ’સેન્ટર ઓફ એક્સેલન્સ’નું બિરુદ એ અમારી શ્રેષ્ઠ સુવિધાઓ અને સચોટ પરિણામોનું પ્રમાણ છે.

તેમણે વર્કશોપ વિશે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે 17 અને 18 જાન્યુઆરીએ ફેકલ્ટી દ્વારા એકેડેમિક ડિસ્કશન કરવામાં આવશે, જેના આધારે ભવિષ્યમાં આ પ્રકારના બાળ દર્દીઓમાં વધુ સારી સારવાર અને સંભાળ કઈ રીતે થઈ શકે તેના ઉપર કામ કરવામાં આવશે. ત્યારબાદ 19 થી 23 જાન્યુઆરી દરમિયાન દરરોજ 8 થી 10 કલાક સુધી ચાલતી જટિલ સર્જરીઓ પરફોર્મ આવશે. અંદાજે 15 થી 20 જેટલા ગંભીર કેસોમાં ઓપરેશન કરીને બાળકોને સામાન્ય જીવન તરફ લઈ જવાનો પ્રયાસ કરવામાં આવશે. આ વર્કશોપમાં માત્ર ભારતીય જ નહીં, પરંતુ યુએસએ, કેનેડા, બ્રાઝિલ, પોલેન્ડ, કુવૈત, કતાર, કઝાકિસ્તાન, કોલંબિયા, કોરિયા, સ્પેન, ઈરાન, બેલ્જિયમ, એસ્ટોનિયા અને સ્વિટ્ઝર્લૅન્ડ જેવા 14 દેશોના રેસિડેન્ટ અને કન્સલ્ટન્ટ ડોક્ટરો તાલીમ મેળવવા આવશે. આંતરરાષ્ટ્રીય સ્તરે આટલી મોટી સંખ્યામાં વિદેશી ડોક્ટરોનું અમદાવાદ આવવું એ સિવિલ હોસ્પિટલની કાબેલિયત દર્શાવે છે. વર્ષ 2020 માં સિવિલના પીડિયાટ્રિક સર્જરી વિભાગને બ્લેડર એક્સટ્રોફીની સારવાર માટે ’સેન્ટર ઓફ એક્સેલન્સ’ ની માન્યતા મળી છે. આ આધુનિક સુવિધાઓ અને નિષ્ણાત તબીબોની ટીમના કારણે જ આજે દેશ-વિદેશના દર્દીઓ માટે આ હોસ્પિટલ આશાનું કિરણ બની છે.



## વરસાદ પડ્યા પછી IND-BAN મેચ ફરી શરૂ થઈ

# એક ઓવર કાપવામાં આવી; અભિજ્ઞાન કુંડુએ ફિફ્ટી ફટકારી; વૈભવ સેન્ચુરી ચૂક્યો

**મુંબઈ, તા. 17**

અંડર-19 વર્લ્ડ કપમાં આજે ભારતનો સામનો બાંગ્લાદેશ સામે થઈ રહ્યો છે. બાંગ્લાદેશે ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. આ મેચ બુલાવાયોમાં રમાઈ રહી છે. વરસાદના વિલંબને કારણે, એક ઓવર ઘટાડવામાં આવી છે. મેચ હવે 49-49 ઓવરમાં રમાશે. હાલમાં ભારતનો સ્કોર 47 ઓવરમાં 224/9 છે. ટીમ તરફથી હેનિલ પટેલ અને દીપેશ દેવેન્દ્રન ક્રીઝ પર છે. આરએસ અંબરીશ (5 રન) શેખ પાવીઝ જીબોનની બોલિંગમાં કેચ આઉટ થયો. કેપ્ટન અઝીઝુલ હકીમ તમીમે કનિષ્ક ચૌહાણ (28 રન) અને વિહાન મલ્હોત્રા (7 રન)ની વિકેટ લીધી. ઈકબાલ હુસૈને હરવંશ પંગાલિયા (2 રન) અને વૈભવ સૂર્યવંશી (72 રન) ને આઉટ કર્યા. વેદાંત ત્રિવેદી (0) અને કેપ્ટન આયુષ મ્હાત્રે (6 રન)ને અલ ફહાદે આઉટ કર્યા.

વૈભવ યુથ વન-ડેમાં ભારત તરફથી સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં વિરાટ કોહલીથી આગળ નીકળી ગયો છે. તેણે કોહલીના 978 રનના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. આ સાથે જ તેણે યૂથ વન-ડેમાં એક હજાર રન પણ પૂરા કરી લીધા છે.

બંને ટીમની પ્લેઈંગ-11

ભારત: આયુષ મ્હાત્રે (કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, વેદાંત ત્રિવેદી, વિહાન મલ્હોત્રા, અભિજ્ઞાન કુંડુ (વિકેટકીપર), હરવંશ પંગાલિયા, આરએસ અંબરીશ, કનિષ્ક ચૌહાણ, હેનિલ પટેલ, દીપેશ દેવેન્દ્રન, ખિલન પટેલ.

બાંગ્લાદેશ: અજીઝુલ હકીમ તમીમ (કેપ્ટન), રિફત બેગ, જવાદ અબરાર, કલામ સિદ્દીકી અલીન, મોહમ્મદ રિઝાન હોસન, મોહમ્મદ ફરીદ હસન ફૈસલ, મોહમ્મદ સમિયુન બસીર રતુલ, શેખ પાવેઝ જિબોન, અલ ફહદ, સાદ ઈસ્લામ રજિન, ઈકબાલ હુસૈન.

**કુંડુ 80 રન બનાવીને આઉટ**

47મી ઓવરમાં ભારતે નવમી વિકેટ પણ ગુમાવી દીધી છે. ઓવરના છેલ્લા બોલ પર અલ ફહદે શોર્ટ પીચ બોલ ફેંક્યો હતો. અભિજ્ઞાન કુંડુ ફાઈન લેગની ઉપરથી શોટ રમવા ગયો, પરંતુ કોટ બિહાઈન્ડ થયો. તેણે શાનદાર 80 રન બનાવ્યા.

**અલ ફહદને વધુ એક વિકેટ મળી**

45મી ઓવરમાં ભારતે આઠમી વિકેટ પણ ગુમાવી દીધી છે. ઓવરના પહેલા બોલ પર અલ ફહદે શોર્ટ ઓફ ગુડ લેન્થ ફેંક્યો હતો. ખિલન પટેલ પુલ શોટ મારવા ગયો, પરંતુ કોટ બિહાઈન્ડ થઈ ગયો. તેણે 15 બોલમાં 8 રન બનાવ્યા હતા.

**ભારતનો સ્કોર 200ને પાર, કુંડુ ક્રિઝ પર**

43મી ઓવરમાં ભારતીય ટીમે 200 રનનો આંકડો પાર કરી લીધો છે. ખિલન પટેલે ઈકબાલ હુસૈનના પહેલા બોલ પર ચોગ્ગો ફટકાર્યો. આ ચોગ્ગાની મદદથી જ ભારતે 200 રનનો આંકડો વટાવ્યો છે.

**કુંડુને બીજી લાઈફ લાઈન મળી, વિકેટકીપર સ્ટમ્પિંગ ચૂક્યો**

42મી ઓવરમાં ભારતીય વિકેટકીપર અભિજ્ઞાન કુંડુને વધુ એક જીવનદાન મળ્યું છે. શેખ પાવેઝ જિબોનના બોલ પર બાંગ્લાદેશી વિકેટકીપર ફરીદ હસન ફૈસલ સ્ટમ્પિંગ કરવાની તક ચૂકી ગયો હતો. આ પહેલા કુંડુનો કેચ પણ ડ્રોપ થઈ ચૂક્યો છે.

**ભારતે સાતમી વિકેટ ગુમાવી, અંબરીશ આઉટ થયો**

40મી ઓવરમાં ભારતે તેની સાતમી વિકેટ ગુમાવી. આરએસ અંબરીશ 5 રન બનાવીને આઉટ થયો. તેને શેખ પાવેઝ જીબોને કેચ કરાવ્યો.

**વરસાદ પછી મેચ ફરી શરૂ, એક ઓવર કાપવામાં આવી**

વરસાદ બંધ થયા પછી મેચ ફરી શરૂ થઈ છે. એક ઓવર કાપવામાં આવી છે. આનો અર્થ એ થયો કે બંને ઈનિંગ્સમાં 49-49 ઓવર નાખવામાં આવશે.

**વરસાદના કારણે રમત અટકી, અભિજ્ઞાન-અંબરીશ અણનમ પરત ફર્યા**

વરસાદના કારણે રમત રોકવી પડી છે. વરસાદ આવતા પહેલા ભારતીય ટીમે 39 ઓવર પછી 6 વિકેટ ગુમાવીને 192 રન બનાવ્યા છે. અભિજ્ઞાન કુંડુ 63 રન અને આરએસ અંબરીશ 4 રન પર અણનમ પરત ફર્યા છે.

**કુંડુને જીવનદાન, રજિનથી કેચ છૂટ્યો**

39મી ઓવરમાં ભારતીય વિકેટકીપર અભિજ્ઞાન કુંડુને જીવનદાન મળ્યું. અલ ફહદની ઓવરના ત્રીજા બોલ પર સાદ ઈસ્લામ રજિનથી કેચ ડ્રોપ થઈ ગયો. ફહદનો શોર્ટ લેન્થ બોલ કુંડુના બેટના ઉપરના ભાગે વાગ્યો અને શોર્ટ ફાઈન લેગ પર હવામાં ઊંચો ઉછળ્યો. પરંતુ, રજિનથી કેચ છૂટી ગયો. તે કેચ લેવાના પ્રયત્નમાં ઈજાગ્રસ્ત પણ થયો હતો.

**અભિજ્ઞાન કુંડુની ફિફ્ટી પૂરી**

37મી ઓવરમાં અભિજ્ઞાન કુંડુએ પોતાની ફિફ્ટી પૂરી કરી છે. તેણે મોહમ્મદ રિઝાન હોસનના બીજા બોલ પર સિંગલ લીધો અને પોતાની અડધી સદીપૂરી કરી. કુંડુએ 82 બોલમાં ફિફ્ટી ફટકારી છે.

**બાંગ્લાદેશી કેપ્ટનને બીજી વિકેટ મળી, કનિષ્ક આઉટ**

36મી ઓવરમાં ભારતે છઠ્ઠી વિકેટ ગુમાવી દીધી છે. અહીં કનિષ્ક ચૌહાણ 28 રન બનાવીને આઉટ થયો. તેને અજીઝુલ હકીમ તમીમે કેચ આઉટ કરાવ્યો. તમીમે આ પહેલા વિહાન મલ્હોત્રા (7 રન)ની વિકેટ પણ લીધી હતી.

# મહાકાલના શરણે કિંગ કોહલી:કુલદીપ યાદવ સાથે ઉજ્જૈનમાં ભસ્મ આરતી કરી



**મુંબઈ, તા. 17**

ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે ઈન્દોરમાં રમાનારી મેચ પહેલાં વિરાટ કોહલી અને કુલદીપ યાદવ ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરે પહોંચ્યા. બંનેએ ત્રિપુંડ (તિલક) લગાવ્યું. ત્યાર બાદ ભસ્મ આરતીમાં ભાગ લીધો. મેચ રવિવારે હોલકર સ્ટેડિયમમાં રમાવાની છે. વિરાટ અને કુલદીપ શનિવારે સવારે લગભગ 4 વાગ્યે ભસ્મ આરતી માટે મહાકાલ મંદિરે પહોંચ્યા. બે કલાક સુધી નંદી હોલમાં બેસીને આરતીમાં હાજરી આપી. આ દરમિયાન તેઓ જાપ કરતા જોવા મળ્યા. ભસ્મ આરતી પછી વિરાટ અને કુલદીપે ભગવાનને જળ અર્પણ કર્યું. પછી નંદીજીનું પૂજન અર્ચન કરીને ભગવાન મહાકાલનાં દેહરીથી દર્શન કર્યા. આ પ્રસંગે મહાકાલ મંદિર સમિતિ દ્વારા બંનેનું સન્માન કરવામાં આવ્યું. કુલદીપ યાદવે કહ્યું હતું કે મહાકાલ મંદિરે આવીને ખૂબ સારું લાગ્યું. ક્રિકેટની સાથે-સાથે પોતાની લાઈફમાં પણ સારું કરતા રહો, ભગવાન મહાકાલના આશીર્વાદ બધા પર બની રહે બસ આ જ માગ્યું છે. જણાવીએ કે આ પહેલાં પણ વિરાટ અને કુલદીપ મહાકાલ મંદિરમાં દર્શન કરવા આવી ચૂક્યા છે. ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી મેચ માટે ટીમ ઈન્ડિયા ઈન્દોર પહોંચી છે. આ પહેલાં શુક્રવારે ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર આગર માલવા જિલ્લાના નલખેડા સ્થિત વિશ્વપ્રસિદ્ધ મા બગલામુખી મંદિરે પહોંચ્યા. અહીં તેઓ હવન-અનુષ્ઠાનમાં સામેલ થયા અને વૈદિક મંત્રોચ્ચાર કર્યા. પૂજા, અનુષ્ઠાન બાદ ગૌતમ ગંભીરે માતાના દરબારમાં થોડો સમય વિતાવ્યો. ગર્ભગૃહમાં મુખ્ય પૂજારી દિનેશ ગુરુએ તેમને માતાની ચૂંદડી ઓઢાડી. આ તરફ ક્રિકેટર કેએલ રાહુલ ઉજ્જૈનમાં મહાકાલ મંદિર પહોંચ્યા. અહીં તેમણે પૂજા કરી હતી. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ત્રણ મેચની વન-ડે સિરીઝ હાલમાં 1-1ની બરાબરી પર છે. સિરીઝની છેલ્લી અને નિર્ણાયક મેચ 18 જાન્યુઆરીએ ઈન્દોરમાં રમાશે. બંને ટીમોએ અત્યારસુધી એક-એક મેચ જીતી છે. આવી સ્થિતિમાં આ મેચ ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહેશે, કારણ કે જે ટીમ આ મેચ જીતશે તે સિરીઝ પર કબજો કરશે. ઈન્દોર આવેલા ગિલ 3 લાખનો વોટર પ્યુરિફાયર સાથે લાવ્યા: અહીં ગંદા પાણીથી અત્યારસુધીમાં 24નાં મોત; BCCIએ શેફ પણ મોકલ્યો ન્યૂઝીલેન્ડ સામે વન-ડે સિરીઝની છેલ્લી મેચ રમવા માટે ટીમ ઈન્ડિયા ઈન્દોર પહોંચી ગઈ છે. કેપ્ટન શુભમન ગિલ પોતાની સાથે લગભગ ત્રણ લાખ રૂપિયાની એક ખાસ વોટર પ્યુરિફિકેશન મશીન લઈને ઈન્દોર આવ્યા હતા. પાંચ દિવસીય મહાકાલ મહોત્સવ શરૂ: સીએમએ ભગવાનનું પૂજન કર્યું, બોલ્યા- ભોપાલની જેમ ઉજ્જૈનમાં પણ લાગશે વનમેળો શરૂઆત થઈ. આયોજન 18 જાન્યુઆરી સુધી મહાકાલ મહાલોક અને ત્રિવેણી સંગ્રહાલયમાં કરવામાં આવી રહ્યું છે. પહેલા દિવસે સીએમ ડો. મોહન યાદવે મહાકાલ મહોત્સવનું વિધિવત્ ઉદ્ઘાટન કર્યું. ડો. યાદવે ઉદ્ઘાટન પ્રસંગે કહ્યું હતું કે મધ્યપ્રદેશમાં બે જ્યોતિર્લિંગ છે.

### યેશા સાગરે ગ્રાઉન્ડ પર પોતાની સ્ટાઈલ અને સ્ક્રીન પ્રેઝન્સથી ફેન ફોલોઈંગ વધાર્યું

# કોણ છે WPLની મિસ્ટ્રી એન્કર, જે સોશિયલ મીડિયા પર છવાઈ?

### મોડલિંગથી એન્કરિંગ સુધીની સફર યેશા સાગર એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રી માટે નવું નામ નથી. તેણે પોતાના કરિયરની શરૂઆત મોડલિંગથી કરી હતી

**મુંબઈ, તા. 17**

WPL (વુમન્સ પ્રીમિયર લીગ) 2026 હાલમાં રમાઈ રહી છે. એની શરૂઆત 9 જાન્યુઆરીથી થઈ છે. આ T20 લીગની ફાઈનલ 5 ફેબ્રુઆરીએ વડોદરામાં રમાશે. આ WPLમાં એક સ્પોર્ટ્સ પ્રેઝન્ટર/એન્કર પણ છવાઈ ગઈ છે, તેના અનેક ફોટોઝ ચર્ચામાં છે. એન્કરનું નામ છે યેશા સાગર. તેના ઈન્સ્ટાગ્રામ પર જ અલગથી 12 લાખથી વધુ ફોલોઅર્સ છે. WPLની શરૂઆત થતાં જ યેશા વિશે Who is WPL anchor Yesha Sagar, mystery anchor જેવા કીવર્ડ સર્ચ થયા. WPL 2026ની ઓપનિંગ મેચ દરમિયાન યેશા સાગરે તેની શાનદાર એન્કરિંગ અને કેમેરા કોન્ફિડન્સથી તરત જ ધ્યાન ખેંચ્યું. જેનાથી 'WPL એન્કર વાઈરલ વીડિયો' સર્ચ ટ્રેન્ડિંગ કીવર્ડ બની ગયું. કોણ છે યેશા સાગર? યેશા સાગર એક મોડલ-ટર્ન્ડ એન્કર છે, જેણે WPL 2026ના ઓપનરમાં પોતાની સ્ક્રીન પ્રેઝન્સથી દર્શકોને પ્રભાવિત કર્યા. તેની સ્ટાઈલ, આત્મવિશ્વાસ અને કેમેરા સામેની સહજતાએ તેને રાતોરાત સોશિયલ મીડિયા સેન્સેશન બનાવી દીધી. મોડલિંગથી એન્કરિંગ સુધીની સફર યેશા સાગર એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રી માટે નવું નામ નથી. તેણે પોતાના કરિયરની શરૂઆત મોડલિંગથી કરી હતી અને બાદમાં એક્ટિંગની દુનિયામાં કદમ મૂક્યો. ગ્લેમરસ લુક અને દમદાર પ્રેઝન્સ તેની ઓળખ બની ચૂકી છે. યેશા સાગર અનેક લોકપ્રિય પંજાબી મ્યુઝિક વીડિયોમાં જોવા મળી ચૂકી છે. તેણે બાબુ માન અને જોરન સંધુ જેવા મોટા કલાકારો સાથે કામ કર્યું, જેનાથી ભારત જ નહીં, પરંતુ વિદેશોમાં પણ તેની સારીએવી ફેન ફોલોઈંગ બની ગયું. કેનેડાથી ઈન્ટરનેશનલ કરિયર પંજાબના કીરતપુર સાહિબમાં જન્મેલી યેશા હાલમાં કેનેડાના ટોરોન્ટોમાં રહે છે. ત્યાંથી જ તે પોતાના ઈન્ટરનેશનલ મોડલિંગ અને કન્ટેન્ટ પ્રોજેક્ટ્સને મેનેજ કરે છે અને ગ્લોબલ લેવલ પર પોતાની ઓળખ બનાવી રહી છે. સોશિયલ મીડિયા પર જબરદસ્ત ફેનબેઝ WPL 2026માં દેખાયા બાદ યેશાની લોકપ્રિયતા વધુ વધી ગઈ છે. ઈન્સ્ટાગ્રામ પર તેના 12 લાખથી વધુ ફોલોઅર્સ છે.



# ફિલ્મ ફ્લોપ જતાં કાર્તિક આર્યને ₹15 કરોડ પાછા આપ્યા!



**મુંબઈ, તા. 17**

કાર્તિક આર્યન અને અનન્યા પાંડેની ફિલ્મ 'તૂ મેરી મૈં તેરા મૈં તેરા તૂ મેરી' 25 ડિસેમ્બર 2025ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શકી નહીં અને ફ્લોપ સાબિત થઈ. ત્યારે કાર્તિકે ફીમાંથી 15 કરોડ રૂપિયા પાછા આપી દીધા હોવાની ચર્ચા છે. 'બોલિવૂડ હંગામા'ના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ફિલ્મ ન ચાલ્યા પછી કાર્તિકે પોતાની ફીમાંથી લગભગ 15 કરોડ રૂપિયા પ્રોડ્યુસર્સને પરત કરી દીધા છે. આ ફિલ્મ ધર્મા પ્રોડક્શન્સના બેનર હેઠળ બની હતી અને આ નિર્ણય એવા સમયે સામે આવ્યો છે, જ્યારે ફિલ્મના ફ્લોપ થયા બાદ કાર્તિક અને પ્રોડ્યુસર કરણ જોહર વચ્ચે મતભેદની અટકળો લગાવવામાં આવી રહી હતી. જોકે, રિપોર્ટમાં સૂત્રોના હવાલાથી આ સમાચારોને ખોટા ગણાવવામાં આવ્યા છે અને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બંને વચ્ચે કોઈ પ્રકારનો મનભેદ નથી. જણાવવામાં આવ્યું છે કે, ધર્માની ટેલેન્ટ એજન્સી અને કાર્તિકના સંબંધો પણ પહેલા જેવા જ છે. કાર્તિક હાલમાં ધર્મા પ્રોડક્શન્સની ફિલ્મ 'નાગઝિલા'નું શૂટિંગ કરી રહ્યો છે. ધર્મા સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે કે એક્ટર અને પ્રોડ્યુસર વચ્ચે બધું બરાબર છે અને બંને ભવિષ્યમાં વધુ એક ફિલ્મ પર પણ વાતચીત કરી રહ્યા છે. ફિલ્મ 'તૂ મેરી મૈં તેરા મૈં તેરા તૂ મેરી'નું અંદાજિત બજેટ લગભગ 90 કરોડ રૂપિયા હતું. ફિલ્મની કમાણીની વાત કરીએ, તો તેણે ભારતમાં લગભગ 32.45 કરોડ રૂપિયા અને વિશ્વભરમાં લગભગ 47.05 કરોડ રૂપિયાથી 49.5 કરોડ રૂપિયાની વચ્ચેની કમાણી કરી હતી. આ જ કારણોસર આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ ગણાઈ હતી. નોંધનીય છે કે, વર્ષ 2021માં એવા સમાચાર આવ્યા હતા કે 'દોસ્તાના 2'ના નિર્માણ દરમિયાન કાર્તિક આર્યન અને કરણ જોહર વચ્ચે અણબનાવ થયો હતો. આ પછી સમાચાર આવ્યા કે કાર્તિકને ફિલ્મમાંથી હટાવી દેવામાં આવ્યો છે. આ પછી, ધર્મા પ્રોડક્શન્સે સોશિયલ મીડિયા પર એક નિવેદન બહાર પાડ્યું, જેમાં જણાવ્યું હતું કે ફિલ્મ સ્થગિત કરવામાં આવી છે અને નવી કાસ્ટ સાથે ફરીથી શૂટ કરવામાં આવશે. કાર્તિક આર્યન અને કરણ જોહરે જયપુરમાં યોજાયેલા IIFA એવોર્ડ્સ 2025ને હોસ્ટ કર્યો હતો. આ એવોર્ડ શો દરમિયાન જ બંને વચ્ચે રેપ બેટલ થઈ હતી.

# મલાઈકાનું 20 વર્ષ નાના ગુજરાતી હીરાના વેપારી સાથે ઈલુ-ઈલુ?



**મુંબઈ, તા. 17**

મલાઈકા અરોરા ગયા વર્ષે ગુજરાતના ડાયમંડ બિઝનેસમેન હર્ષ મહેતા સાથે સ્પોટ થઈ હતી, જેના પછી તેની લવ લાઈફને લઈને અટકળો શરૂ થઈ ગઈ હતી. હવે એક્ટ્રેસે આ અફવાઓ પર પ્રતિક્રિયા આપી છે. ઉપરાંત તેણે તેના એક્સ બોયફ્રેન્ડ એક્ટર અર્જુન કપૂર વિશે પણ વાત કરી છે. ધ નમ્રતા ઝકારિયાના શોમાં અર્જુન વિશે વાત કરતા મલાઈકાએ કહ્યું- તે મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભલે ગમે તે થાય, તે મારા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે. હું મારા ભૂતકાળ કે ભવિષ્ય વિશે વધુ વાત કરવા માંગતી નથી. આ વિશે પહેલાથી જ ઘણું લખાઈ ચૂક્યું છે અને બતાવવામાં આવ્યું છે. મારું અંગત જીવન મીડિયા માટે ફીડિંગ ગ્રાઉન્ડ બની ગયું છે. જ્યારે હોસ્ટે અર્જુનને બ્રેકઅપ પછી હર્ષ વિશે પૂછ્યું, ત્યારે મલાઈકા કહે છે- લોકોને વાતો કરવી ગમે છે. જો તમને કોઈની સાથે સ્પોટ કરવામાં આવે, તમે બહાર જાઓ છો, તો તે ચર્ચાનો મુદ્દો બની જાય છે. હું કારણ વગર આ વાતોને હવા આપવા માંગતી નથી કારણ કે તેનાથી ખરેખર કોઈ ફાયદો થશે નહીં. 'માનો કે ન માનો, હું જ્યારે પણ બહાર નીકળી છું, પછી ભલે તે કોઈ જૂનો મિત્ર હોય, ગે ફ્રેન્ડ હોય, પરિણીત મિત્ર હોય, કોઈ જૂનો મિત્ર હોય, મેનેજર હોય કે કોઈ પણ હોય... મારું નામ તરત જ તે વ્યક્તિ સાથે જોડાઈ જાય છે. અમે તેના પર હસીએ છીએ અને મજાક કરીએ છીએ.' ગયા વર્ષે ઓક્ટોબરમાં મુંબઈમાં એનરિક ઈગ્લેસિયસના કોન્સર્ટમાં મલાઈકાને ડાયમંડ બિઝનેસમેન હર્ષ મહેતા સાથે જોવામાં આવી હતી.

# પ્રભાસ-તૃપ્તિની 'સ્પિરિટ'ની રિલીઝ ડેટ જાહેર

### કોરિયન, મેન્ડરીન અને જાપાનીઝ સહિત 8 ભાષામાં ફિલ્મ રિલીઝ થશે; દીપિકાની હકાલપટ્ટી બાદથી ફિલ્મ સતત ચર્ચામાં



**મુંબઈ, તા. 17**

દીપિકા પાદુકોણની હકાલપટ્ટી બાદથી જ ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાની 'સ્પિરિટ' સતત ચર્ચામાં છે. ત્યારે લાંબા સમયથી રાહ જોવાતી ફિલ્મ 'સ્પિરિટ'ની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. પ્રભાસ અને તૃપ્તિ ડિમરી સ્ટારર આ ફિલ્મ 5 માર્ચ 2027ના રોજ રિલીઝ થશે. ફિલ્મના મેકર ટી-સિરીઝે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર તેની જાહેરાત કરી. તેમણે એક બ્લેક એન્ડ વ્હાઈટ પોસ્ટર પોસ્ટ કર્યું, જેના કેપ્શનમાં લખ્યું હતું- 'યાદ રાખો, 'સ્પિરિટ' 5 માર્ચ, 2027ના રોજ વર્લ્ડ વાઈડ રિલીઝ થવા જઈ રહી છે. સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'સ્પિરિટ'ને આઠ ભાષાઓમાં રિલીઝ કરવામાં આવશે. આમાં તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમ, હિન્દી, મેન્ડરિન (ચીન), જાપાનીઝ અને કોરિયન ભાષાનો સમાવેશ થાય છે. ફિલ્મની રિલીઝ ડેટ સામે આવતા જ ચાહકોએ પણ પોતાની પ્રતિક્રિયા આપવાનું શરૂ કર્યું. ઘણા ચાહકોએ કોમેન્ટમાં પ્રભાસને નંબર 1 પાન ઈન્ડિયા સ્ટાર ગણાવ્યો. જ્યારે કેટલાક લોકોએ પોસ્ટ પર લખ્યું - 'રાહ જોઈ શકતા નથી.' કેટલાક ચાહકોએ પ્રશ્નાર્થ ભાવમાં કહ્યું કે, 2027 ખૂબ દૂર છે. આટલું મોડું કેમ?' નોંધનીય છે કે, નવા વર્ષના અવસરે મેકર્સે ફિલ્મનું પહેલું પોસ્ટર રિલીઝ કર્યું હતું. પોસ્ટરમાં પ્રભાસ અને તૃપ્તિ એક બારી પાસે ઉભેલા દેખાઈ રહ્યા છે. પ્રભાસ લાંબા વાળ, દાઢી અને મૂછો સાથે શર્ટલેસ જોવા મળ્યો હતો. તેના શરીર પર ઈજાના નિશાન અને ખભા, હાથ અને પીઠ પર ઘણી પટ્ટીઓ બાંધેલી છે. પ્રભાસના હોઠ વચ્ચે એક સિગારેટ છે અને એક હાથમાં દારૂનો ગ્લાસ છે. મેકર્સે પોસ્ટર શેર કરતા લખ્યું કે- 'ચાલો નવા વર્ષનું સ્વાગત જોશથી ભરેલા 'સ્પિરિટ'ના પહેલા પોસ્ટર સાથે કરીએ. તમને પહેલાથી જ અસ્તિત્વમાં રહેલી વસ્તુઓ ગમી.

## 1 એપ્રિલથી બદલાશે નિયમો; સરકારના આ નિર્ણયનાં 3 મોટાં કારણ

# ટોલ નાકા પર હવે રોકડા નહીં ચાલે : ફાસ્ટેગ-UPIથી ચુકવણી કરવી ફરજિયાત

## ટ્રાફિક જામ અને સમયનો બગાડ સમાપ્ત કરવાનો પ્રયાસ

**નવી દિલ્હી, તા. 03**

1 એપ્રિલથી દેશના તમામ ટોલ પ્લાઝા કેશલેસ થઈ જશે. નવા નિયમો લાગુ થયા પછી વાહનચાલકોને ટોલ ટેક્સ ચૂકવવા માટે ફક્ત ફાસ્ટેગ (FASTag) અથવા UPI પેમેન્ટનો જ ઉપયોગ કરવો પડશે. આ માહિતી ટીવી ન્યૂઝ ચેનલ આજ તકને આપેલા ઈન્ટરવ્યૂમાં કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયના સચિવ વી. ઉમાશંકરે આપી હતી. તેમણે કહ્યું કે ટોલ પર રોકડ (કેશ) વ્યવહારોને સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય ટોલ નાકાઓ પર લાગતી લાંબી કતારોને સમાપ્ત કરવી અને મુસાફરીને અવરોધમુક્ત બનાવવાનો છે. આ 'નો-સ્ટોપ' સિસ્ટમનો પાયલોટ પ્રોજેક્ટ હાલમાં દેશના 25 ટોલ પ્લાઝા પર પરીક્ષણ કરવામાં આવી રહ્યો છે. જોકે, હજુ સત્તાવાર નોટિફિકેશન આવવાનું બાકી છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય આ ડિજિટલ પરિવર્તનને લાગુ કરવા માટે અંતિમ સ્વરૂપ આપી રહ્યું છે. વર્તમાનમાં ફાસ્ટેગ ફરજિયાત હોવા છતાં ઘણી જગ્યાએ રોકડ વ્યવહારો થાય છે. ડિજિટલ પેમેન્ટ ન કરતા વાહનોને કારણે ટ્રાફિક જામની સ્થિતિ રહે છે. રોકડ વ્યવહાર બંધ થવાથી વાહનોને ટોલ બૂથ પર રોકાવું પડશે નહીં. ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા ઉપરાંત સરકાર આનાથી ત્રણ મુખ્ય લક્ષ્યો પૂરા કરવા માગે છે... ફ્યુઅલની બચત: ટોલ પ્લાઝા પર વાહનોના વારંવાર રોકાવા અને ચાલવાને કારણે ભારે માત્રામાં ડીઝલ અને પેટ્રોલનો બગાડ થાય છે. રોકડ સમાપ્ત થવાથી આ બચત થશે. પારદર્શિતા: દરેક લેણદેણનો ડિજિટલ રેકોર્ડ રહેશે, જેનાથી ટોલ કલેક્શનમાં થતી હેરાફેરી કે ગડબડીની શક્યતા સમાપ્ત થઈ જશે. ઝડપી મુસાફરી: છૂટા પૈસા (ચેન્જ)ના ચક્કરમાં થતી દલીલો અને મેન્યુઅલ રસીદ કાપવામાં લાગતો સમય બચશે. રોકડ ચુકવણી બંધ કરવી એ દેશમાં 'મલ્ટી-લેન ફ્રી ફ્લો' (MLFF) સિસ્ટમની દિશામાં પ્રથમ પગલું છે. સરકાર એવી ટેકનોલોજી પર કામ કરી રહી છે, જેમાં હાઈવે પર કોઈ ભૌતિક બેરિયર (નાકા) નહીં હોય. વાહનો હાઈવેની ઝડપે ચાલતા રહેશે અને કેમેરા અને સેન્સર્સની મદદથી ટોલ આપમેળે કપાઈ જશે. નવો નિયમ લાગુ થાય તે પહેલાં વાહન ચાલકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ તેમના ફાસ્ટેગ એકાઉન્ટને સક્રિય રાખે. જો તમે ફાસ્ટેગનો ઉપયોગ કરતા નથી, તો ખાતરી કરો કે તમારા સ્માર્ટફોનમાં UPI પેમેન્ટની સુવિધા ચાલુ હોય. 1 એપ્રિલ પછી ડિજિટલ પેમેન્ટ વિના ટોલ પ્લાઝા પર પહોંચવા પર તમને દંડ પણ ભરવો પડી શકે છે અથવા પાછા મોકલી શકાય છે. જોકે, નવા નિયમોની વિગતો આવવાની બાકી છે. FASTag યુઝર્સ માટે ખુશખબર, 1 ફેબ્રુઆરીથી KYV પ્રક્રિયાની ઝંઝટ ખતમ: હવે બેંકો જાતે જ વાહન પોર્ટલ પરથી ડેટા વેરિફાય કરશે, જાણો NHAIની નવી ગાઈડલાઈન, 1 ફેબ્રુઆરી 2026થી નવી કાર, જીપ અને વાન માટે ફાસ્ટેગ જારી કરતી વખતે હવે KYV (નો યોર વ્હીકલ) પ્રક્રિયાની જરૂર રહેશે નહીં.



# ચાંદી આ અઠવાડિયે ₹39,082 વધીને ₹2.82 લાખ પર પહોંચી

### સોનું ₹4,471 મોંઘું થઈને ₹1.41 લાખ પ્રતિ 10 ગ્રામ થયું, અમદાવાદમાં સાનું ₹1.43 લાખ

**નવી દિલ્હી, તા. 17**

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો. સોનું 4,471 રૂપિયા વધીને 10 ગ્રામ દીઠ 1,41,593 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 9 જાન્યુઆરી, શુક્રવારે 1,37,122 રૂપિયા પર હતું. અમદાવાદમાં 24 કેરેટ 10 ગ્રામ સોનાની કિંમત 1,43,839 છે. જ્યારે ચાંદી 2,42,808 રૂપિયા પ્રતિ કિલોથી વધીને 2,81,890 રૂપિયા પર પહોંચી ગઈ છે. એટલે કે આ અઠવાડિયે તેની કિંમતમાં 39,082 રૂપિયાનો વધારો થયો છે.

**2025માં સોનું 75% અને ચાંદી 167% મોંઘી થઈ**

ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા



દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

**સોનામાં તેજીના 3 મુખ્ય કારણો**

ડોલર નબળો - અમેરિકાના વ્યાજ દરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ.

# વાહનો નજીક આવતા હવે જાતે એકબીજાને એલર્ટ આપશે!

### માર્ગ અકસ્માતો રોકવા નવા વાહનોમાં V2V ચિપ ફરજિયાત, 4 વર્ષમાં 6.34 લાખ લોકોએ જીવ ગુમાવતા નિર્ણય

**મુંબઈ, તા. 17**

હવે વ્હીકલ નજીક આવતા જ એકબીજાને એલર્ટ કરશે. આ માટે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જાહેરાત કરી છે કે, સરકાર વર્ષ 2026ના અંત સુધીમાં દેશમાં 'વ્હીકલ-ટુ-વ્હીકલ' (V2V) કોમ્યુનિકેશન ટેકનોલોજીને ફરજિયાત કરવાની યોજના બનાવી રહી છે. આ ટેકનોલોજીની મદદથી ગાડીઓ રસ્તા પર ચાલતી વખતે એકબીજાને સેફ્ટી એલર્ટ મોકલી શકશે, જેનાથી ટક્કર અને અકસ્માતોને રોકી શકાશે. આ નિર્ણય 28 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરિવહન મંત્રીઓની બેઠક પછી લેવામાં આવ્યો છે. સરકારનો લક્ષ્ય 2030 સુધીમાં માર્ગ અકસ્માતોમાં થતા મૃત્યુને 50% સુધી ઘટાડવાનો છે.

**કેવી રીતે કામ કરશે ટેકનોલોજી: પાયલટની જેમ વાત કરશે ડ્રાઈવર્સ**

નિતિન ગડકરીએ આ સિસ્ટમ સમજાવતા જણાવ્યું કે, તેના અમલ પછી વાહનો એકબીજા સાથે એવી જ રીતે વાતચીત કરી શકશે, જેવી રીતે આકાશમાં પાયલટ કરે છે. દરેક વાહનમાં એક 'ઓન-બોર્ડ યુનિટ' (OBU) ફીટ કરવામાં આવશે. આ યુનિટ આસપાસના અન્ય વાહનોને પોતાની લોકેશન, સ્પીડ, ડાયરેક્શન અને બ્રેક લગાવવા જેવી માહિતી વાયરલેસ ટેકનોલોજી દ્વારા મોકલશે. આનાથી ડ્રાઈવરને ખતરો દેખાય, તે પહેલા જ એલર્ટ મળી જશે.

**ધૂમ્મસ અને જોખમી વળાંક પર પણ મળશે એલર્ટ**

V2V ટેકનોલોજી એવી પરિસ્થિતિઓમાં સૌથી વધુ કારગર સાબિત થશે, જ્યાં કેમેરા કે રડાર કામ કરી શકતા નથી.

ધુમ્મસ અને ઝાકળ: ઓછી વિઝિબિલિટી હોવા છતાં, પાછળની



ગાડીને ખબર પડી જશે કે, આગળની ગાડીએ અચાનક બ્રેક લગાવી છે.

બ્લાઈન્ડ સ્પોટ: જોખમી વળાંક કે ઈન્ટરસેક્શન પર સામેથી આવતી ગાડીનો સિગ્નલ પહેલેથી જ મળી જશે.

ઊભેલી ગાડીઓ: જો રસ્તા પર આગળ કોઈ ગાડી ખરાબ થઈને ઊભી હોય તો ડ્રાઈવરને દૂરથી જ તેની જાણ થઈ જશે.

**5 થી 7 હજાર રૂપિયા સુધી મોંઘી થઈ શકે છે ગાડીઓ**

સરકાર આ સમગ્ર કાર્યક્રમ પર લગભગ 5,000 કરોડ રૂપિયા ખર્ચ કરી શકે છે. જોકે, ગાડીઓમાં લાગતી ઓન-બોર્ડ યુનિટ (OBU)ની કિંમત 5,000 થી 7,000 રૂપિયાની વચ્ચે હોવાનો અંદાજ છે.

શરૂઆતમાં તેને નવી કાર, બસ અને ટ્રક માટે ફરજિયાત કરી શકાય છે. બાદમાં જૂની ગાડીઓમાં પણ તેને અલગથી લગાવવાનો નિયમ આવી શકે છે. જાણકારોનું માનવું છે કે તેનાથી ગાડીઓની કિંમતો વધી શકે છે.

# હવે મિનિટોમાં જ UPIથી ઉપાડી શકશો PFના પૈસા:નવી સિસ્ટમ એપ્રિલ સુધીમાં લોન્ચ થશે, તેનાથી જરૂરિયાતના સમયે ફટાફટ રૂપિયા મળશે

**નવી દિલ્હી, તા. 17**

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) ના લગભગ 8 કરોડ સબસ્ક્રાઈબર્સને UPI (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ) દ્વારા PF ના પૈસા ઉપાડવાની સુવિધા મળશે. કેન્દ્ર સરકાર એક એવી સિસ્ટમ તૈયાર કરી રહી છે જેનાથી PF મેમ્બર્સ સીધા UPI દ્વારા પોતાના પૈસા ઉપાડી શકશે. કેન્દ્રીય શ્રમ મંત્રાલય આ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે અને તેને એપ્રિલ 2026 સુધીમાં રોલઆઉટ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ સુવિધા શરૂ થવાથી ક્લેમ સેટલમેન્ટની લાંબી પ્રક્રિયા સમાપ્ત થઈ જશે અને મેમ્બર્સને તરત જ ફંડ મળી શકશે.

PTI ના રિપોર્ટ અનુસાર, નવી સિસ્ટમમાં EPF ફંડનો એક ભાગ 'ફ્રીઝ' (સુરક્ષિત) રાખવામાં આવશે, જ્યારે મોટો ભાગ સભ્યો માટે ઉપલબ્ધ રહેશે.

સભ્યો તેમના બેંક ખાતા સાથે લિંક કરેલા UPI પિનનો ઉપયોગ કરીને આ પૈસા સીધા તેમના ખાતામાં ટ્રાન્સફર કરી શકશે.

એકવાર પૈસા બેંક ખાતામાં આવ્યા પછી, યુઝર તેને ATM માંથી ઉપાડી શકે છે અથવા



ડિજિટલ પેમેન્ટ માટે ઉપયોગ કરી શકે છે.

હાલમાં, PF ઉપાડવા માટે સભ્યોને ઓનલાઈન અથવા ઓફલાઈન ક્લેમ ફોર્મ ભરવું પડે છે, જેમાં ઘણો સમય લાગે છે. જોકે, EPFO એ ઓટો-સેટલમેન્ટ મોડ શરૂ કર્યો છે, પરંતુ તેમાં પણ ઓછામાં ઓછા 3 દિવસનો સમય લાગે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, EPFO હાલમાં સોફ્ટવેર સંબંધિત કેટલીક ટેકનિકલ ખામીઓને દૂર કરવામાં વ્યસ્ત છે. આ ઠીક થતાં જ 8 કરોડ સભ્યોને સીધો ફાયદો મળશે.

**નોકરી છૂટ્યાના એક મહિના પછી PF ના 75% પૈસા કાઢી શકાશે**

PF ઉપાડના નિયમ હેઠળ, જો કોઈ સભ્યની નોકરી છૂટી જાય, તો તે 1 મહિના પછી PF ખાતામાંથી 75% પૈસા ઉપાડી શકે છે. તેનાથી તે બેરોજગારી દરમિયાન પોતાની જરૂરિયાતો પૂરી કરી શકે છે.

# સ્ટીલ કિંગ લક્ષ્મી મિત્તલના પિતાનું નિધન : પીએમ મોદીએ શોક વ્યક્ત કર્યો, લખ્યું- તેમની દરેક મુલાકાતને સાચવીને રાખું છું

**નવી દિલ્હી, તા. 17**

દુનિયાની બીજી સૌથી મોટી સ્ટીલ કંપની આર્સેલર મિત્તલના માલિક લક્ષ્મી મિત્તલના પિતા મોહનલાલ મિત્તલનું નિધન થયું છે. તેઓ 99 વર્ષના હતા. તેમણે લંડનમાં પોતાના પરિવાર વચ્ચે અંતિમ શ્વાસ લીધા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્યોગપતિ મોહનલાલ મિત્તલના નિધન પર શોક વ્યક્ત કર્યો. તેમણે મિત્તલની ઉદ્યોગ જગતમાં વિશિષ્ટતા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના તેમના ઉત્સાહની પ્રશંસા કરી. મોદીએ કહ્યું કે મિત્તલે સમાજની પ્રગતિ માટે અનેક પરોપકારી કાર્યો કર્યા. તેમના નિધનથી તેઓ દુઃખી છે અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

**લક્ષ્મી મિત્તલે કહ્યું- પિતા અસાધારણ વ્યક્તિ હતા**

આર્સેલર મિત્તલના એક્ઝિક્યુટિવ ચેરમેન લક્ષ્મી મિત્તલે તેમના પિતાના નિધનની જાણકારી આપતા કહ્યું કે તેમના પિતા એક અસાધારણ વ્યક્તિ હતા, જેમની મહેનત અને મજબૂત ધાર્મિક આસ્થા જીવનભર તેમની સાથે રહી. તેમણે જણાવ્યું કે 15 જાન્યુઆરીની સાંજે લંડનમાં પરિવારની વચ્ચે તેમના પિતાનું શાંતિપૂર્ણ નિધન થયું. તેઓ થોડા જ મહિનામાં 100 વર્ષના થવાના હતા.

લક્ષ્મી મિત્તલે કહ્યું કે તેમના પિતા રાજસ્થાનના નાના ગામ રાજગઢના હતા અને ખૂબ જ સાધારણ પરિવારમાં જન્મ્યા હતા. બાળપણથી જ તેમણે પોતાની પરિસ્થિતિઓથી ઉપર ઉઠવાનો સંકલ્પ લીધો હતો. તેમને મહેનત પર પૂરો ભરોસો હતો અને તેઓ માનતા હતા કે સફળતાની સૌથી મોટી ચાવી સખત મહેનત હોય છે. અભ્યાસ દરમિયાન પણ તેમને કોમર્સમાં ખાસ રુચિ હતી.

**પીયૂષ ગોયલે કહ્યું- તેમની હિંમત આવનારી પેઢીઓને પ્રેરણા આપશે**

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે પણ ઉદ્યોગપતિને યાદ કર્યા અને તેમના વિશેષ યોગદાન વિશે વાત કરી. ગોયલે X પર પોસ્ટ કર્યું- મોહન લાલ મિત્તલજીના નિધનથી દુઃખી છું. એક જાણીતા ઉદ્યોગપતિ, તેમણે એક મજબૂત વ્યવસાયિક વારસાનો પાયો નાખીને ઉદ્યોગ જગતમાં વિશેષ યોગદાન આપ્યું. તેમની હિંમત અને સમાજ સેવાના કાર્યો આવનારી પેઢીઓને પ્રેરણા આપતા રહેશે. દુઃખની આ ઘડીમાં તેમના પરિવાર અને પ્રિયજનો પ્રત્યે મારી સંવેદનાઓ. ઓમ શાંતિ.

**પરિવાર અને સંબંધોને હંમેશા આપ્યું મહત્વ**

લક્ષ્મી મિત્તલે જણાવ્યું કે વ્યવસાયમાં મોટી સફળતા હાંસલ કરવા છતાં તેમના પિતા જમીન સાથે જોડાયેલા રહ્યા. તેઓ પરિવાર અને મિત્રોની ખૂબ નજીક હતા અને જીવનની નાની-મોટી પળોને સાથે ઉજવવામાં વિશ્વાસ રાખતા હતા. તેઓ નિયમિત ફોન કરતા હતા અને જન્મદિવસ, લગ્નની વર્ષગાંઠ, ગ્રેજ્યુએશન જેવા પ્રસંગોએ હાજર રહેવાનો પૂરો પ્રયાસ કરતા હતા.

મોહન લાલ મિત્તલ પોતાના પાછળ પાંચ બાળકો, તેમના જીવનસાથી, 11 પૌત્ર-પૌત્રીઓ અને 22 પ્રપૌત્રો છોડી ગયા છે.

લક્ષ્મી મિત્તલે કહ્યું, "અમે બધા તેમને ખૂબ પ્રેમ કરતા હતા, તેમને ઊંડાણપૂર્વક યાદ કરીશું અને તેમના લાંબા, પ્રેરણાદાયક જીવન અને વારસાનું સન્માન કરીએ છીએ."

**રાજસ્થાનના ચુરુના રહેવાસી હતા**

રાજસ્થાન ભાજપના નેતા સતીશ પૂનિયાએ પોસ્ટ કરીને તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો. તેમણે લખ્યું- એક નાના ગામમાંથી નીકળીને આખી દુનિયામાં પોતાની ઓળખ બનાવનાર રાજસ્થાનના ચુરુ જિલ્લાના સાદુલપુર કસબામાં જન્મેલા મોહનલાલ મિત્તલનું નિધન ઉદ્યોગ જગતના એક યુગનો અંત છે. તેમના સુપુત્ર સ્ટીલ કિંગ લક્ષ્મી નિવાસ મિત્તલ સહિત સમસ્ત પરિવારજનોને આ કષ્ટ સહન કરવાની શક્તિ આપે.



# 'હું પાર્ટીમાં વ્યસ્ત હતો ને મિત્રે આત્મહત્યા કરી લીધી':'આ અપરાધભાવ મને જીવવા દેતો નથી'

**નવી દિલ્હી, તા. 17**

પ્રશ્ન- છ મહિના પહેલાં મારા એક મિત્રએ આત્મહત્યા કરી લીધી. હું સેકન્ડ યર પોસ્ટ ગ્રેજ્યુએશનનો વિદ્યાર્થી છું. આત્મહત્યાવાળી રાત્રે તેણે મારા મોબાઈલ પર ઘણી વાર ફોન કર્યો, પણ મેં ન ઉપાડ્યો. હું એક મિત્રના રૂમમાં પાર્ટી કરી રહ્યો હતો. અમારા ગ્રુપના બીજા બે લોકોને તેણે ફોન કર્યો, પણ અમારામાંથી કોઈએ ફોન ન ઉપાડ્યો. તે અવારનવાર અડધી રાત્રે દારૂ પીને ફોન કરતો હતો. અમને લાગ્યું કે તેણે પીધો છે, પછી માથું ખાશે. પણ બીજા દિવસે ખબર પડી કે તેણે પોતાના રૂમમાં ફાંસી લગાવી લીધી.

તે ઘટનાને છ મહિના વીતી ગયા છે, પણ હું તે વાતને ભૂલી નથી શકતો. હું એક વિચિત્ર ગિલ્ટમાં જીવી રહ્યો છું. વારંવાર લાગે છે કે તે રાત્રે જો મેં તેનો ફોન ઉપાડી લીધો હોત, તો આજે તે જીવતો હોત. હું ઘણી-ઘણી રાત સૂઈ નથી શકતો. દારૂનું વ્યસન ખૂબ વધી ગયું છે. આ ગિલ્ટમાંથી બહાર કેવી રીતે નીકળું?

નિષ્ણાત- ડૉ. દ્રોણ શર્મા, કન્સલ્ટન્ટ સાઈકિયાટ્રિસ્ટ, આયર્લેન્ડ, યુકે. યુકે, આઈરિશ અને જિબ્રાલ્ટર મેડિકલ કાઉન્સિલના મેમ્બર.

પ્રશ્ન પૂછવા બદલ તમારો આભાર. તમારી મનોસ્થિતિ સમજી શકાય છે. પરંતુ જો માત્ર એક લીટીમાં કહું તો, મિત્રના મૃત્યુ માટે પોતાને દોષી ઠેરવવા કે જવાબદાર માનવું યોગ્ય નથી. તમારો અપરાધભાવ એ વાતનો બિલકુલ પુરાવો નથી કે, તમે તમારા મિત્રના મૃત્યુ માટે જવાબદાર છો. પરંતુ આ એ વાતનો સંકેત ચોક્કસ છે કે, તમે એક સંવેદનશીલ અને જવાબદાર વ્યક્તિ છો, જે હવે ઊંડી પીડામાંથી પસાર થઈ રહ્યા છો. હું આગળ તમારા મનોવિજ્ઞાનને સમજાવવાનો અને સ્વ-મૂલ્યાંકન સાથે સ્વ-સહાયના કેટલાક સાધનો આપવાનો પ્રયાસ કરીશ. આગળ વધતા પહેલા જણાવી દઉં કે પ્રશ્ન પૂછીને તમે તમારી મદદની દિશામાં પહેલું પગલું ભર્યું છે. આ ખૂબ જ હિંમતનું કામ છે.

**આ માત્ર 'દુઃખ' કેમ નથી લાગી રહ્યું?**

કોઈ મિત્રના મૃત્યુ પછી દુઃખ, યાદો અને પસ્તાવો થવો એ સામાન્ય માનવીય પ્રતિક્રિયા છે. પરંતુ અહીં કેટલાક સંકેતો છે જે દર્શાવે છે કે મામલો ફક્ત સામાન્ય શોક (નોર્મલ ગ્રીફ) પૂરતો મર્યાદિત નથી.

ઘટનાના છ મહિના વીતી ગયા પછી પણ તે જ ઘટના મગજમાં વારંવાર ઘૂમી રહી છે.

અંદર ક્યાંક આ એક વિચાર અટકી ગયો છે કે: 'મારા કારણે આવું થયું.'

આ શોકની અસર ઊંઘ અને સ્વાસ્થ્ય પર પડી રહી છે. બંને સતત બગડી રહ્યા છે.

આ કારણે દારૂ પણ વધી ગયો છે. દારૂ પીવો એ પોતાના દુઃખનો સામનો કરવાનો મુખ્ય રસ્તો બની ગયો છે.

અહીં જ આપણા માટે નોર્મલ ગ્રીફ અને કોમ્પ્લિકેટેડ ગ્રીફ વચ્ચેનો ફરક સમજવો જરૂરી બની જાય છે.

શોક એ કોઈ સ્વજનના મૃત્યુ પછી થતી સ્વાભાવિક મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. તેમાં આઘાત, સુન્નતા, ઉદાસી, ગુસ્સો, અપરાધભાવ, યાદ અને તડપ જેવી બધી મનોભાવનાઓ પ્રગટ થાય છે. આ બધાંમાંથી પસાર થતાં વ્યક્તિ ધીમે ધીમે સ્વીકૃતિ એટલે કે સ્વીકાર્યતા તરફ આગળ વધે છે. આ બધાં તબક્કા કોઈ નિશ્ચિત ક્રમમાં ચાલતા નથી.

જો આ કિસ્સામાં શોક સામાન્ય રીતે આગળ વધી રહ્યો હોત, તો છ મહિના પછી પણ મિત્રની યાદ આવવા પર દુઃખ થાત. ક્યારેક એવો વિચાર આવતો કે 'કાશ મેં ફોન ઉપાડી લીધો હોત,' પરંતુ આ વિચારો મોજાંની જેમ આવતા અને પછી શાંત થઈ જતા. ઊંઘ અને અભ્યાસ ધીમે ધીમે સુધરતા અને અપરાધભાવ આખી જિંદગી પર હાવી ન થાત.

**જટિલ શોક (કોમ્પ્લિકેટેડ ગ્રીફ) - અહીં ચિત્ર શા માટે અલગ દેખાય છે?**

આ કિસ્સામાં શોક સાથે એક અપરાધભાવ પણ જોડાઈ ગયો છે, ખાસ કરીને તે બાબતને લઈને અપરાધભાવ, જે તમે કર્યું નથી. મગજ તે એક ક્ષણમાં ફસાઈ ગયું છે: 'જો તે દિવસે મેં ફોન ઉપાડ્યો હોત તો આજે તે જીવતો હોત.'

આને કોમ્પ્લિકેટેડ ગ્રીફ બાય ઓમિશન (complicated grief by omission) કહેવાય છે. આમાં શોક આગળ વધતો નથી, પરંતુ વ્યક્તિ વારંવાર તે જ એક ક્ષણ પર પાછો ફરતો રહે છે.

છ મહિના પછી પણ ઊંઘ ખરાબ છે, તબિયત બગડી છે અને દારૂનું સેવન વધ્યું છે. આ બધું એ વાતના સંકેત છે કે દુઃખ રૂઝાઈ રહ્યું નથી, પરંતુ ક્યાંક અટવાઈ ગયું છે.

**દારૂ અને કોમ્પ્લિકેટેડ ગ્રીફ- જોખમ શા માટે વધારે છે?**

કોમ્પ્લિકેટેડ ગ્રીફની સ્થિતિમાં દારૂ ઘણીવાર સેલ્ફ-મેડિકેશન બની જાય છે. દારૂ પીવાથી પીડા, અપરાધભાવ અને ઊંઘની સમસ્યાથી અસ્થાયી રૂપે રાહત મળે છે, પરંતુ આ રાહત ખરેખર હોતી નથી. આ એક પ્રકારનો ભ્રમ હોય છે, જે શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને વધુ નુકસાન પહોંચાડે છે. દારૂ અને કોમ્પ્લિકેટેડ ગ્રીફના જોખમો નીચેના ગ્રાફિકમાં જોઈએ- તમારા કિસ્સામાં દારૂનું સેવન વધવું એ એક ચેતવણી સંકેત છે. આ એ વાતનો સંકેત છે કે શોક અને અપરાધબોધનો સામનો કરવા અને તેને સંચાલિત કરવા માટે મગજ સુરક્ષિત રીતો શોધી શકતું નથી.

**શું દારૂ સમસ્યા બની રહ્યો છે?** CAGE ક્વેશ્ચનેર એક ટૂંકું, ચાર પ્રશ્નોવાળું સ્ક્રીનિંગ ટૂલ છે. ડોકટરો અથવા હેલ્થકેર પ્રોવાઈડર્સ તેનો ઉપયોગ દારૂના દુરુપયોગ અથવા તેની લતની સંભાવના શોધવા માટે કરે છે.

હાંસલપુર બાદ ખોરજમાં બીજો પ્લાન્ટ બનશે, કંપની 35,000 કરોડનું રોકાણ કરશે; 12,000 લોકોને રોજગારી મળશે

# ગુજરાતમાં દર વર્ષે મારુતિ સુઝુકીની 10 લાખથી વધુ કાર બનશે

- રાજ્ય સરકાર અને કંપનીના ડિરેક્ટર વચ્ચે રોકાણ એગ્રીમેન્ટ
- દર વર્ષે ગુજરાતમાં 10 લાખ કારનું ઉત્પાદન થશે

**ગાંધીનગર, તા.17**

ગાંધીનગરના ખોરજ ખાતે મારુતિ સુઝુકી દ્વારા રૂ. 35,000 કરોડના માતબર રોકાણ સાથે એક વિશાળ પ્રોજેક્ટ આકાર લેવા જઈ રહ્યો છે. જેમાં આજે 17 જાન્યુઆરીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આ પ્રોજેક્ટ માટેના ઈન્વેસ્ટમેન્ટ લેટર હેન્ડ ઓવર સેરેમની યોજાઈ હતી. આ પ્લાન્ટ કાર્યરત થવાથી વાર્ષિક 10 લાખ કારનું ઉત્પાદન કરવાની ક્ષમતા કેળવાશે, જે ગુજરાતના ઓટોમોબાઈલ સેક્ટરને નવી ઊંચાઈ પર લઈ જશે. આ પ્રોજેક્ટ દ્વારા અંદાજે 12,000 લોકોને રોજગારી પ્રાપ્ત થશે. હાંસલપુર બાદ 66 કિમીના અંતરમાં ગાંધીનગરના ખોરજમાં બીજો પ્લાન્ટ સ્થાપવાની કંપનીની તૈયારી. ગાંધીનગરના ખોરજમાં 1750 એકર જમીન પર મારુતિ સુઝુકી એક વર્ષમાં કુલ 10 લાખ કારના ઉત્પાદન ક્ષમતા ધરાવતો વિશ્વકક્ષાનો નવો વ્હિકલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ બનાવશે. આ પ્રોજેક્ટથી સીધા અંદાજે 12 હજારથી વધુ લોકોને રોજગાર મળશે. જ્યારે એન્સિલીયરી યુનિટ્સ અને MSME એકમોના વિકાસથી લગભગ 7.5 લાખ જેટલી પરોક્ષ રોજગારીનું સર્જન થશે. ગાંધીનગરમાં યોજાયેલી ઈન્વેસ્ટમેન્ટ લેટર હેન્ડ ઓવર સેરેમનીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મારુતિ સુઝુકીના મેનેજિંગ ડિરેક્ટર હિતાશી તાકેઉચીની ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર અને મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ વચ્ચે ઈનવેસ્ટમેન્ટ કરવામાં આવ્યા હતા. આ અવસરે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ અને મારુતિ સુઝુકીના ટોચના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ પ્રોજેક્ટ અંતર્ગત દર વર્ષે 2.5 લાખ કાર ઉત્પાદન ક્ષમતા ધરાવતા ચાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે, જેનાથી કુલ ઉત્પાદન ક્ષમતા 10 લાખ કાર પ્રતિ વર્ષ સુધી પહોંચશે. મારુતિ સુઝુકીનું આયોજન છે કે પ્રથમ પ્લાન્ટનું ઉત્પાદન 2029નાં નાણાકીય વર્ષથી શરૂ કરવામાં આવશે.



### દર વર્ષે ગુજરાતમાં 10 લાખ કારનું ઉત્પાદન થશે

આ પ્રોજેક્ટ અંતર્ગત દર વર્ષે 2.5 લાખ કાર ઉત્પાદન ક્ષમતા ધરાવતા ચાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે, જેનાથી કુલ ઉત્પાદન ક્ષમતા 10 લાખ કાર પ્રતિ વર્ષ સુધી પહોંચશે.

### 'ગુજરાત-જાપાન વચ્ચેના મજબૂત ઉદ્યોગ સંબંધો'

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, આ માત્ર એક નવો ઓટોમોબાઈલ પ્લાન્ટ નહીં પરંતુ દેશના સૌથી મોટા અને સ્પર્ધાત્મક ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ કોરિડોરને વધુ મજબૂત બનાવવાનું મહત્વપૂર્ણ પગલું છે.

**35 હજાર કરોડનું નવા ઈન્વેસ્ટમેન્ટનું એમઓયુ** સુરતમાં વીર નર્મદ યુનિવર્સિટીના કાર્યક્રમમાં Dy.cm. હર્ષ સંઘવી જણાવ્યું હતું કે, કોઈપણ વિકાસનું કાર્ય કે કોઈપણ વિષય ઉપર કોઈપણ કામ અને કોઈ રિઝલ્ટ એક દિવસમાં નથી આવતા.

# દીકરીની નજર સામે જ પિતાનું મોત: અમદાવાદમાં BRTS કોરિડોરમાં પિતા-પુત્રીનો અકસ્માત

**પોલીસે આ અંગે મૃતક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બાપુનગરમાં રહેતા કેતન પંચાલ તેમની 16 વર્ષની દીકરીને લઈને રાતે 11:30 વાગ્યે આસ્ટોડિયા દરવાજા પાસેથી BRTS કોરિડોરમાંથી એક્ટિવા લઈને જઈ રહ્યા હતા**

**અમદાવાદ, તા.17**

અમદાવાદ શહેરના આસ્ટોડિયા દરવાજા પાસે ગત(16 જાન્યુઆરી) મોડીરાત્રે એક્ટિવા પર પિતા-પુત્રી જઈ રહ્યાં હતાં ત્યારે BRTSની રેલિંગમાં અકસ્માત થયો હતો. પિતા-પુત્રી એક્ટિવા પર પૂરઝડપે BRTSની રેલિંગમાં અથડાતાં એક્ટિવાચાલક પિતા કેતન પંચાલનું સ્થળ પર જ ગંભીર ઈજાને કારણે મોત થયું છે, જ્યારે 16 વર્ષની પુત્રીને માથામાં ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. પોલીસે આ અંગે મૃતક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બાપુનગરમાં રહેતા કેતન પંચાલ તેમની 16 વર્ષની દીકરીને લઈને રાતે 11:30 વાગ્યે આસ્ટોડિયા દરવાજા પાસેથી BRTS કોરિડોરમાંથી એક્ટિવા લઈને જઈ રહ્યા હતા ત્યારે પૂરઝડપે એક્ટિવા BRTSની રેલિંગ સાથે અથડાયું હતું. BRTS રેલિંગ સાથે અથડાતાં જ એક્ટિવાચાલક કેતન પંચાલને માથામાં ગંભીર ઈજા થઈ હતી, જ્યારે તેમની દીકરીને પણ માથામાં ઈજા પહોંચી હતી. બનાવની જાણ થતાં એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચી હતી. અકસ્માતમાં માથામાં ગંભીર ઈજા થવાને કારણે કેતન પંચાલનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે તેમની દીકરીને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. કેતન પંચાલના મૃતદેહને



પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. સમગ્ર મામલે ઈ ડિવિઝન ટ્રાફિક-પોલીસે મૃતક કેતન પંચાલ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પાટણમાં આજે (17 જાન્યુઆરી) વહેલી સવારે એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. વહેલી સવારે શાકભાજી વેચીને પરત ફરતા બે સગા ભાઈને ટર્બો ટ્રકે ટક્કર મારતાં એકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે, જ્યારે એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. અમદાવાદ શહેરના આસ્ટોડિયા દરવાજા પાસે ગત(16 જાન્યુઆરી) મોડીરાત્રે એક્ટિવા પર પિતા-પુત્રી જઈ રહ્યાં હતાં ત્યારે BRTSની રેલિંગમાં અકસ્માત થયો હતો. પિતા-પુત્રી એક્ટિવા પર પૂરઝડપે BRTSની રેલિંગમાં અથડાતાં એક્ટિવાચાલક પિતા કેતન પંચાલનું સ્થળ પર જ ગંભીર ઈજાને કારણે મોત થયું છે, જ્યારે 16 વર્ષની પુત્રીને માથામાં ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. પોલીસે આ અંગે મૃતક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બાપુનગરમાં રહેતા કેતન પંચાલ તેમની 16 વર્ષની દીકરીને લઈને રાતે 11:30 વાગ્યે આસ્ટોડિયા દરવાજા પાસેથી BRTS કોરિડોરમાંથી એક્ટિવા લઈને જઈ રહ્યા હતા ત્યારે પૂરઝડપે એક્ટિવા BRTSની રેલિંગ સાથે અથડાયું હતું. BRTS રેલિંગ સાથે અથડાતાં જ એક્ટિવાચાલક કેતન પંચાલને માથામાં ગંભીર ઈજા થઈ હતી, જ્યારે તેમની દીકરીને પણ માથામાં ઈજા પહોંચી હતી. બનાવની જાણ થતાં એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચી હતી. અકસ્માતમાં માથામાં ગંભીર ઈજા થવાને કારણે કેતન પંચાલનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે તેમની દીકરીને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. કેતન પંચાલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે.

# હાથમાં દારૂની બોટલ-બંદૂક લઈ નબીરાએ ધાબુ માથે લીધું

**ઉત્તરાયણે આકાશમાં પતંગ ને અગાસીમાં 'ઝૂમ બરાબર ઝૂમ'; વીડિયો વાઈરલ થતાં 4ની ધરપકડ**

**અમદાવાદ, તા.17**

ઉત્તરાયણ હર્ષોઉલ્લાસનો તહેવાર છે. લોકો પરિવાર સાથે અગાસી પર બે દિવસ ધામધૂમથી ઉજવણી કરે છે. આ હર્ષોઉલ્લાસના તહેવારમાં નબીરાઓ પણ છાકટા બન્યા હતા. અમદાવાદ અને નડિયાદમાં નબીરાઓએ અગાસી પર જાહેરમાં દારૂની બોટલ અને બંદૂક લઈ ધાબુ માથે લીધું હતું. આ નબીરાઓ આટલેથી નહોતા અટક્યા, તેમણે તેમની આ નફ્ફટાઈનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં અપલોડ કર્યો હતો. વીડિયો વાઈરલ થતાં દારૂબંધીના લીરેલીરા ઊડ્યા હતા. પોલીસની કામગીરી સામે સવાલ ઊઠતાં અમદાવાદ પોલીસે 4 આરોપીની ધરપકડ કરી છે તો નડિયાદ પોલીસે યુવકની અટકાયત કરી તેની પાસે માફી ગાવી હતી. સોશિયલ મીડિયામાં ઉત્તરાયણના દિવસનો એક વીડિયો વાઈરલ થયો હતો. આ વીડિયોમાં ચાર યુવકો હાથમાં દારૂની બોટલ સાથે ડીજેના તાલે ઝૂમી રહ્યા હતા. નબીરાઓએ આ વીડિયો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો હતો, જે બાદ વીડિયો વાઈરલ થયો હતો. વીડિયો વેજલપુરમાં નામે વાઈરલ થતાં વેજલપુર પોલીસે તપાસ શરૂ કરી હતી. ત્યારે આ વીડિયો આનંદનગર પોલીસ સ્ટેશનની હદનો હોવાનું સામે આવ્યું હતું.

# ગુજરાતને 'ઉડતા પંજાબ' બનતું અટકાવવા સુરતમાં કોંગ્રેસની મહારેલી : ડ્રગ્સનો મુદ્દો વિધાનસભામાં ગુંજશે

**ગાંધીનગર, તા.17**

ગુજરાતમાં દિન-પ્રતિદિન વકરી રહેલા ડ્રગ્સ અને દારૂના કારોબાર સામે આજે સુરત શહેર કોંગ્રેસ, ગુજરાત યુથ કોંગ્રેસ અને NSUI દ્વારા એક વિશાળ મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વનિતા વિશ્રામ ગ્રાઉન્ડથી સુરત પોલીસ કમિશનર કચેરી (1.5 KM) સુધી યોજાયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને દિગ્ગજ નેતાઓ જોડાયા હતા અને યુવાધનને બચાવવા માટે કડક કાર્યવાહીની માગ કરી હતી. રેલી દરમિયાન



નેતાઓએ ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી કે સુરત સહિત રાજ્યભરની કોલેજો અને શૈક્ષણિક વિસ્તારો હવે ડ્રગ્સ પેડલરોના સોફ્ટ ટાર્ગેટ બની ગયા છે. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થઈ રહેલા આ ચેડાં રોકવા માટે 'તાત્કાલિક અસરથી ડ્રગ્સ અને દારૂના અડ્ડાઓ બંધ કરાવવા' આવે તેવી ઉગ્ર માંગ ઉઠી હતી. રેલીમાં ખાસ ઉપસ્થિત રહેલા ધારાસભ્ય અને વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરીએ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આંકડા મુજબ ગુજરાતમાં 21 લાખથી વધુ લોકો ડ્રગ્સના આદિ બની ગયા છે, જેમાં 2 લાખ જેટલી મહિલાઓનો પણ સમાવેશ થાય છે. તાલુકા કક્ષાની કોલેજ હોય કે મોટા શહેરોની યુનિવર્સિટી, દરેક કેમ્પસની બહાર ખુલ્લેઆમ નશાનું વેચાણ થઈ રહ્યું છે. જો આ નહીં અટકે તો ગુજરાતની હાલત પણ 'ઉડતા પંજાબ' જેવી થઈ જશે. અવારનવાર પોર્ટ પરથી કરોડોનું ડ્રગ્સ પકડાય છે, પરંતુ ડ્રગ્સ મોકલનાર કે મંગાવનાર મોટા માથાઓ ક્યારેય પકડાતા નથી. કોંગ્રેસ નેતાઓએ સ્પષ્ટ કર્યું હતું કે, આ માત્ર રસ્તા પરની લડાઈ નથી. આવતા મહિનાથી શરૂ થઈ રહેલા વિધાનસભા સત્રમાં પણ ડ્રગ્સના આ ગંભીર મુદ્દે સરકારને ઘેરવામાં આવશે અને જવાબ માંગવામાં આવશે. મુખ્ય માંગણીઓમાં યુવાધનને નશાની જંજીરમાંથી મુક્ત કરી સ્વસ્થ સમાજનું નિર્માણ કરવું, સ્કૂલ-કોલેજોની આસપાસના ડ્રગ્સ નેટવર્કને નેસ્તનાબૂદ કરવું અને ડ્રગ્સના મોટા સપ્લાયરો અને પોર્ટ ઓપરેટરો સામે કડક તપાસ કરવી.

# ભાડાની ઓરડીમાં ચાલતા જુગારધામ પર દરોડો : ગાંધીનગર સેક્ટર-15ના ફતેપુરા વિસ્તારમાં જુગાર રમી રહેલા 10 શખસો ઝડપાયા

**અમદાવાદ, તા.17**

ગાંધીનગરના સેક્ટર-15 વિસ્તારમાં આવેલા ફતેપુરામાં પૂર્વ બાતમીના આધારે પોલીસ દ્વારા દરોડો પાડી જાહેરમાં ગંજીપાના વડે હારજીતનો જુગાર રમતા 10 શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. પકડાયેલા તમામ શખ્સો સેક્ટર-15 ના અલગ-અલગ મકાનોમાં ભાડેથી રહેતા હોવાનું સામે આવ્યું છે. આ અંગે સેક્ટર 7 પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર સેક્ટર-7 પોલીસ સ્ટેશનનો સર્લેવન્સ સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો, ત્યારે ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે ફતેપુરામાં ગગાજી શીવાજી ઠાકોરની ભાડાની ઓરડી આગળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે સમગ્ર જગ્યાને કોર્ડન કરી દરોડો પાડી 10 ઈસમોને ગંજીપાના અને રોકડ રકમ સાથે પકડી પાડ્યા હતા. જેમની પૂછતાછમાં જુગારીઓના નામ કુલદિપસીંગ મહેન્દ્રસીંગ ગૌતમ,ભગતસીંગ રામનારાયણ કોળી, બ્રજલાલ જીયાલાલ રાય ,મોનુ રામઓતાર દોહરે,સુનીલકુમાર શ્રીબાબુરામ કોરી,દયાલ મુંગાલાલ વર્મા, ગજેન્દ્ર જોલીપ્રસાદ જાટવ,કમલેશ બ્રિજમોહન વર્મા ,અનિલસિંહ રામસનેહી કોરી અને જીતેન્દ્ર રામસર્નહી કોરી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપીઓની અંગઝડતી દરમિયાન મળી આવેલા રૂ.8630 અને દાવ પરથી રૂ 1540 રોકડા તેમજ ગંજીપાના મળીને રૂ,10,170 નો મુદ્દામાલ જપ્ત કરી તમામની જુગારધારા હેઠળ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોળી યુવક હુમલા કેસમાં SIT સમક્ષ બંને PI હાજર

**અમદાવાદ, તા.17**

ભાવનગર શહેર સહિત સમગ્ર ગુજરાતમાં ચર્ચાસ્પદ બનેલા બગદાણાના કોળી યુવાન નવનીત બાલધિયા પર થયેલા હુમલા કેસની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ સમક્ષ આજે મહિલા પીઆઈ ડી.વી. ડાંગર અને પીઆઈ કે.એસ. પટેલ જવાબ લખાવવા હાજર થયા છે. મહિલા પીઆઈ જે કિઆ કારમાં સવાર થઈને આવ્યા હતા તેમાં એકપણ નંબર પ્લેટ જોવા મળી ન હતી. SIT દ્વારા ડી.વી. ડાંગર અને અન્ય પીઆઈ કે.એસ. પટેલને ચાર દિવસ પહેલા હાજર થવા આદેશ કર્યો હતો. નવનીત બાલધિયા પર થયેલા હુમલા કેસમાં અત્યાર સુધીમાં કુલ 10 આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. તા.12 જાન્યુઆરીના રોજ સમન્સ આપવામાં આવ્યું હતું અને તા.17 જાન્યુઆરીના રોજ બપોર 12 સુધીમાં હાજર થવાના આદેશ આપવામાં આવ્યા હતો ત્યારે 12:30 વાગે PI ડી.વી.ડાંગર SIT સમક્ષ પોતાનો જવાબ લખવાવ આવી પહોંચ્યા હતા.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




